


ભાગ-૭

# સંસ્કૃતિની રસધાર

પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૫૯

# સંસ્કૃતિની રસધાર

## ભાગ-૧

સંસ્કૃતિના સંદેશવાહક ૧૩ પ્રસંગો

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

**પ્રકાશન-નિમિત્ત**
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

**લેખક પરિચય**
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


નામ : **સંસ્કૃતિની રસધાર**
**ભાગ-૧**
**Sanskruti's Rasdhar**
**Part-1**

પ્રકાશન : વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

સાહિત્યસેવા : ૪૦-૦૦

પૃષ્ઠ : ૮ + ૧૨૦

પ્રતિ : ૨૦૦૦



મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત.(મો.) 9376770777**



**પ્રાપ્તિસ્થાન**
**(૧) જિતેન્દ્ર જ્વેલર્સ** ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
**(3) ગૂર્જર પ્રકાશન** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
**(૪) પ્રવચન શ્રુતતીર્થ** વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



ઓળખ

સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.

**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**

કારણ ? એમના હાથમાં જાદુ છે.

**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**

ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,

**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**

નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.

**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**

કોઈને જોઈને પાણી પાણી થયા નથી.

**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**

મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,

**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**

તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,

**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**

એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને

**દેવના દીકરા જેવા બતાવનારા કે**

એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને

**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**

એમની કલમ અલગ તરી આવે છે.

**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**

નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,

**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**

આવી અઢળક કૃતિઓથી તેઓએ

**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**

'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'

**કવિના આ શબ્દો મુજબ**

સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.

**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**

**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

## લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઈ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઈ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઈ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઈ જોગાણી - મુંબઈ
- શ્રીમતી સોનલબેન કેતનભાઈ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઈ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઈ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઈ સરકાર - મુંબઈ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઈ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઈ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઈ શાહ - મુંબઈ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઈ
- શ્રીમતી મમતાબેન લલિતભાઈ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઈ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઈ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઈ પૌષધશાળાના આરાધક ભાઈઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઈ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઈ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઈન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઈન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સાત્ત્વિકતાનો સ્વામી કેવો હોય ? | ૧ |
| ૨ | વેરની વસૂલાત હત્યા નહિ, હેત દ્વારા | ૯ |
| ૩ | ગજબની ગુણાનુભૂતિ | ૨૫ |
| ૪ | વીણાના તાર દ્વારા વેરની વસૂલાત | ૩૫ |
| ૫ | સત્ય અને સત્તા વચ્ચે સંઘર્ષ | ૪૮ |
| ૬ | ખાનદાનીનો ખજાનો | ૫૭ |
| ૭ | નકલના નેજાની અણનમતા કાજે | ૬૭ |
| ૮ | અંગ્રેજી-સલ્તનતની સામે સંગ્રામ | ૭૪ |
| ૯ | હેતની હેલી ને હિતની બેલી માતા કેવી હોય છે ? | ૮૦ |
| ૧૦ | સૂર્ય જ્યાં હાર્યો, દીવડો ત્યાં જીત્યો | ૮૭ |
| ૧૧ | મારવાડની મનોરથ-પૂર્તિ અધૂરી જ રહી | ૯૩ |
| ૧૨ | યોગશક્તિનો પ્રત્યક્ષ પરચો | ૧૦૩ |
| ૧૩ | સબળાથી સવાઈ અબળા | ૧૧૦ |

# સાત્ત્વિકતાનો સ્વામી કેવો હોય ?

## ૧

રાજ-રજવાડાં અને ઠાકોર-દરબારોનો એ યુગ હતો. વંશપરંપરાગત રાજ-તેજની ચમક-દમક એ વખતે જોકે ગવર્નર અને પોલિટિક્સ જેવી સૂર્ય સમી ભાસતી સત્તા સમક્ષ જરાક ઝાંખી જણાતી હતી, પણ એનાં તેજ સાવ જ ઓલવાઈ ગયાં ન હતાં, છતાં ઘણા જ્યારે આવી સત્તાના તેજથી અંજાઈ જતા હતા, ત્યારે થોડાક પણ એવા વિરલા હતા કે, જેના લોહીમાં વંશપરંપરાગત ખુમારી અને ખમીરીના સંસ્કારો ઠીક ઠીક અંશે જળવાયા હતા, અને ઝળકતા જોવા મળતા હતા. આવા જ એક દરબાર તરીકે ત્યારે ગોપાલદાસનાં નામકામ એકી અવાજે વખણાતાં હતાં.

સૌરાષ્ટ્રમાં આવેલ ઢસા અને રાય સાંકળી આ બે ગામોનું નામ એ વખતે ઠીક ઠીક સુપ્રસિદ્ધ હતું. આ કંઈ બહુ મોટાં શહેર કે નગર ન હતાં, પણ દરબાર ગોપાલદાસના ખમીરીભર્યા વ્યક્તિત્વને કારણે દરબારના નામની સાથે આ બે ગામનાં નામ પણ ચોમેર ગવાતાં થયાં હતાં. આ બે ગામોનો વહીવટ તેઓ એવી સુંદર રીતે કરતા કે, પ્રજા એમને પિતાની જેમ ચાહતી અને દરબાર પણ પ્રજાનું પુત્રની જેમ લાલન-પાલન કરતા. દરબારના જીવનના આકાશે સૂર્ય અને ચંદ્રની જેમ ચમકતા બે ગુણો સવિશેષ પ્રખ્યાત હતા. સાદાઈ અને સાત્ત્વિકતાના કારણે એ વખતના અનેક દરબારોમાં ગોપાલદાસ સાવ જુદા જ તરવરી આવતા.

એ વખતે ગવર્નર અને પોલિટિક્સ જેવી રાજ્યવ્યવસ્થા વ્યાપક બની રહી હતી, ત્યારનાં રાજ-રજવાડાંઓ અને ઠાકોર-દરબારો પાસે કોઈ ચીજની કમીના ન હતી, પણ અરસપરસની ઈર્ષ્યા, સંપનો અભાવ અને પરદેશીઓની ભેદી ચાલને સમજી ન શકતું ભોળપણ, આવી કેટલીક ત્રુટિઓના કારણે ગવર્નર અને પોલિટિક્સની સત્તાનાં તેજ એમને આંજી નાંખવામાં સફળ બની રહ્યાં હતાં. ભારતમાં વધુ ને વધુ પ્રભાવ જમાવવાના એક ભેદી વ્યૂહ રૂપે એ ગવર્નરો મોટાં શહેરોમાં 'મિલન-સમારોહ' જેવું આયોજન ગોઠવીને આસપાસનાં અનેક રાજ-રજવાડાંઓને એમાં ભાગ લેવાનું નિમંત્રણ પાઠવતા. જેમને આવું નિમંત્રણ મળતું, એઓ પોતાને ભાગ્યશાળી સમજીને સામેથી ગવર્નરને મળવા જવા દ્વારા પરદેશી સત્તાને મહત્ત્વ આપીને પોતાનું ગૌરવ ઘટાડતા. આમ, પરદેશી સત્તા પોતાના પગ પર નહિ, પણ આ જ દેશના રાજ-રજવાડાંઓ તરફથી મળતા મહત્ત્વને કારણે બદ્ધમૂલ બનીને ફેલાવો પામી રહી હતી.

મુંબઈના ગવર્નર તરીકે ત્યારે લોર્ડ વિલિંગ્ડન અને લેડી વિલિંગ્ડનનો સત્તા-સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. પ્રજા ઉપરાંત રાજા જેવું વ્યક્તિત્વ ધરાવનારાઓ પણ એમના તેજથી અંજાઈ જતા હતા. એમાં પણ જ્યારે ગવર્નર તરફથી કોઈ પ્રસંગે હાજર રહેવા માટે આમંત્રણ મળતું, ત્યારે તો જાણે રાજ-રજવાડાં કે દરબારના આંગણે મહોત્સવ મંડાઈ જવા જેવી ખુશાલી ફેલાઈ જતી.

મુંબઈના એ ગવર્નર એક વાર સૌરાષ્ટ્રની સફરે નીકળ્યા. રાજકોટ ખાતે 'મિલન-સમારોહ' જેવું આયોજન કરીને એમણે સૌરાષ્ટ્રનાં નાનાંમોટાં રાજ-રજવાડાં અને દરબારોને એમાં આવવાનું આમંત્રણ પાઠવ્યું. આવું આમંત્રણ મળતાં જ ગામેગામ મહોત્સવ મંડાયા હોય એવી ખુશાલીનો ખજાનો લૂંટાવા માંડ્યો. ઘણા ઘણા રાજવીઓએ

રાજકોટમાં યોજાયેલા પ્રસંગે હાજરી આપવાનું નક્કી કરી લઈને પોતપોતાનો વધુ વટ વડે, એ માટે સારામાં સારો અને મોંઘામાં મોંઘો પહેરવેશ તૈયાર કરવાનો હુકમ પણ આપી દીધો. જાણે કોઈ મોટા મેળામાં મહાલવા નીકળવાનું હોય, એવી તડામાર તૈયારીઓ સંપૂર્ણ સૌરાષ્ટ્રમાં ચાલવા માંડી.

બીજા બધાની જેમ લીંબડી-દરબારને પણ ગવર્નરનું આમંત્રણ મળ્યું હતું. એમણે સારામાં સારો પહેરવેશ પહેરીને જવાનું નક્કી કરીને તરત જ ઢસાના દરબાર ગોપાલદાસને કહેવડાવ્યું કે, ગવર્નરનું આમંત્રણ તમારી પર પણ આવ્યું જ હશે ? અને એમાં હાજરી આપવાનું તમે નક્કી કર્યું જ હશે ? હું એમ ઇચ્છું છું કે, સાદાઈના સ્નેહી હોવા છતાં તમે આવા અવસરે સારામાં સારો પહેરવેશ પહેરીને આવવાનું રાખશો, જેથી બરાબર વટ પડે અને ઢસા રાયસાંકળી તરફ કોઈને આંગળી ચીંધવા જેવું ન રહે.

લીંબડી દરબારને એવી ખાતરી હતી કે, પોતાની આ વાત ગોપાલદાસના ગળે નહિ જ ઊતરે. ગમે તેવો મોટો પ્રસંગ હોય, તો પણ ગોપાલદાસનો પહેરવેશ સાદો જ જોવા મળતો. આ એમની મજબૂરી નહોતી, પણ સિદ્ધાંત સાચવવા કાજે જરૂરી આ તો એમની મનની મક્કમતા હતી. એથી જે જવાબ આવ્યો, એથી લીંબડી દરબારને ઝાઝું આશ્ચર્ય ન થયું. છતાં એમણે આ પ્રસંગનું મહત્ત્વ દર્શાવીને સિદ્ધાંતમાં થોડીક બાંધછોડ કરવાની વિનંતી જ્યારે દોહરાવી, ત્યારે ગોપાલદાસની સાત્ત્વિકતા છાની ન રહી શકી. એમણે કહેવરાવ્યું કે, આપણે રાજરજવાડાં થઈને આ રીતે પરદેશી સત્તા સામે પાણી પાણી થઈ જઈશું, તો કાલ ઊઠીને બાપદાદાઓથી ચાલ્યો આવતો રાજ્યનો વારસો પણ ખોઈ નાંખવાનો અવસર આવશે. સિદ્ધાંત સાથે બાંધછોડ કરવી જ પડે, એવી કોઈ મહાસત્તાનું નિમંત્રણ મળ્યું હોય, એમ માનવા હું હરગિજ તૈયાર નથી, આનો અર્થ એવો પણ નથી કે, સાદો પહેરવેશ

પહેરીને પણ હું એ પ્રસંગે ઉપસ્થિત રહેવા માગતો નથી. ગવર્નર પાસેની સત્તાને હું ભડકો માનું છું. આપણી પાસેની સત્તા સૂર્યસમી છે. માટે આટલા બધા અંજાઈ જવાની જરાય જરૂર નથી.

લીંબડી-દરબારને હવે તો કંઈ જ કહેવા જેવું ન રહ્યું. આ સલાહને પચાવવી એમના માટે ગજા બહારની વાત હતી. એથી એમણે તો પોતાની રીતનો પહેરવેશ બનાવવાની પ્રક્રિયા ચાલુ જ રાખી. નક્કી થયેલો એ દિવસ આવતાં જ અનેક રાજવીઓ રાજકોટ પહોંચી ગયા. એક મોટા મેદાનમાં 'મિલન સમારોહ' યોજાયો હતો. જાતજાત અને ભાતભાતના પહેરવેશોનું જાણે પ્રદર્શન જ ન યોજાયું હોય, એવા માહોલમાં મહાલતા બધાની આંખમાં એક માત્ર ગોપાલદાસ જ કણાની જેમ ખૂંચતા હતા, કારણ કે એમની કાયા સાવ સાદા પહેરવેશથી આચ્છાદિત હતી. એથી બધાની આંખ એમની પર એવી રીતે મંડાતી હતી કે, જાણે એમનાથી કોઈ મોટો ગુનો થઈ જવા પામ્યો હોય !

પોતપોતાનો પહેરવેશ જોઈને જ ગર્વિષ્ઠતાની અનુભૂતિ કરનારા સૌને એમ થઈ આવતું કે, આજે જરૂર ગવર્નરના ગુસ્સાનો ભોગ આ ગોપાલદાસ બન્યા વિના નહિ જ રહે. આવા સાદા વેશમાં ગવર્નરને મળવા જવું, એ તો ગવર્નરનું અપમાન જ ગણાય ને ?

'મિલન સમારોહ'ને માણવા હકડેઠઠ માનવમેદની ઊભરાઈ હતી. સૌની નજર સૌ પ્રથમ 'લોર્ડ-લેડી' પર સ્થિર થતી અને ત્યાર બાદ સૌની નજરને સ્થિર થવાનું એક માત્ર કેન્દ્ર હતું : રાજાઓનો ભભકાદાર પોશાક અને રંગબેરંગી પહેરવેશ ! પોશાક અને પહેરવેશોના પ્રદર્શનમાં જ જાણે મહાલવા મળી રહ્યું હોય, એ રીતે પ્રજા પ્રસન્નતા અનુભવી રહી હતી, તો આવા પ્રદર્શનમાં પ્રતિષ્ઠિત પાત્રો તરીકે રાજા ખુશખુશાલ હતા. એક પછી એક રાજવીનાં નામ જાહેર થતાં અને અનેરા ઠાઠ-ઠસ્સા સાથે એ રાજવી ગવર્નર સમક્ષ હાજર થતા, ઔપચારિક મુલાકાત આપીને ગવર્નર બીજી જ પળે એ રાજવીને વિદાય આપતા, પછી

બીજા રાજવીનો ક્રમ આવતો આમ, એક પછી એક નામ બોલાતાં ગયાં અને રાજવીઓ ગવર્નરને મળીમળીને પોતપોતાનું આસન પુનઃ ગ્રહણ કરતા ગયા. એટલામાં દરબાર ગોપાલદાસનું નામ પોકારાયું અને એ સાવધ થઈ ગયા. બધાને તો એમ જ હતું કે, સાવ સાદો વેશ પહેરીને આવનાર આ ગોપાલદાસ આજે ગવર્નરની ક્રૂર નજરનો ભોગ બન્યા વિના નહિ જ રહે.

સૌ તરેહતરેહની કલ્પના કરી રહ્યા હતા, પણ સૌની ધારણા જાણે ધૂળમાં મળી ગઈ. સાવ સાદા વેશમાં આવેલ ગોપાલદાસને જોઈને જ ગવર્નરને નવાઈ લાગી, એમને આ અનોખા માનવીની સાથે ઔપચારિકતા જ નહિ, આત્મીયતા બાંધવાનું મન થયું. એથી ગોપાલદાસના હાથમાં હાથ મિલાવી એમણે બે-ચાર મિનિટ સુધી મુલાકાત લંબાવી. આ જોઈને સૌ કોઈના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ગોપાલદાસ કંઈ મોટા રાજવી ન હતા, છતાં ગવર્નરને એ મોટા જણાયા. એમણે દરબારને આમંત્રણ આપતાં કહ્યું કે, સાંજે ચા-પાણી માટેનું મારું આમંત્રણ તમારે સ્વીકારવું જ પડશે.

ગવર્નરની સમક્ષ વિનયને જરા પણ ચૂક્યા વિના આ આમંત્રણનો અસ્વીકાર કરતાં ગોપાલદાસે કહ્યું કે, આ આમંત્રણને સ્વીકારવા માટેની યોગ્યતા મારામાં નથી, હું છેલ્લા વર્ગમાં આવું, પહેલા બીજા અને ત્રીજા વર્ગમાં સ્થાન ધરાવતા રાજવીઓ જ આવું આમંત્રણ સ્વીકારે, એ યોગ્ય ગણાય ! એ સમયની રીત-રસમ મુજબ રાજ-રજવાડાંઓમાં પણ વર્ગ મુજબ વિભાજન હતું. પૃથ્વી, પદ, પ્રતિષ્ઠા મુજબ પ્રથમના ત્રણ તરીકે સ્થાન પામેલાં રજવાડાંઓને જ આવું આમંત્રણ આપી શકાતું અને તેઓ જ એને સ્વીકારી શકતા. એથી આવો મર્યાદાભંગ કરીને તેઓ રાજરજવાડાંઓ માટે વધુ ઈર્ષારૂપ બનવા માંગતા નહોતા. મર્યાદા અંગે રજૂ થયેલી આ વાત સાવ સાચી હોવા છતાં ગવર્નરની આંખમાં ગોપાલદાસની સાદાઈનો ગુણ એટલા બધા પ્રમાણમાં વસી ગયો હતો

કે, તેઓ પ્રણાલિકાની ઉપરવટ જઈને પણ ગોપાલદાસની મહેમાનગીરી કરવા માંગતા હતા. એમની ઇચ્છાને કોઈ પ્રણાલિકા કે મર્યાદા રૂંધી શકવા સમર્થ નહોતી. એમણે વળતી જ પળે વધુ વિચાર કરવા થોભ્યા વિના કહ્યું કે, ગોપાલદાસ ! તો તો બધાં રાજ-રજવાડાંઓને આમંત્રણ આપવા હું તૈયાર છું. પણ તમારે તો આ આમંત્રણ સ્વીકારવું જ પડશે. વધુમાં ચા-પાણી પૂરતા આ આમંત્રણને હું ભોજનના આમંત્રણમાં વિસ્તારું છું. તમારી મહેમાનગતિનો લાભ મેળવવા બીજું પણ કંઈ કરવું જરૂરી હોય, તો તે કરવાની મારી તૈયારી છે.

મિલન-સમારોહ દરમિયાન ગવર્નરે ગોપાલદાસની સાથે ઔપચારિકતાથી આગળ વધીને જે રીતે મુલાકાતમાં સમય ગાળ્યો, એ જોઈને સૌ આશ્ચર્યચકિત હતા, સમારોહ પૂર્ણ થતાં જ્યારે ગવર્નર તરફથી બધા જ રાજવીઓને સાયં-ભોજન માટે આમંત્રવામાં આવ્યા, ત્યારે તો સૌના આશ્ચર્યનો કોઈ આરો-ઓવારો જ ન રહ્યો. પરંતુ આમાં નિમિત્ત બનનારા પ્રેરક-પરિબળ તરીકે જ્યારે સૌને દરબાર ગોપાલદાસનું નામ જાણવા મળ્યું, ત્યારે તો એ આશ્ચર્ય નિરવધિ બનીને વિસ્તરતું જ ગયું. સૌની ધારણાને ધૂળમાં મેળવી દેતું સાદાઈ અને સિદ્ધાંતનું સામર્થ્ય એ દહાડે ઘણાંબધાંને પ્રથમ વાર જ નિહાળવા મળ્યું.

સિદ્ધાંતમાં સુસ્થિર અને સાદગીના સ્નેહી ગોપાલદાસ દરબારની સાત્ત્વિકતાનો બીજો એક કિસ્સો પણ જાણવા જેવો છે.

ગવર્નરના હોદ્દાની જેમ પ્રાંતના પોલિટિકલ એજન્ટનો હોદ્દો પણ ત્યારે મહત્ત્વનો ગણાતો. પોલિટિકલ એજન્ટ જ્યારે કોઈ ગામની મુલાકાતે આવે, ત્યારે રાજ્ય તરફથી બધી સરભરા-વ્યવસ્થા થતી. ગામના દરબારને પણ નજરાણું ધરવા ઉપસ્થિત રહીને એ એજન્ટનું માન જાળવવું પડતું. એક વાર પોલિટિકલ એજન્ટને ઢસાની મુલાકાતે આવવાનો કાર્યક્રમ નક્કી થયો. આ રીતે પરદેશી સત્તાની આરતી ઉતારવાનું પસંદ ન હોવા છતાં ચાલી આવતી રીતરસમ મુજબ દરબાર

ગોપાલદાસને માટે એજન્ટના સ્વાગતમાં હાજરી આપવી અનિવાર્ય થઈ હતી. અગાઉથી કાર્યક્રમની જાણ કરતો લેખિત-પત્ર આવી ગયો હોવાથી બરાબર દસ વાગ્યે જ્યાં ઉતારાની વ્યવસ્થા ગોઠવાઈ હતી, ત્યાં ગોપાલદાસ હાજર થઈ ગયા. આખું ગામ બધા જ કામ-ધંધા મૂકી દઈને એજન્ટને આવકાર આપવા કુતૂહલથી ઊમટ્યું હતું. એની આગેવાની ગોપાલદાસે લીધી હતી. એજન્ટ બરાબર દસ વાગ્યે આવવાના હતા, એથી સવા દસ વાગ્યા સુધી રાહ જોવા છતાં એજન્ટના આગમનનો કોઈ જ અણસાર પણ જોવા ન મળ્યો, ત્યારે ગોપાલદાસે ગ્રામજનોને પોતપોતાના કામમાં જોડાઈ જવાનું સૂચવ્યું અને પોતે પણ રાજદરબારમાં પહોંચી ગયા.

મેળાની જેમ જ્યાં મેદની ઊભરાઈ હતી, એ ઢસાનું પાદર ગોપાલદાસની સૂચના મુજબ લોકો કામધંધે જોડાઈ જતાં સાવ નિર્જન જેવું જણાવા માંડ્યું. પોલિટિકલ એજન્ટને કોઈ કારણસર આવવામાં વિલંબ થયો હતો, એથી દસના બદલે અગિયાર વાગે એમનું આગમન શક્ય બન્યું. નિરધારિત સમય કરતાં મોડું થયું હોવા છતાં પોલિટિકલ એજન્ટ તો એવી જ ધારણામાં રાચતા હતા કે મોડું થવાથી ગામલોકો વધુ મોટા પ્રમાણમાં ઊમટ્યા હશે અને દરબાર ગોપાલદાસ તો કાગડોળે મારી પ્રતીક્ષા કરી જ રહ્યા હશે ! આના બદલે સાવ સૂનસામ વાતાવરણ જોઈને પોલિટિકલ એજન્ટને પોતાનું અપમાન થયાનો આભાસ થતાં ગુસ્સાથી આંખો લાલચોળ બની ગઈ. ઉતારે આવતાંની સાથે જ ક્રોધથી ધૂંઆપૂંઆ થતા એમણે દરબાર પર એવો આજ્ઞાપત્ર પાઠવ્યો કે, સ્વાગત માટે જાણી જોઈને હાજર ન રહેવા દ્વારા તમે અપમાન કર્યું છે, માટે આનો ખુલાસો કરવા તરત જ રૂબરૂ હાજર થઈ જશો.

પોલિટિકલ એજન્ટના પત્ર પાછળ ભભૂકી રહેલી અગન-જ્વાળાઓથી જરાય ડર્યા વિના દરબાર તરીકેની સાત્ત્વિકતાને અનુરૂપ જવાબ વાળતાં ગોપાલદાસે લખ્યું કે, પોલિટિકલ એજન્ટ તરીકેની

આગતા-સ્વાગતા કરવા આખા ગામની સાથે હું પણ ઉપસ્થિત રહ્યો હતો, એથી જાણીજોઈને અપમાન કરવાનો આરોપ ટકી શકે એમ નથી. એજન્ટ તરીકે સમયસર આપ પધાર્યા હોત, તો આવી કોઈ કલ્પનાને અવકાશ જ ન રહેત. સવા દસ વાગ્યા સુધી આપના આવવાનો અણસાર પણ ન કળાયો, ત્યારે જ ગામલોકોને કામધંધે વળગવા જવાનું સૂચવીને હું પાછો ફર્યો. આપને અપમાન જેવું લાગ્યું, એ માટે હું કે ગામ જરાય દોષિત નથી જ, એટલી નોંધ લેશો.

પોલિટિકલ એજન્ટને તો એમ જ થતું હતું કે, મારો પત્ર પહોંચતાં જ દરબાર મારા પગ પકડવા દોડ્યા આવશે. પણ જ્યાં સાત્ત્વિકતાના સિંહનાદ સમો આ પત્રોત્તર એમના હાથમાં પહોંચ્યો ત્યાં જ એમનો ગુસ્સો ગાયબ થઈ ગયો. વાતને વધુ વળ ચડાવવામાં ડહાપણ નહોતું. વહેલી તકે ડેરા-તંબુ ઉઠાવીને આગળ જવામાં સાર સમજીને પોલિટિકલ એજન્ટે કાર્યક્રમને સમેટી લીધો.

મોટી સત્તાના સ્વામી ન હોવા છતાં દરબાર ગોપાલદાસને સમગ્ર સૌરાષ્ટ્ર આજેય ભૂલી શક્યું નથી, એ એમની આવી સાત્ત્વિકતાને જ આભારી ન ગણાય શું ?

## વેરની વસૂલાત હત્યા નહિ, હેત દ્વારા

## ૨

જર, જમીન અને જોરુ, આ ત્રણે કજિયાના છોરુ ! આ કહેવતમાં માત્ર 'જોરુ અને છોરુ'નો અનુપ્રાસ જ નથી રચાયો કે સચવાયો. આની પાછળ તો અનાદિ ઇતિહાસ છુપાયો છે અને યુગ યુગ પછીના અનંત ભાવિકાળનો અહેસાસ કરાવવા પણ આ કહેવત સમર્થ છે. જગતભરમાં જે પણ યુદ્ધો ખેલાયાં અને ભાવિમાં જે પણ સંગ્રામો ખેલાશે, એના મૂળમાં ઓછાવત્તા અંશે ચિનગારી ચાંપનારાં તત્ત્વો આ ત્રણ જ જોવા મળશે. એ યુદ્ધમાં કાં સંપત્તિ નિમિત્ત બની હશે, કાં જમીન એ સંગ્રામમાં સુરંગ ચાંપનાર હશે, કાં સ્ત્રીને નિમિત્ત બનાવીને ભડકી ઊઠેલી વેર-ઝેરની એ અગનજ્વાળાઓએ કેટલાયને ભડથું કરી નાખ્યા હશે.

જ્યાં જ્યાં રાજ્યસત્તા, ત્યાં ત્યાં યુદ્ધ, દાવપેચ અને કાવાદાવા ! આ જાતની સંભાવના અવશ્યંભાવિ ગણાય, એથી કચ્છનો ઇતિહાસ તો કઈ રીતે આ બધાથી મુક્ત રહી શકે ? કચ્છમાં મહારાવ હમીર અને મહારાવ લાખાજી આ બંને ભાઈઓનો સત્તાસૂર્ય ઝગારા મારતો તપી રહ્યો હતો. એમાં બંને વચ્ચેની સ્પર્ધામાં કોઈ ગોઝારી પળે ઈર્ષા ભળતાં, ધીમે ધીમે ભાઈની સગાઈ ભુલાતી ચાલી અને લડાઈ જેવું વાતાવરણ સરજાતું ગયું. અને આનો જે વિપાક આવવો અશક્ય-અસંભવિત ન જ ગણાય, એ વિપાક અંતે આવીને જ રહ્યો. એકબીજાને ખતમ કરવા

માટેના ઝનૂન સાથેની એ ઝપાઝપીમાં એક દહાડો બંને હોમાઈ ગયા.

યુદ્ધ કદી યુદ્ધના માધ્યમે શાંત કરી શકાતું નથી. નાના કે મોટા યુદ્ધના અંતે વિજય અથવા હારનો નતીજો તો આવે જ. પણ આવો નતીજોય યુદ્ધની જ્વાળાને શાંત કરી શકતો નથી. વિજયી બનેલા માટે એ યુદ્ધ વધુ લાભ-લોભનું પ્રેરક બની જતું હોય છે અને હારેલા માટે એ યુદ્ધ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે બદલો લેવાની અગન-પિપાસા પેદા કર્યા વિના નથી રહેતું.

હમીર અને લાખાજી વચ્ચે ખેલાયેલું યુદ્ધ બંનેને ખતમ કરી દઈને પણ ન જ જંપ્યું. વેર-વિરોધની વણઝાર વારસામાં છોડી જનારા એ બંનેના પુત્રોએ પણ એવું જ વિચિત્ર વલણ અપનાવ્યું કે, યુદ્ધનો એ દાવાનલ શાંત જ ન થઈ શકે ! આમ જો જોવા જઈએ, તો હમીર અને લાખાજી બંને યુદ્ધમાં હોમાઈ ગયા હોવાથી એ યુદ્ધની વેદી પર હવે વધુ લોહી રેડવાનું ચાલુ રાખવું જરાય જરૂરી ન હતું. પરંતુ ઈર્ષાની આગમાંથી ચગેલા એ સંગ્રામમાં હવે વેરની વસૂલાત લેવાનું ખુન્નસ પણ ભળ્યું. એથી હમીરના પુત્ર ખેંગાર અને લાખાજીના પુત્ર રાવળ બંને એકબીજાને હંફાવવા મેદાને પડ્યા. ખેંગારના ખૂનમાં તો એ જાતનું ખુન્નસ ઉછાળા મારવા માંડ્યું કે, ગમે તે રીતે રાવળને દેશનિકાલ કર્યા વિના જંપું નહિ, અને કચ્છમાં બિનહરીફ સત્તા મેળવીને જ સંતોષનો શ્વાસ લઉં.

ખેંગારને ખ્યાલ આવી ગયો કે, રાવળને કચ્છમાંથી ભગાડી મૂકવો, એ મારા માટે એકલપંડે શક્ય ન જ ગણાય. એથી મિત્ર-રાજ્યોની મદદ લઈને ખેંગારે રાવળની સામે એવો મોરચો માંડ્યો કે, જીવ બચાવવા અંતે રાવળને કચ્છમાંથી ભાગવું જ પડ્યું.

ભાઈ ભાઈ વચ્ચે જાગેલી એ લડાઈએ રાવળ માટે ખાનાખરાબી સર્જવામાં કંઈ જ બાકી ન રાખ્યું : કામણગારો કચ્છ છોડવો પડ્યો, ભાઈભાઈ જેવી ગણાતી સગાઈની, લડાઈની આગથી પલટાઈ જતી રાખ જોવાનો સમો આવ્યો. જામનગરનો રાજ્યાશ્રય મળતાં વાડના

આધારે વિસ્તાર પામતી જતી વેલની જેમ રાવળનું રાજ્ય પણ ધીમે ધીમે પાછું વિસ્તરવા માંડ્યું.

મહારાવ ખેંગારના હાથમાં સત્તાનાં સૂત્રો આવતાં એમણે પોતાની બધી જ શક્તિ કામે લગાડી દઈને રાજ્ય-વિસ્તાર કરવા માંડ્યો. ભુજ અને અંજાર જેવાં નવાં નગરોની સ્થાપના પાછળ રાત દિ'ના ભેદ ભૂલી જઈને એઓ મંડી પડ્યા. આ નવ્ય નગરીઓનું નિર્માણ ખૂબ ભવ્યતાપૂર્વક થઈ રહ્યું હતું. એથી કોઈ કથાની જેમ એની જ વાતો ચોતરફ ચર્ચાતી રહેવા માંડી.

જામનગરના આશ્રિત બન્યા બાદ રાવળને માટે તો શૂન્યમાંથી સૃષ્ટિ સરજવાની હતી. પણ જામ રાવળ પુણ્યના પૂરા હતા અને દિલથી દિલદાર હતા. એથી થોડાંક જ વર્ષોમાં હાલાર નામના પ્રદેશની સ્થાપના કરવામાં અને નવાનગરનું નિર્માણ કરવામાં એઓ સફળ થયા. હાલાર અને નવાનગરે જામ રાવળને એવી ખ્યાતિ આપી કે, હવે કચ્છ સ્વપ્નેય સાંભરે નહિ. પરંતુ ગમે તેમ તોય કચ્છ સાથે વતન તરીકેનો નાતો હતો, એથી કચ્છ કંઈ ભૂલી જવાય ખરું ?

ઘણીવાર જામ રાવળ એકલતામાં ખોવાઈ જતા, ત્યારે સાવ ભૂલાઈ ન ગયેલો એ ઈતિહાસ એમની સામે ખડો થઈ જતો અને એમનું હૈયું ઈર્ષાની આગથી ફરી જલી ઉઠતું. ત્યારે કચ્છ અને હાલારની સરખામણી કરતા એમની આંખમાં આંસુ છલકાઈ આવતા અને અંતરમાં આગ ભભૂકી ઉઠતી, ત્યારે એ જાતની વિચારધારા એમને વ્યગ્ર અને ઉગ્ર બનાવી જતી કે, મેં એક નવાનગરનું નિર્માણ કર્યું, તો ખેંગારે મારી સામે ભુજ અને અંજાર જેવી બે નવ્ય-નગરીઓનું નિર્માણ કરીને કેવી ભારે નામના-કામના મેળવી ! ખેંગારનો કીર્તિધ્વજ કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ લહેરાઈ રહ્યો છે અને મારાં ગીત તો હાલારમાંય ક્યાં *ગવાય છે ! એમ લાગે છે કે, ખેંગાર હેમખેમ રહેશે, ત્યાં સુધી મને જામ રાવળને કોઈ યાદ નહિ કરે.* માટે મારે સર્વત્ર ફેલાઈ જ જવું હોય,

તો એક એ જ ઉપાય છે કે, ખેંગાર ખતમ થઈ જાય, એવો કોઈ વ્યૂહ રચવો જોઈએ.

ખેંગારને ખતમ કરી નાખવાના ગોઝારા વિચારોએ જ્યાં મનનો કબજો લઈ લીધો, ત્યાં જામ રાવળના બધાં જ સુખ-ચેન હરામ થઈ ગયા. વાતે વાતે, પળે પળે અને સ્થળે સ્થળે એમને ખેંગારની જ જાહોજલાલી દેખાવા માંડી અને એની સરખામણીમાં પોતાની જાત જામ રાવળને સાવ જ દીનહીન અને ગરીબડી જેવી જણાવા માંડી. આનું દુષ્પરિણામ એ આવ્યું કે, ખાવા છતાં એમનું પેટ ભરાતું નહિ, પાણી પીવા છતાં એમની પ્યાસ બુઝાતી નહિ અને આની અવળી અસર સમગ્ર દેહ પર વરતાવા માંડી. દિવસે દિવસે દુબળો બનતો જતો એમનો દેહ જોઈને એમના અંગત એક અનુચરનું અંતર ઝાલ્યું ન રહ્યું. એનું નામ હીરજી હતું. વર્ષોથી એ સેવક તરીકે સમર્પિત હતો. કચ્છ છોડીને જામનગર આવવાનો સમો ઉપસ્થિત થયો, ત્યારે હીરજીએ પણ દુભાતા દિલે વતનભોમ સાથે બંધાયેલા સ્નેહના તાણાવાણાને એક જ ઝાટકે તોડી નાખીને જામ રાવળ સાથેની મૈત્રી નિભાવવાનો નક્કર નિર્ણય લઈ લેવા દ્વારા સેવક તરીકેની ટેકને અણનમ રાખી હતી.

સ્વામી તરીકે છત્રછાયા બક્ષતા રહેનારા જામ રાવળને એક દહાડો હીરજીએ સીધું જ પૂછ્યું કે, આપ કહો ન કહો, પણ આપના ચિત્તમાં કોઈ ચિંતા ચિતાની જેમ ભડભડ થતી જલી રહી છે. એનાથી આજે તો હું માહિતગાર બન્યા વિના નથી જ રહેવાનો. આપનાં નામકામ આજે નવાનગરનાં નિર્માણની અને હાલારપ્રદેશની સ્થાપનાની બે પાંખે બેસીને અનેક પ્રદેશમાં પ્રખ્યાત બની ચૂક્યા છે. કચ્છ હવે આપને સ્વપ્નેય સાંભરી આવે, એ શક્ય જ નથી. તો પછી આપ સચિંત કયા કારણે છો ? આજે તો ચિંતાનું કારણ જાણ્યા વિના હું નથી જ રહેવાનો ! મારા જેવાને કંઈક જણાવશો, તો ચિંતાને ચૂરવાનો કોઈ ઉપાય શોધી શકાશે.

હીરજી ખરેખર જેની સામે હૈયું ખુલ્લું કરી શકાય, એવો સ્વામી

ભક્ત સેવક જ નહિ, સખા પણ હતો. પરંતુ જામ રાવળે પોતે જ પોતાનું પેટ ચોળીને શૂળ ઊભું કર્યું હોય, ત્યાં તેઓ ચિંતા અંગે કંઈ રીતે હરફ પણ કાઢી શકે ! થોડીવાર સુધી તો આડી અવળી વાતો કરીને જામ રાવળ ચિંતાને છૂપાવી રાખવામાં સફળ થયા. પણ ચહેરા પર અંકિત રેખાઓ ચિંતાની ચાડી ખાઈ રહી હોવાથી હીરજીનો અત્યાગ્રહ અંતે સફળ થયો. જામ રાવળે પેટછૂટી વાત કરતાં જણાવ્યું કે, મારાં દિલ-દર્દનો સર્જક હું જ છું, અને શામક પણ હું જ બની શકું એમ છું. ખેંગાર ખતમ થાય, અને કચ્છનું સિંહાસન હું હસ્તગત કરી શકું, તો જ મારી ચિંતા શમે એમ છે.

મુદ્દાની આટલી વાત કરીને પછી જામ રાવળે જે કંઈ જણાવ્યું, એમાં હીરજીને ઈર્ષાના ઇંધણના ધખારાથી વિશેષ કંઈ જ તથ્ય ન જણાતાં સમજાવટનો માર્ગ અપનાવીને એણે કહ્યું કે, મારા હૈયાના હાર ! ઈર્ષાના ઇંધણે ખાનાખરાબીનો જે ગોઝારો ઈતિહાસ સરજ્યો, એની તો હજી શાહી પણ સૂકાઈ નથી, ત્યાં આટલો જલદી આપ એ ઈતિહાસ ભૂલી બેઠા અને પાછા ઈર્ષાના ઇંધણમાં જલવા તૈયાર થઈ ગયા ? કચ્છને હવે તો ભૂલી જ જાવ, ખેંગારને હજી પણ યાદ રાખવાનું કોઈ કારણ ખરું ? પૂરો હાલાર-પ્રદેશ આજે આપનાં નામકામ પર ફૂલ ચડાવતાં ચડાવતાં ભક્તિનત બની જાય છે. અને નવાનગરના સર્જક તરીકે આપનાં ગીત ગાતાં ગાતાં પ્રજાનું મોં ભરાઈ ગયા વિના નથી રહેતું. આપે તો હવે આ જ યાદ રાખવા જેવું છે. આની સ્મૃતિ ઉપસાવશો, તોય કચ્છના કાળા ઓછાયા દૂર દૂર ભાગવા માંડશે અને ખેંગારના ખંડિયેર પર નજર કરવાનું મન પણ નહિ થાય.

જામ રાવલે જવાબમાં જણાવ્યું કે, હીરજી ! માનવને જે તન મળ્યું છે એ તો ઘણું કહ્યાગરું છે, પણ જે મન પનારે પડ્યું છે, એ તો એટલું બધું અવળચંડું અને માંકડા જેવું ચંચળ છે કે, એ જેની ના પાડીએ એ જ કર્યા વિના ન રહે અને જે કરવા કહીએ, એ તો એ કરે જ નહિ !

તારી વાત સાવ સાચી હોવા છતાં મારા કાળજાનો કબજો કચ્છે પચાવી પાડ્યો છે અને ખેંગારને ભૂલવા માંગું છું, એમ એ વધુ યાદ આવતા જાય છે. મારી ચિંતાનું ખરું કારણ જ આ છે. હું કબૂલ કરું છું કે, મારી આ ચિંતા ખોટી છે, આ શૂળ મેં જ પેટ ચોળીને ઊભું કર્યું છે. આમ છતાં હું નિરૂપાય છું, મજબૂર છું અને વિવશ છું. માટે મને જો ચિંતામુક્ત બનાવવો હોય, તો એક જ રસ્તો છે કે, ખેંગાર ખતમ થાય અને મારો ઉદય કચ્છના આકાશે થવા પામે, એવો કોઈક વ્યૂહ ઘડી કાઢ.

હીરજી સાચો સેવક હતો, સ્વામી તરીકે જામ રાવળને રીઝવવા જે કંઈ કરવું પડે, એ કરવાની એની તૈયારી હતી. સ્વામી તરીકે જે શિરોધાર્ય હતા, એ ખોટા રસ્તે હોવા છતાં કોઈ પણ રીતે સાચો રસ્તો પકડી શકે એમ ન હતા, એથી હીરજીએ આપદ્-ધર્મ તરીકે ખોટો રસ્તો સ્વીકારવાનો મનોમન નિર્ણય લઈ લઈને કાનમાં કહ્યું કે, આપને ચિંતામુક્ત બનાવવા જે કંઈ કરવું પડે એ કરવાની મારી પૂરી તૈયારી છે. બળથી તો ખેંગારને કોઈ જ ખતમ કરી શકે એમ નથી. પણ છળથી હજી ખેંગારને ખતમ કરવાની આશા રાખી શકાય. આ માટે આપની સેવામાંથી છૂટા થઈને મારે કચ્છમાં પાછા જવું પડશે અને ખેંગારની સેવા સ્વીકારવી પડશે. એ સેવા પણ એ રીતે સમર્પિત બની જઈને કરવી પડશે કે, એઓ મારા પર પૂરેપૂરો વિશ્વાસ રાખનારા બની જાય ! આ પછી કોઈ એવી એકાદ તક ઝડપી શકવામાં સફળ બનું, તો જ વિશ્વાસઘાતની વાટે ખેંગારને ખતમ કરી શકાય. આપનું સૌભાગ્ય પ્રબળ હોય અને ખેંગારનું નબળું હોય, તો મારા દાવ સીધા પડે અને આપ જે દિવાસ્વપ્ન નિહાળી રહ્યા છો, એ ચોક્કસ સાકાર થઈ ગયા વિના ન રહે.

મુદ્દાની આટલી વાત કર્યા પછી જામ રાવળ અને હીરજી વચ્ચે ઘણી ઘણી વાતો થઈ. એ બધી વાતોની ફલશ્રુતિ સારી આવવાની આશા બંધાઈ હોવાથી બંને ખુશખુશાલ હૈયે છૂટા પડ્યા. બાકી આ અવસર કંઈ ખુશાલીની લાલી વિખેરવા જેવો ન હતો. કેમ કે આ

મંત્રણા તો બંને વચ્ચે વિયોગસર્જક બનનારી હતી. આમ, તો જામ રાવળ અને હીરજી કોઈ હિસાબે છૂટા પડવાની વાતમાં સંમત થાય, એવી કોઈ કલ્પનાનેય અવકાશ ન હતો. પણ જામ રાવળે એવી આશાથી સંમતિ દર્શાવી કે, ખેંગારને ખતમ કરવાનું અને કચ્છની રાજગાદી પામવાનું મારું સ્વપ્ન સફળ થશે. હીરજીનું હૈયું એટલે હર્ષિત હતું કે, સ્વામી જામ રાવળને ચિંતામુક્ત બનાવવા પોતે, બડભાગી બની શકશે.

આ મંત્રણા પછીનો વહેલામાં વહેલો કોઈ શુભ દિવસ સાધી લઈને જામ રાવળ અને હીરજી છૂટા પડ્યા. હીરજીએ કચ્છની વાટ પકડી, પણ એનું હૈયું તો હાલારમાં જ હતું. જામ રાવળને તો હાલારમાં જ રહેવાનું હતું, પરંતુ એમના કાળજે તો કચ્છની સ્વપ્નસૃષ્ટિ અવતરવા થનગની રહી હતી.

❖

સૂર્યનો ઉદય પશ્ચિમ-દિશામાં થયો હોત, તો જેટલું આશ્ચર્ય ન થયું હોત, એથીય વધુ આશ્ચર્ય પોતાની સેવામાં હાજર થયેલા વિનયાવનત હીરજીને જોતાં જ મહારાવ ખેંગારે અનુભવ્યું. જામ રાવળ તરફની હીરજીની ભક્તિ અને વફાદારી સમગ્ર કચ્છ માટે જાણીતી-માનીતી હતી. એથી જામ રાવળ સિવાય અન્ય કોઈ રાજવીની સામે હીરજી હાથ જોડીને અને માથું ઝુકાવીને ખડો રહે, એવું સ્વપ્નમાંય કોઈને સંભવિત જણાતું ન હતું. એથી ખેંગારજીએ સીધો જ સવાલ કર્યો : હું આ શું જોઉં છું, હીરજી ! તારા હાથ અને વળી મારી સમક્ષ જોડાય ? તારું મસ્તક અને વળી મારી સમક્ષ ઝૂકેલું ! આ કોઈ સ્વપ્ન નથી, કેમ કે આ દૃશ્યના તો ઘણા ઘણા સાક્ષી છે. આમ છતાં આ દૃશ્યને સાચું માનવા મન તૈયાર થતું નથી !

પ્રશ્નસૂચક નજરે પોતાને નિહાળી રહેલા મહારાવ ખેંગારની આગળ જરા વધુ ઝૂકી જતા હીરજીએ જવાબ વાળતા જણાવ્યું : મહારાવ ! આ

કોઈ સ્વપ્ન નથી, કેમ કે સૌ ફાટી આંખે જેને નિહાળી રહ્યા હોય, એવું આ એક સત્ય જ છે. આ સંસારમાં શું સંભવિત નથી ? સ્વપ્નમાં પણ એવી સંભાવના કોણે કલ્પી હશે કે, જામ રાવળ સાથેના સંબંધો પર પૂળો ચાંપીને આ હીરજી આ રીતે ખેંગારની સામે ખડો હોય ! મેં એમ માન્યું હતું કે, કચ્છ સાથેના અંજળ પૂરા થઈ ગયા હોવાથી હાલારમાં જ વસવાટ કરવો પડશે. પણ જનની અને જન્મભૂમિ સમી કચ્છની ધરતીની આરતી ઉતારી શકું, એવી તકને વધાવી લઈને હું પુનઃ આપની સેવા યાચવા આવ્યો છું.

ખેંગારની આંખમાં આશ્ચર્ય હતું : એમણે પૂછ્યું : હીરજી ! તારી વફાદારી માટે ગૌરવ લેવાનું મન થાય એવું છે. વળી એક ભવમાં તું બે ભવ કરે એવો પણ નથી, પછી જામ રાવળની આજન્મ સેવા છોડીને તારે અહીં આવવાનું કેમ બન્યું ? આ જાણીને પછી જ તારી સેવાને સ્વીકારવાનો મારો નિર્ણય તને અયોગ્ય નહિ જ ભાસે.

ખેંગારજીની ખેવના સાથે સંમત થતા હીરજીએ કહ્યું : ખેંગારજી ! જામ રાવળ ખાતર જાને ફેસાન થવાના ઘણાં ઘણાં અવસર આવ્યા, ત્યારે પાછું વળીને મેં જોયું પણ નહિ અને યાહોમ કરીને હું ઝંપલાવતો જ રહ્યો. આવી જાને ફેસાનીના પ્રભાવે જ હાલારના ગામડે ગામડે આજે જામ રાવળ ગીત બનીને ગુંજી રહ્યા છે. આ અંગે આજે અત્યારે પણ હું ગૌરવ અનુભવું છું. પણ એક દહાડો...

'હીરજી ! કચ્છમાં બેઠા બેઠા પણ એ ગીતગાન સાંભળતા હું તારી વફાદારી પર કેટલીયવાર મનોમન ઓળઘોળ થતો રહ્યો છું. પણ એક દહાડો શું ? આગળ બોલતા કેમ અટકી ગયો ?'

'નાનકડી એકવારની મારી ભૂલે આવા ભવ્ય ભૂતકાળ પર પાણી ફેરવી દીધું. મારી ભૂલ નાની હતી, પણ એને ઘણી મોટી બનાવીને જામ રાવળે મારું જે અપમાન કર્યું, એથી કારમી રીતે ઘવાઈ જઈને મેં તરત જ નિર્ણય લઈ લીધો કે, કચ્છની ધરતી તો મારી મા છે. એથી

હાલારની માસીને વળગવાનું છોડી દઈને હજી પણ કચ્છની માવડી પાસે પહોંચી જઈશ, તો કચ્છમાતા મને આવકાર આપ્યા વિના નહિ જ રહે. ખેંગારજી ! મારી આટલી વીતક જણાવીને હવે જીવન-નૈયા હું આપના ભરોસે વહેતી મૂકું છું. આ જીવનનૈયાને તારવી કે મારવી, એ હવે આપના હાથમાં છે.'

થોડા જ સમયમાં હાલારનાં હાલરડાં ગામડે ગામડે ગુંજતા કરવામાં સિંહફાળો આપનારા હીરજી જેવી વ્યક્તિ-શક્તિની શોધમાં અત્યાર સુધી ચોમેર મીટ માંડતા જ રહેનારા ખેંગારજીએ ઘરે આવેલી ગંગાને વધાવી લેવાની અદાથી કહ્યું કે, હીરજી ! તારા જેવા કૌવતશાળીની તો કચ્છને ખૂબ ખૂબ જરૂર છે. માટે તારી સેવાને સોનારૂપાનાં ફૂલડે વધાવવાની કચ્છની તૈયારી છે. વફાદારીનું ધાવણ તો તને ગળથુંથીમાંથી જ મળેલું છે. એટલે આ વિષયમાં બીજા કોઈ જ વિકલ્પ-વિચારને તો અવકાશ જ ક્યાંથી હોય ? પણ એટલી સ્પષ્ટતા તો કરવી જ રહી કે, સગા બનીને દગાના દાવ રમનારાના હાલહવાલ ભૂંડામાં ભૂંડા કરી નાખતા કચ્છને જેમ કોઈની શેહશરમ નડતી નથી, તેમ કચ્છ ખાતર સમર્પિત બનીને સ્વાહા થઈ જવા સજ્જ રહેનારને માલમાલ કરી દેવાની કચ્છની ઉદારતાનો પણ જોટો જડે એમ જ નથી.

ખેંગારની આ વાતને શિરોધાર્ય કર્યાની પ્રતીતિરૂપે હીરજી ખેંગારના ચરણમાં ચાકરની જેમ ઝૂકી ગયો અને એની સેવા સ્વીકાર્યાની સાબિતીરૂપે ખેંગારે પોતાના બંને હાથ હીરજીના મસ્તકે સ્થાપિત કરી દીધા.

કચ્છને હીરજી જેવા 'હિંમતે મર્દા'ની સેવા મળતાં ધીરે ધીરે કચ્છની કીર્તિ વધુ વ્યાપક બનતી ચાલી. ખેંગારજીને થોડા જ દિવસોમાં ખ્યાલ આવી ગયો કે, હીરજીના હૈયામાં હિંમત છે અને કચ્છની ધરતી પ્રત્યે લગાવ પણ છે. એથી એમણે વાગડપ્રદેશના કેટલાક માથાભારે તત્ત્વોને અંકુશમાં આણવાનું ઘણી મોટી જવાબદારીવાળું કાર્ય હીરજીને સોંપ્યું. એણે ધીમે ધીમે એવા જલદ પગલાં લેવાં માંડ્યાં કે, થોડા જ સમયમાં

હીરજીની હાક આખા વાગડમાં ફેલાઈ ગઈ અને માથાભારે તત્ત્વો કહ્યાગરા બની ગયા. વાગડ પર આવો વિજય મેળવ્યા પછી હીરજીને ઉંચા હોદ્દે સ્થાપવામાં આવ્યો અને ભુજની સામે પણ ભુજાબળ બતાડી આપવાનો હુકમ થતાં આમાં પણ હીરજીને ધારણાતીત સફળતા મળી જતા ખુશ થઈ ગયેલા ખેંગાર પોતાના અંગરક્ષક-પદે હીરજીની નિમણૂક કરી દેવાની ભૂલના ભોગ બની બેઠા.

જામ રાવળ જેવાના જે અંગત ગણાતા હતા, એ હીરજીને આ રીતે અપાતું માન-પાન કેટલાકની આંખમાં ખૂંચવા લાગ્યું. એમને થયું કે, ગમે તેમ તોય હીરજી જામ રાવળનો જ માણસ હતો. એથી એની પર આટલો બધો વિશ્વાસ ન જ મૂકવો જોઈએ. અને એને આવું જવાબદારી ભર્યું પદ તો ન જ સોંપવું જોઈએ. કેટલાક હિતૈષીઓએ આ અંગે ખેંગારનું ધ્યાન પણ ખેંચ્યું. પણ વાગડમાં વિજયી બનીને ભુજની ભુજા નમાવવામાં સફળ બનેલા હીરજી પર ખેંગારના ચાર હાથ હતા, એમાં વળી શિકારના એક પ્રસંગે હીરજીએ જાનની બાજી લગાવીને જે રીતે ખેંગારજીને બાલબાલ બચાવી લેવાનું કાર્ય પાર પાડ્યું હતું, એ પછી તો હીરજી પરનો ખેંગારજીનો વિશ્વાસ એટલો બધો વધી ગયો હતો કે, હીરજીની વિરુદ્ધ આશંકા કે સંદેહના ઘરનો એકાદ હરફ પણ ઉચ્ચારવાની હિંમત ખેંગારના હિતસ્વીઓ ખોઈ બેઠા હતા. અંગરક્ષક તરીકેનાં માન-સન્માન હીરજીને એ રીતે મળી રહ્યાં હતાં કે, એ પોતે જે ધ્યેયની સિદ્ધિ માટે કચ્છમાં આવ્યો હતો, એ ધ્યેય સાવ જ ભુલાઈ જાય ! હાલાર છોડીને કચ્છની સેવા સ્વીકારવા પાછળ એના મનની એક માત્ર માયાવી-મુરાદ તો એ જ હતી કે, ખેંગારજીને ખતમ કરવા, જેથી જામ રાવળના મનની પ્રસન્નતા પામી શકે ! હીરજીને ખેંગાર પર તો કોઈ જાતનું વેર ન હતું. પરંતુ જામ રાવળ પ્રત્યેની એની અતિભક્તિ અને વફાદારી જ એને ખેંગારને ખતમ કરવા પળે પળે પ્રેરી રહી હતી. એથી એ જાતની તકની જ પ્રતીક્ષામાં એ રહેતો કે, ક્યારે છલનો આશ્રય લઈને ખેંગારને

ખતમ કરી શકાય.

નીતિનો એવો સંદેશ ખેંગાર ભૂલી બેઠા કે, મિત્ર પર પણ અતિવિશ્વાસ તો ન જ મૂકવો જોઈએ, તો જ ભયાનક ભાવિથી ઊગરી શકાય ! હીરજી અસલમાં તો મિત્ર ન હતો, એની નકલી મિત્રતા પાછળ છુપાયેલો શત્રુતાનો અસલી ચહેરો-મહોરો પરખવામાં થાપ ખાઈ ગયેલા ખેંગારને આના વિપાક રૂપે એક ગોઝારી પળે મૃત્યુના પંજામાંથી છટકવા માટે ઝઝૂમવું પડ્યું. એમનું આયુષ્ય બળવાન હશે કે, જેથી મૃત્યુનો પંજો ખેંગારને ખતમ ન કરી શક્યો.

અઘટ ગણી શકાય એવી એ ઘટના એ રીતે ઘટી ગઈ કે, અંગરક્ષકના દાવે સાથે ને સાથે રહેતા હીરજીએ એક દહાડો સ્નાન સમયની પળ ઝડપી લીધી. ખેંગાર સ્નાન કરીને જ્યાં બહાર આવ્યા, ત્યાં જ એકલતાનો ગેરલાભ ઉઠાવવા હીરજીએ મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી અને જ્યાં ખેંગારજી પર ઘા કરવાની તૈયારી કરી, ત્યાં જ સમય વર્તે સાવધાન બની જઈને ખેંગારે એ તલવાર હીરજીના હાથમાંથી ઝૂંટવી લઈને પછી સણસણતો એવો સવાલ કર્યો કે, અંગરક્ષક મટીને તું જ આમ ભક્ષક બનીશ, એવું તો મેં સ્વપ્નેય કલ્પ્યું ન હતું. હું આ શું જોઈ રહ્યો છું ! હીરજીમાં મને મારા હત્યારા તરીકેનું દર્શન થઈ રહ્યું છે, એનું કારણ હું કલ્પી શકતો નથી. માટે કયું વેર વસૂલવા તેં આ રીતે મારી પર તલવાર ઉગામી ? એ કારણ મારે જાણી લેવું છે.

ઘા નિષ્ફળ થવાથી ઝંખવાણો પડી ગયેલો હીરજી બચાવમાં કંઈ જ બોલવા માંગતો ન હતો, એ કંઈ જ બોલી શકે એમ પણ ન હતો. એથી હત્યાની હકીકત કબૂલી લેવાપૂર્વક સામેથી જ મોત માંગી લેતાં એણે કહ્યું : ખેંગારજી ! આપની હત્યાનો પ્રયાસ કરવાના ગુનાસર આપ મને કેદ કરી શકો છો અને આપને ખતમ કરવા ઉગામાયેલી મારી આ તલવારથી અત્યારે જ આપ મારું માથું ઉડાવી શકો છો. હું ગુનો કબૂલી લઉં છું. બચાવમાં મારે બે બોલ પણ કહેવાના રહેતા

નથી. કારણ કે હું રંગે હાથ પકડાઈ ગયો છું.

ખેંગારજીનું ખૂન ખુન્નસથી ખળભળી ઊઠ્યું હતું. પોતાની હત્યા કરવાનો ઈરાદો રાખનાર વિશ્વાસઘાતી હીરજીની હત્યા તલવારના એક જ ઝાટકે કરી નાખવાનો ક્રોધાવેશ એમના આખા શરીરને લાલચોળ બનાવી ગયો. પણ આંધળુકિયાં કરતાં પૂર્વે વિવેકે એમને રોક્યા. એ વિચારી રહ્યા કે, મેં હીરજીનું કંઈ બગાડ્યું નથી, ઉપરથી મેં તો હીરજીનાં માનપાન પૂરા કચ્છમાં છવાઈ જાય, એ રીતે આને નવાજવામાં કોઈ જ કચાશ રાખી નથી. છતાં આ કોઈ ને કોઈ વિશિષ્ટ કારણ વિના તો મારો હત્યારો બનવા નહિ જ પ્રેરાયો હોય ? માટે મારે પહેલાં એ પ્રેરકબળ જાણી લેવું જ જોઈએ. ધમધમાટથી કંઈક મુક્ત બનીને એમણે પ્રશ્ન કર્યો : હીરજી ! તું કયાં કારણોસર મારી હત્યા કરવા તૈયાર થયો ? એનું કારણ હું સમજી શકતો નથી. માટે પહેલાં તું એ કારણ સ્પષ્ટ કર, આ ગુના બદલ શી સજા કરવી, એનો વિચાર હું આ પછી જ કરીશ.

હીરજી ખેંગારના પગ પકડી લેતાં બોલ્યો : કારણ ? કારણ એટલું જ કે, જામ રાવળ તરફની મારી અતિભક્તિ ! કચ્છ આપની કીર્તિ ગાય છે, એમ હાલારમાં જામ રાવળનાં હાલરડાં ગવાય છે. પણ જામ રાવળનું મન તો ઈર્ષ્યાવશ બનીને જરાય પ્રસન્ન રહી શકતું ન હોવાથી એમના મનની પ્રસન્નતા ખાતર મેં આપની હત્યા માટે આપની સેવા સ્વીકારવાનો ઢોંગ કરીને આજે આપને ખતમ કરવા મેં સમશેર તો ઉગામી, પરંતુ મારે કબૂલ કરવું પડે છે કે, આપનું પુણ્ય અને આયુષ્ય પ્રબળ છે. માટે જ મારી મુરાદ બર ન આવી. બાકી મારે આપની સાથે તો કોઈ જ વેરવિરોધ નથી. જામ રાવળ તરફની અતિભક્તિ અને વફાદારી જ મારી પાસે એ જાતનો અપરાધ કરાવી ગઈ કે, જેની સજા મૃત્યુથી ઓછી તો ન જ હોઈ શકે.

હીરજીએ જે રીતે ગુનો કબૂલી લઈને સામેથી મોત માંગી લીધું,

એ જોઈને ખેંગારજી એકદમ વિચારમગ્ન બની ગયા. એમનો રહ્યોસહ્યો ક્રોધાવેશ પણ શમી ગયો અને ક્રોધનું સ્થાન વિવેકે ગ્રહણ કર્યું. વિવેક એમની પાસે એ જાતનો વિચાર કરાવવા માંડ્યો કે, હીરજીએ કોઈ અંગત વેર વિરોધના કારણે મારી સામે તલવાર ઉગામી નથી, પછી મારાથી એનો બદલો લેવા કઈ રીતે તલવાર ઉગામી શકાય ? આ રીતે તલવાર ઉગામવાથી તો વેરની પરંપરા અને વણઝારનો અંત જ નહિ આવે, માટે જામ રાવળને પણ વેરભાવથી મુક્ત બનાવવા દ્વારા મનની સાચી પ્રસન્નતા પમાડવાનો રાહ અપનાવવો હોય, તો મારે હીરજીનો આ અપરાધ ભૂલી જઈને એને હાલાર જવાની છૂટ આપવાની ઉદારતા દર્શાવવી જોઈએ. તો આની ફલશ્રુતિ તરીકે કચ્છ અને હાલાર વચ્ચે સ્નેહનો સેતુ રચાવાની શક્યતા ચોક્કસ ઊભી થવા પામશે. બાકી હું હીરજીને હણીશ, તો તો હત્યાની લાંબી પરંપરા પછી પણ વેરનું વિસર્જન તો દૂર રહ્યું, પણ ધીરે ધીરે વેરની વસૂલાતનું ઝનૂન વધતું જ જવાનું !

મનોમન કોઈ નિર્ણય-નિષ્ઠ બનીને ખેંગારજીએ સૈનિકોને આદેશ કર્યો કે, હત્યાના આરોપસર રંગે હાથ પકડાઈ ગયેલા આ ગુનેગારને હાલ ને હાલ બેડીથી બદ્ધ બનાવીને આજે રાજસભામાં હાજર કરજો. ગુનાની સજાનો નિર્ણય કરવાનો બાકી હોવાથી આની સાથે કડકાઈભર્યો વ્યવહાર ન કરતા.

આટલો હુકમ કરીને ખેંગારજી ભૂતકાળની દુનિયામાં ખોવાઈ ગયા. લડાઈના રવાડે ચડી ગયેલા પૂર્વજો તરીકે હમીર અને લાખાજીનાં જીવન જે રીતે વેરણછેરણ થઈ ગયાં, એ એમની આંખ સામે તરવરી ઊઠ્યાં, તદુપરાંત ખેંગારજી તરીકે પોતે જામ રાવળને દેશપાર કરવા જે રીતે ઝનૂનથી ઝઝૂમ્યા હતા, એની ગોઝારી સ્મૃતિઓ પણ સજીવન બની ઊઠી, એથી એમને એવી સ્પષ્ટ પ્રતીતિ થવા પામી કે, હીરજીને ક્ષમા આપવાની આ તક જો હું ચૂકી જઈશ, તો તો વેરની વડવાઈ એ રીતે ફાલીફૂલી ઊઠશે કે, પછી એનો વિનાશ કોઈથી શક્ય જ નહિ બની

શકે. માટે આ તક તો ઝડપી જ લેવી જોઈએ.

વેરની વસૂલાત લેવી કે સ્નેહનો સેતુ રચવાની તક ઝડપી લેવી, ખેંગારના મનમાં આ અંગેની દુવિધાનો જાણે સંઘર્ષ ખેલાવો ચાલુ થઈ ગયો. પણ કચ્છના રાજવી વંશનું લોહી એમની નસોમાં વહેતું હતું, એથી વેરની વસૂલાતની વાટે સંચરવાના બદલે પ્રેમની પગદંડીએ પ્રવાસ માણવાનો મક્કમ નિરધાર કરીને એઓ રાજસભામાં પધાર્યા, ત્યારે સભા હકડેઠઠ ઊભરાઈ ચૂકી હતી.

હીરજી જેવો અંગરક્ષક વિશ્વાસઘાતી બનીને ખેંગારની હત્યા કરવાના બદઈરાદાથી જે કાળું-ક્રૂર કૃત્ય કરવા તૈયાર થયો હતો અને એમાં રંગે હાથ પકડાઈ ગયો હતો, એની વિગતો જાહેર થતાં જ સર્વત્ર ચકચાર ફેલાઈ ગઈ હતી અને આના દંડ તરીકે સંભવિત સજાની કલ્પના કરતાં જ પ્રજા ધ્રૂજી ઊઠતી હતી, એ સભામાં જેમ ઉત્સુકતા જોવા મળતી હતી, એમ કચ્છની કીર્તિધ્વજાને ગગનચુંબી બનાવનારા હીરજી તરફની સહાનુભૂતિય થોડી ઘણી માત્રામાં જણાતી હતી.

સભાનું કામકાજ શરૂ થતા પૂર્વે ખેંગારજીએ ચોમેર નજર ઘુમાવી લીધી, સંપૂર્ણ સભાના ચહેરા પર અંકિત ચિત્ર-વિચિત્ર રેખાઓને પરખી લેતાં ખેંગારજીને વાર ન લાગી. એમને થયું કે, હીરજીને એના ગુના મુજબ સજા જાહેર કરીશ, તો ઘણાને એમ લાગ્યા વિના નહિ રહે કે, કચ્છની કીર્તિ-ગાથાને ઠેરઠેર ગુંજિત કરનારાને આવી સજા કરવી ઘટે ખરી ? અને જો સજા નહિ કરું તો એમ પણ થયા વિના નહિ રહે કે, કચ્છની કીર્તિધ્વજા લહેરાવવા માત્રથી કંઈ આવો રાજદ્રોહ કરવાની છૂટ મળી જાય ખરી ? અને એ અપરાધ ક્ષંતવ્ય ગણાય ખરો ?

ખેંગારે સભા સમક્ષ પ્રશ્નભરી નજર દોડાવી, તો જાતજાતના સૂર અને સ્વર સંભળાવા માંડ્યા. એનો સરવાળાનો સાર એવો તારવી શકાતો હતો કે, રંગેહાથે હત્યાનો ગુનેગાર જ્યારે સપડાઈ જ ગયો

હોય, ત્યારે હત્યાનો જવાબ હત્યા સિવાય બીજો શો વાળવાનો હોય ? આવા સૂરો અને સ્વરો તો ખેંગારને ચીલાચાલુ જ લાગ્યા. ચીલાને ચાતરીને નવી કેડીને કંડારવાની અદાથી ખેંગારે સભા સમક્ષ પોતાનો નિર્ણય જણાવતાં કહ્યું કે, સાચો જવાબ એને જ કહી શકાય કે, જેથી સમસ્યાનો કાયમી ઉકેલ આવતો હોય. હત્યાની સામે હત્યા આ સાચો જવાબ નથી. કેમ કે આથી તો હત્યાની પરંપરાનો અંત જ નથી આવી શકતો. તાજો જ ઈતિહાસ આંખ સામે છે. હમીરજી અને લાખાજી ચીલાચાલુ રીતે હત્યાનો જવાબ વાળવા મથ્યા, તો બંને નામશેષ બની ગયા. મેં પણ એ જ ચીલે ચાલવાનો પ્રયાસ કર્યો, તો કચ્છ અને હાલાર વચ્ચે અદેખાઈની ખાઈ ખડી થઈ ગઈ અને અંતે આજે મારી હત્યાનો પણ પ્રયાસ થયો. આ ઘટનાએ મારી આંખ ખોલી નાખી છે અને હત્યાનો જવાબ હત્યાથી નહિ, પણ હેતથી વાળવાનો મેં નિર્ણય કર્યો છે. હીરજીએ મારી સાથેની અદાવતથી પ્રેરાઈને આ અપરાધ આચર્યો નથી. એ પોતે જ કબૂલે છે કે, જામ રાવળ તરફની અતિભક્તિ અને અતિવફાદારીએ જ પોતાને આવો ગુનો કરવા ધકેલ્યો છે. માટે હું હીરજીને હાલારમાં જવાની છૂટ આપું છું. અને હત્યાનો જવાબ હત્યા નહિ, પણ હેત, આ જાતનો સ્નેહ સંદેશ જામ રાવળ સમક્ષ દોહરાવવાનો અનુરોધ કરું છું. મને વિશ્વાસ છે કે, કચ્છ અને હાલાર વચ્ચે સ્નેહનો સેતુ સર્જવામાં મારો આ સંદેશ જરૂર સહાયક અને સફળ બનીને જ રહેશે.

ખેંગારજીની આ ઉદારતા જોઈને કચ્છની ધરતીને રાજવીની આરતી ઉતારવાનું ને પ્રજાને ફૂલડે ફૂલડે વધાવવાનું મન થયું. ખેંગારજીની આવી મહાનતા તો હીરજીએ સ્વપ્નેય કલ્પી ન હતી. સિંહના જડબામાંથી મુક્તિ મળી હોય, એવા હર્ષાવેશ સાથે એણે કચ્છનો ત્યાગ કરીને હાલારમાં પગ મૂક્યો. બધી વિગત જાણીને જામ રાવળે પણ જે પ્રેમભર્યો પ્રતિભાવ વ્યક્ત કર્યો, એ કલ્પના બહારનો હતો. એમણે કહ્યું કે,

આવા મહાન ભાઈ સાથે હવે લડાઈ કે ઈર્ષા ન જ શોભે. આવા ભાઈ સાથે તો સ્નેહની સગાઈ જ સવાઈ બનાવવાની હોય !

જામ રાવળની આંખ આંસુથી છલકાઈ ઊઠી. એમણે ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું : હીરજી ! ખેંગારજીની સાચી ઓળખાણ તારા માધ્યમે આજે જ થવા પામી, એ બદલ તું પણ ધન્યવાદનો એટલો જ અધિકારી છે. કચ્છ અને હાલાર વચ્ચે સ્નેહનો સેતુ સર્જાઈ જતાં હવે ભાઈભાઈથી પણ સવાઈ સગાઈનો જે સંબંધ બંધાશે, એને કોઈ તોડી નહિ શકે.

હીરજીનું ગળું પણ ભરાઈ આવ્યું હતું. એણે એટલું જ કહ્યું : ખેંગારજી તો ક્ષમાના એવા સાગર છે કે, જેની પહોળાઈને કોઈ પહોંચી ન શકે, જેની ઊંડાઈ કોઈથી મપાય નહિ, અને જેની અગાધતાને કોઈ ઓળંગી ન શકે.

## ગજબની ગુણાનુભૂતિ

## 3

ગીરની ગરવી ધરતી છે. ચોમેર અનેક નેસડાં વસેલાં છે. એમાં આહીરોના આશરે પાલન-પોષણ પામતું પશુધન અભરે ઊભરાય છે. આ ધરતી પર દેવાળંદ ચારણનો વસવાટ છે. એના દુહા-છપ્પા-કવિતામાં નવેનવ કાવ્યરસ વહેતા હોવાથી ગીર પ્રદેશમાં એની ભારે નામના-કામના ફેલાયેલી છે. આવા ચારણ-કવિના માથે એક દહાડો વિમાસણની મોટી વાદળી વરસી પડી.

દેવાળંદે પોતાના દીકરાની સગાઈ કરી, ત્યારે એને સ્વપ્નેય એવો ખ્યાલ ન હતો કે, લગન ટાણે જ કોઈ વિમાસણ ઊભી થશે. નહિ તો એ વિચાર કરીને જ સગાઈ-સંબંધ બાંધત. પણ સગાઈ થઈ ગઈ હોવાથી હવે તો લગન-ટાણું હેમખેમ પતાવ્યે જ છૂટકો હતો. વિમાસણ એ વાતની ઊભી થઈ હતી કે, વેવાઈએ ગઢવીને સ્પષ્ટ શબ્દોમાં કહેવડાવ્યું હતું કે, ગઢવી ! જાન લઈને આવો, ત્યારે પાંચ તોલા સોનાના દરદાગીના લેતા આવશો, તો તમારુંય સારું લાગશે અને અમારુંય સારું લાગશે. આપણા બંનેનું ગૌરવ વધે, માટે પહેલેથી જ આ વાત જણાવી રહ્યો છું. વચ્ચે સમય ઓછો છે, એ વાત સાચી, પણ ગઢવી ! તમારો જે માન-મરતબો છે, એ જોતાં તો આટલી સમયાવધિ બહુ લાંબી ગણાય.

લગ્નના મુહૂર્ત આડે જ્યારે પાંચ સાત દિવસ જ બાકી રહ્યા, ત્યારે આવેલા આ સમાચારને એક વિમાસણના રૂપમાં ચારણ દેવાળંદે સાંભળ્યા

અને મનોમન ચિંતાગ્રસ્ત બન્યો : વેવાઈએ તો ભારે કરી. પાંચ તોલા સોનું એકઠું કરવું, એ મારા માટે તો ગજા બહારની વાત ગણાય, અને એમાંય વળી પાંચ-સાત દહાડામાં આટલું સોનું મેળવવું એ તો કઈ રીતે શક્ય બને ?

દેવાળંદની વિમાસણ એના ચહેરાના ચોતરા પર કળાઈ રહી હોવાથી એની પત્નીએ પૂછ્યું : લગ્ન નજીક આવી રહ્યાં છે, ત્યારે વળી વિમાસણ અનુભવવાની હોય કે પ્રસન્નતા માણવાની હોય ! જાન લઈને જવાની વેળા નજીક આવી રહી છે, અને જાનમાં જાન પૂરવો હોય તો તો પ્રસન્ન રહેવું જોઈએ.

દેવાળંદને થયું કે, પત્ની આગળ કંઈ અંતરની અકળામણ છુપાવાય નહિ. એથી એણે કહ્યું : મારી વિમાસણનું મૂળ વેવાઈ છે. વેવાઈએ સામેથી કહેવડાવ્યું છે કે, પાંચ તોલા સોનાના દરદાગીના સાથે લઈને જાનમાં આવજો, જેથી આપણા બંનેની આબરૂ જળવાય. આ વાત સાચી, પણ પાંચ તોલા સોનું કંઈ રસ્તામાં થોડું જ રેઢું પડ્યું છે કે, સોનું સહેલાઈથી હાથવગું થઈ જાય ?

ચારણની પત્નીને ચારણની કવિત્વ શક્તિ પર ભારે ભરોસો હતો, એણે કહ્યું : બે કવિતા ગાશો, થોડા દુહા-છપ્પા લલકારશો, અને રાજપ્રશસ્તિના એકાદ ગીતનું ગાન કરશો, તો સોનું જ સોનું વરસી પડશે. માટે વિમાસણ અનુભવવાની જરાય જરૂર નથી. મા શારદાને નમસ્કાર કરીને કોઈ રાજવીના દરબારે પહોંચી જાવ. હજી ઘણા દિવસ બાકી છે. મને વિશ્વાસ છે કે, વેવાઈનું વેણ સચવાઈ જશે. અને મન માને તો સાવરકુંડલાના મારગે ઘોડો દોડાવી મૂકો. ત્યાંનો સામંત ખુમાણ પરગજુ, ઉદાર અને ભીડ ભાંગનારો રાજવી છે.

'હા. હા. સામંત ખુમાણનું નામ તો સાંભળ્યું છે, એમનું કામ પણ સાંભળ્યું છે. સારું થયું કે, તેં અણીના અવસરે સામંત ખુમાણની સ્મૃતિ

કરાવી. સાવરકુંડલા કંઈ બહુ દૂર નથી. આજ ને આજ નીકળી પડું, તો બેચાર દિ'માં પાછો આવી શકું.'

પત્નીની વાતને ચારણે વધાવી લીધી, અને પૂરા વિશ્વાસ સાથે દેવાળંદ એ જ દહાડે સાવરકુંડલાના મારગે પ્રયાણ કરી ગયો. અવિરત પ્રયાણ કરતો કરતો ચારણ જ્યારે ત્રીજા દિ'ની સવારે સાવરકુંડલાના પાદરે ખળખળ વહેતી નાવલી નદીના કિનારે પહોંચ્યો, ત્યારે પ્હો ફાટવાને હજી વાર હતી. ચારણને થયું કે, નદીમાં નાહીને પછી જ સાવરકુંડલામાં પ્રવેશ કરું !

ચારણે જ્યાં નહાવાની તૈયારી કરી, ત્યાં જ નદીમાં સ્નાન કરતો એક માણસ એની નજરે પડ્યો. એ માણસની કાયા ભરાવદાર હતી. રાજવીને શોભે એવી કાયાની કદાવરતા જોતાં જ ચારણે ધારી ધારીને એ કાયાને નિહાળવા માંડી. પણ થોડી પળોમાં જ ચારણના મોંમાંથી શબ્દો સરી પડ્યા : છી ! છી ! નાવલી નદીના અમૃત જેવા નિર્મળ નીરને આ કેવું ગંદું બનાવી રહ્યો છે ! કદાવર કાયાનો એ ધારક ગૂમડાનો રોગી હતો. એને ખસનુંય દર્દ લાગુ પડેલું હતું. ખસ રૂઝવવા એણે આખા શરીરે જે દવા ચોપડેલી, એમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાતી હતી. આવો એ રોગી નદીના નીરમાં ગંદાં ગૂમડાં ધોઈ રહ્યો હતો અને દવાનો લેપ સાફ કરી રહ્યો હતો. એથી નિર્મળ નદીનું નીર પણ ગંધાતું બની રહ્યું હતું.

આ દૃશ્ય જોઈને નાક આડું કપડું દબાવી દઈને એ ચારણ વિચારી રહ્યો : રે દૂધ જેવી નિર્મળ નદીને આમ ગંદી-ગોબરી બનાવનારો આ માણસ શું નદીને બાપનો બગીચો માનીને બગાડી રહ્યો છે, છતાં આની કાનબુટ્ટી ઝાલીને આને આવું કરતાં રોકનાર રણીધણી શું કોઈ જ નથી ! બોડી બામણીનું ખેતર સમજીને આ નદીની નિર્મળતાને નેસ્તનાબૂદ કરનારા આની સામે પડકાર કરવામાં નહિ આવે, તો કાલ ઊઠીને આ આખી નદી ખાળ જેવી બની જશે. આવી કલ્પનાથીય

કકળી ઊઠેલા ચારણે વળતી જ પળે કોઈ જાતનો વિચાર કર્યા વિના ગડ-ગૂમડના ગાડવા જેવા એ માણસને ઉદ્દેશીને ગાળો ભાંડતાં કહ્યું :

'ગંદકીના ઓ ગાડવા ! હું કંઈ આ ધરતીનો રહેવાસી નથી, હું તો પરગામથી પ્રવાસ ખેડીને આવી રહ્યો છું. છતાં તું જે રીતે તારી કાયાની ગંદકીને, દૂધ જેવી નિર્મળ આ નદીમાં ઠલવી રહ્યો છે, એ જોતાં મારું કાળજું કપાઈ રહ્યું છે. નદીના આવા નિર્મળ નીરને ડહોળતાં તારો જીવ કઈ રીતે ચાલે છે ?

અંતરનો ધખારો ચારણે શબ્દરૂપે પ્રગટ કર્યો, બીજો કોઈ હોત, તો આગ ઝરતા આવા શબ્દો સાંભળીને ગરમ થઈ ઊઠત અને બે વચ્ચે ભડકો ભડભડી ઊઠત. પણ આવા શબ્દો સાંભળીનેય નદીમાં નાહી રહેલો પેલો શાંત જ રહ્યો, અને ઉપરથી એણે શાંતિપૂર્વક પૂછ્યું :

'પરગામથી આવો છો, એમ ? પ્રવાસ તો સુખપૂર્વક થયો ને ? સાવરકુંડલામાં શા કામે આવ્યા છો ?' આ રીતે પૃચ્છા ચાલુ રાખીને ગડ-ગૂમડ ધોવાનું કામ ચાલુ જ રાખનાર પર ચારણનો ગુસ્સો બેકાબૂ બનીને ઠલવાયો : આમ મારી ખબર-અંતર પૂછી રહ્યો છે, પણ આ નદીનું ધનોતપનોત નીકળી રહ્યું છે, એનું શું ? મારી નહિ, પણ આ નદીની ચિંતા કરીને નદી બહાર આવીને ગડ-ગૂમડ સાફ કર, તો માનીશ કે, તેં મારી પર બહુ ઉપકાર કર્યો. મને તો એમ થાય છે કે, નદીમાં નહિ, ગડ-ગૂમડની ગંદકી તું મારી પર ઠલવી રહ્યો છે ! એટલે જ મારું કાળજું કપાઈ રહ્યું છે, માટે 'ભઈ-બાપા' તરીકે સંબોધીને તને કહું છું કે, તું નદીમાંથી બહાર નીકળી જા. પછી તું પૂછીશ, એટલા જવાબ આપવાની મારી તૈયારી છે.

પેલો માણસ પણ આજે જાણે મશ્કરીએ ચડ્યો હતો. એણે કહ્યું : આ તો રોજનો મારો ક્રમ છે. તમારું કાળજું કપાય, એટલા માત્રથી કંઈ મારે મારો રોજનો ક્રમ થોડો જ તોડવો ? માટે હું મારું કામ કર્યા કરું છું. તમે મને જવાબ આપ્યા કરો.

ચારણને થયું કે, ગંદકીના આ ગાડવાની તો ડાગળીય ચસકી ગઈ લાગે છે. આવાની સાથે માથાકૂટ કરવામાં શી મજા ? મારા કહેવાથી આ કંઈ નદીમાંથી બહાર નહિ નીકળે ! આ ગાંડિયો શું આ રીતે રોજે રોજ નદીમાં ગંદકીનો ગાડવો ઠલવે છે અને છતાં આને કોઈ અટકાવતું પણ નથી ! આજે સામંત ખુમાણ પાસે જઈને પહેલી માગણી તો હું એ જ કરીશ કે, આવા ગાંડિયાને તગેડી મૂકો, જેથી નાવલી નદીના નીરમાં ગંદકીના ગાડવા ઠલવાતા અટકી જાય ! મનોમન આવો નિર્ણય કરીને ગાંડિયા જેવા જણાતા માણસ સાથેની માથાકૂટ અને જીભાજોડીમાંથી ઊગરવા ચારણે ટૂંકમાં જ જવાબ વાળ્યો : ગીર-પ્રદેશમાંથી હું આવું છું. સામંત ખુમાણ પાસેથી પ્રીતિદાન મેળવવા અહીં મારું આગમન થયું છે. પરંતુ તારા પર તો મને આજે એવી ખીજ-દાઝ ચડી છે કે, સાવરકુંડલાને ખોળે વહેતી અને નિર્મળતાનો સંદેશ લલકારતી આ નાવલી જેવી નિર્મળ નદીને ગંદી-ગોબરી બનાવવાના અપરાધ બદલ ગુનેગાર તરીકે તારી પર ખુમાણ તરફથી દંડ ફટકારાવીશ, ત્યારે મને જે આનંદ થશે, એ પ્રીતિદાન મેળવ્યાના આનંદ કરતાં હજાર ગણો વધારે હશે.

નદીમાં નાહનારા પેલા માણસે મશ્કરીનો મહાનંદ માણતાં સામેથી કહ્યું : ચારણ ! તમે જે કામ માટે આવ્યા છો, એ ભુલાઈ જાય, તો હજી વાંધો નહિ. પણ દેશવટાનો દંડ મારા માથે ફટકારવાની આવી માગણી કરવી, તો ભૂલતા જ નહિ, કેમ કે સામંત ખુમાણ પણ આ વાત સાંભળીને બહુ બહુ ખુશ થશે.

ગાંડા જેવા માણસની આ વાત સાંભળી-ન સાંભળી કરી અને ચારણ તો નદીના સ્વચ્છ કિનારે નાહીધોઈને સાવરકુંડલા તરફ ચાલતો થયો. ચારણની નજર આગળથી હજી એ દૃશ્ય દૂર થતું નહોતું. આવી નમણી નદીના પનારે આવી કૂબડી કાયા ક્યારથી પડી હશે, કેટલા દિવસથી આ નદીમાં ગંદકીનો ગાડવો ઠલવાતો રહેતો હશે અને છતાં

આવા ગાંડિયાને રોકનાર કેમ કોઈ નીકળતું નહિ હોય ? આવા ને આવા વિચારમાં ખોવાઈ ગયેલો ચારણ જ્યારે સાવરકુંડલાના રાજદરબારની નજીક આવ્યો અને સામેથી કસુંબા-પાણી માટે એને આમંત્રણ મળ્યું, ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે, હું સાવરકુંડલામાં પ્રવેશી ગયો છું અને દરબારગઢ પણ નજીક આવી ગયો છે. કસુંબા પાણી માટે મળેલા આમંત્રણનો જવાબ વાળતાં દેવાળંદે કહ્યું :

'કસુંબો લેવાનું તો ઘણુંય મન છે. પણ આ વાત મારા હાથમાં થોડી જ છે ?

દરબારગઢની ડેલીના આંગણે ખરલમાં અફીણ ઘૂંટાઈ રહ્યું હતું. કેટલાક માણસો વાતોનાં વડાં પણ તળી રહ્યા હતા. ચારણનો આવો પ્રશ્નાત્મક જવાબ સાંભળીને આશ્ચર્ય અનુભવતા એક મુખ્ય માણસે સામો સવાલ કર્યો : ચારણ ! કસુંબો પીવાની તમારી ઇચ્છા છે અને કસુંબો પાવાવાળા અમે તૈયાર છીએ, પછી એમ કેમ કહો છો કે, કસુંબા-પાન મારા હાથની વાત ક્યાં છે ?

ચારણે જવાબ વાળ્યો : આમ ન કહું, તો બીજું શું કહું ? કુંડલાના ધણીની મરજી હશે, તો હું કસુંબો લઈ શકીશ. તમારું આમંત્રણ તો છે જ. પણ કુંડલાના ધણીની મરજીનોય ટેકો તમારા આમંત્રણને મળી રહે, તો ત્રિવેણી સંગમ રચાઈ જાય.

કસુંબાના ડાયરામાં બેસતાં બેસતાં ચારણે વાળેલો આ જવાબ સાંભળીને આખો ડાયરો બોલી ઊઠ્યો : ચારણ ! આટલી જ વાત છે ને ! તો તો સમજી લો કે, અબઘડી જ ત્રિવેણીસંગમ રચાઈ જશે. સામંત ખુમાણ થોડી જ વારમાં સભામાં આવવા જોઈએ.

થોડી વાર થઈ અને સામંત ખુમાણ આવતા જણાયા. એમની તરફ સૌની નજર મંડાયેલી હોવાથી ચારણે પણ સામંત ખુમાણ તરફ નજર દોડાવી, પરંતુ જ્યાં ચારણની નજર ખુમાણ પર પડી, ત્યાં જ ચારણે

પોતાની પર વીજળી તૂટી પડ્યા જેવો સખત આંચકો ને આઘાત અનુભવ્યો. ચારણને થયું કે, ધરતી જો મારગ આપે, તો અત્યારે ને અત્યારે જ પૃથ્વીના પેટાળમાં સમાઈ જવું !

સૌ જેને સામંત ખુમાણ તરીકે આદરભરી આંખે આવકારી અને અવલોકી રહ્યા હતા, એ સામંત ખુમાણમાં અને સવારે નદી કિનારે પોતે જે માણસને ગંદકીના ગાડવા તરીકે ધિક્કાર્યો હતો, એમાં કોઈ તફાવત ન પકડી શકાયો. ત્યારે ચારણના ચિત્તમાં એક ધ્રાસ્કો પડ્યો : કુંડલાના આ ધણીમાં અને મેં સવારે જેને ગંદકીનો ગાડવો ગણ્યો, એ માણસના આકારમાં તો કોઈ જ ફેર નથી. તો મેં જેની તરફ મશ્કરીનાં સણસણતાં બાણ છોડ્યાં, એ શું સામંત ખુમાણ પોતે જ હશે ? તો તો હવે ભારે થઈ જવાની ! પાંચ તોલા સોનું મળવાની આશા તો દૂર રહી, પરંતુ મારે મારું આ માથું ગુમાવી દેવાનો સમો તો નહિ આવે ને ?

ચારણની મનોવેદનામાં ઓર વધારો થયો : ખરેખર, હું એક નંબરનો અક્કરમી છું અને કપાળનો મારો પડિયો કાણો છે. એથી જ અક્કરમી એવા મને નાવલીના નીરની નાહકની ચિંતા થઈ અને જેઓ કુંડલાના ધણી સામંત ખુમાણ પોતે જ હતા, એમને રખડેલ કોઈ આદમી સમજીને એમની મશ્કરી કરવાની કુમતિ મને સૂઝી. આમ ચારણ પોતાના દુર્ભાગ્યને ભાંડતો ભાંડતો પોતાનું મોં છુપાવી રહ્યો.

ચારણ જેમ સામંત ખુમાણને ઓળખી ગયો હતો, એમ ખુમાણ પણ ચારણને ચહેરા પરથી ઓળખી ગયા હતા અને સવારનો સંવાદ એમને સાંભરી આવ્યો હતો. એથી એમને એવી પાકી પ્રતીતિ થઈ આવી કે, જેણે મને સવારે ગાળો ભાંડવામાં બાકી રાખ્યું નહોતું, એ જ આ ચારણ છે. સામંત ખુમાણ સિવાય બીજો કોઈ હોત, તો ત્યારે ને ત્યારે ચારણની ચામડી ઉતરડાવવાનો હુકમ છોડત. પણ આ તો ખુમાણ હતા. આ તો કુંડલાના ધણી હતા. આ તો મોટા મનના માનવી

હતા. એથી અજાણતા થઈ ગયેલી પોતાની એ અવહેલનાને અપરાધ ગણવાની તુચ્છ મનોવૃત્તિ એમનામાં નહોતી. ઉદાર મનના એમણે તો શરમથી ઝૂકી ગયેલા ચારણને સામેથી સત્કારતાં કહ્યું : કવિરાજ ચારણ ! જે જગાએ રવિ ન પહોંચી શકે, ત્યાં પહોંચવાની પહોંચ તમારા જેવાને વરી હોય છે, એથી તમે 'દેખો એવું ભાખો' એ અપરાધ ન ઠરે, એ તો અહેવાલમાં ખપે. જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ ઉપરાંત તમે અનુભવી પણ છો, માટે સવારે તમારી સાથે સંવાદ-વાર્તાલાપ કરતાં મને એવો આનંદ થયો કે, નદીની નિર્મળતાની આવી ચિંતા ગામવાસી તરીકે સાવરકુંડલામાં કોઈને નથી અને ગીરના વાસી હોવા છતાં તમને કેટલા બધા મોટા પ્રમાણમાં છે ! તમારો આવો પ્રકૃતિ પ્રેમ મારી પ્રજાના હૈયે પણ વસી જાય, તો કેવું સારું ! આવી અપેક્ષાપૂર્વક હું તમારું બહુમાન કરવા ઈચ્છતો હતો, ત્યાં જ તમે સામેથી મળી ગયા. માટે ચાલો, હવે રાજસભામાં પહોંચીએ !

કુંડલાના ધણી તરફથી સામેથી આવા સત્કારસૂચક શબ્દો સાંભળતાં જ મરવા પડેલા ચારણના જીવમાં જાણે જીવ આવ્યો. દેવાળંદ તરત જ ઊભો થયો અને સામંત ખુમાણના પગ પકડી લેતાં રડતી આંખે એણે કહ્યું : સાવરકુંડલા ઉપરાંત સુવિશાળ હૈયાના પણ ધણી ઓ ખુમાણ ! ભૂલ ગળી જવાની આપની ક્ષમા-ક્ષમતાનો જોટો જડવો જેમ મુશ્કેલ છે, એમ અપરાધ આચરવાની મારા જેવી કનિષ્ઠતાનો જોટો જડવોય મુશ્કેલ છે. જેને કોઈ જ ક્ષંતવ્ય ન ગણી શકે. એવો અપરાધ મેં કર્યો છે. પરંતુ આપે એને મન પર પણ લીધો નથી. આપની આવી દરિયાવદિલી તો દરિયા પાસે પણ સંભવી ન શકે. માટે મારે હવે શું બોલવું, એ જ મને સમજાતું નથી. બોલીને હું જે નહિ સમજાવી શકું, એ સમજાવટ થોડાઘણા અંશે મારી આંખનાં આંસુ ઠસાવી શકશે, એવો મારો વિશ્વાસ એળે નહિ જ જાય.

આટલું બોલીને ચારણની આંખ દડદડ કરતી આંસુધાર રેલાવવા

માંડી. એ આંસુધારમાંથી જાણે એવી અક્ષરાવલિએ આકાર ધર્યો કે,

આવ્યો મોટી આશથી આફત ટાળવા કાજ,

જીભે મૂકી માઝ કમત્ય સુઝી કુંડલ ધણી.

આવી આંસુની ધારાવલિ વહાવતો ચારણ રાજસભામાં જઈ ઊભો. તોય એ આંસુધારમાં જ્યારે ઓટ ન આવી, ત્યારે સામંત ખુમાણે ચારણને ઊભા કરતાં કહ્યું : ઓ દેવીપુત્ર ! તમે કંઈ એવો અપરાધ આચરી નથી બેઠાં કે, આવો બળબળતો બળાપો કાઢવો પડે. તમે તો મારી નાવલી નદીને ગંગા જેવી પવિત્ર ગણવાની પ્રેરણાનું આજે ગાન કર્યું છે અને મને ચેતવ્યો છે. આ પ્રેરણાના પ્રતાપે હવે હું આ નાવલી નદીનું રખોપુ કરવા જાગ્રત રહીશ. માટે હવે આંસુ ભૂંસી નાખો અને તમે જે કામ માટે ખાસ અહીં આવ્યા છો, એ કામ અંગે બે બોલ બોલો.

ચારણે આંસુ લૂછી નાખતાં પોતાની વીતક કહી સંભળાવી ને ઉપસંહાર રૂપે એટલું જ કહ્યું : ખુમાણ ! મારા દીકરાના જાનમાં જાન હવે આપે જ પૂરવાનો છે. હું આમ તો જોકે આપનો અપરાધી છું, એથી આપની આગળ આવી આશા રાખવાનો મને કોઈ જ અધિકાર નથી, આમ છતાં મને નિરપરાધી ગણવાની ઉદારતા આપ દાખવી રહ્યા છો, ત્યારે મારી ભીડ ભાંગવા કાજે આપની સમક્ષ હાથ લંબાવવાની ધિટ્ઠાઈ હું કરી રહ્યો છું.

ચારણ દેવાળંદે લંબાવેલા હાથમાં સુવર્ણવૃષ્ટિ કરતાં સામંત ખુમાણે કહ્યું : ચારણ ! દીકરાની જાન રંગેચંગે લઈ જાવ, અને કસુંબો પણ પીતા જાવ. આ પછીય જ્યારે પણ જરૂર પડે, ત્યારે તમારા માટે મારા દરબારના દરવાજા ખુલ્લા જ છે. નાવલી નદીની પવિત્રતા-નિર્મળતા જાળવવા માટે તમે જે પ્રેરણા-પ્રદાન કર્યું છે, એની અવેજીમાં આ સુવર્ણદાન તો ફૂલ-પાંખડી જેટલુંય નથી. માટે ફરી વાર મને આવો લાભ આપવાની વિનંતી ધ્યાનમાં રાખીને વહેલા વહેલા પધારજો.

ચારણે કુંડલાના ધણીનો ગુણવૈભવ સાંભળ્યો હતો, એ તો આ પળે ખૂબ જ ઓછો જણાઈ રહ્યો હતો. એ શ્રવણના પ્રમાણમાં ચારણને થયેલી ગજબ-અજબની ગુણાનુભૂતિનો આનંદ તો કોઈ ઓર જ હતો, એ આનંદને ન તો કોઈ આરો બાંધી શકતો હતો, ન તો કોઈ ઓવારો અવરોધી શકતો હતો.

## વીણાના તાર દ્વારા વેરની વસૂલાત

### ૪

સમ્રાટ અકબર, સંગીતકાર તાનસેન અને સ્વરસ્વામી ગુરુ હરિદાસજી - આ નામો ઈતિહાસ-પ્રસિદ્ધ હોવા છતાં પણ આ ત્રણની સાથે જ સંબંધિત બૈજુ બાવરાનું ચોથું નામ ઓછાએ સાંભળ્યું હશે ? બૈજુના નામથી પરિચિત વ્યક્તિ માટે પણ બૈજુ અને તાનસેન વચ્ચે સંપર્ક કઈ રીતે સ્થાપિત થયો, એ અંગેની રોમાંચક વાતોની માહિતી હોવી તો લગભગ અસંભવિત જ ગણાય. જાણવા જેવો એ ઈતિહાસ છે.

કોઈ પણ ક્ષેત્રે સિદ્ધિ મળવી સહેલી નથી, સિદ્ધિ મળ્યા બાદ એની પ્રસિદ્ધિની પાત્રતા પુરવાર કરી આપવી, એ તો જરાય સહેલી બાબત નથી. સિદ્ધિ-પ્રસિદ્ધિ મળી ગયા બાદ મોટાની કૃપાય મળી જાય, તો એ કૃપાને પચાવી જાણવા માટે તો કોક વિરલો જ સફળ બની શકે.

સંગીતગુરુ હરિદાસજીની ભાવના અને ધારણા તો એવી જ હતી કે, તાનસેન આવી વિરલની કક્ષાને શોભાવનારો સંગીતકાર બને. આવી ભાવનાપૂર્વક એમણે તાનસેનના સંગીતાધ્યયન પાછળ ઠીક ઠીક પરિશ્રમ ઉઠાવેલો. આની ફલશ્રુતિ રૂપે તાનસેન સિદ્ધિ-પ્રસિદ્ધિનો સ્વામી પણ બની ચૂક્યો હતો. પરંતુ એક દિવસ હરિદાસજીએ બૈજુની વીતક જાણી, ત્યારે જ એમને ખ્યાલ આવ્યો કે, તાનસેન માટે પોતે જે ધારણા-ભાવના રાખી હતી, એને તો તાનસેને માટીમાં મિલાવી દીધી હતી. એથી ગુરુ તરીકે એમનું અંતર રડી ઊઠ્યું. અને બૈજુના માધ્યમે એમણે

તાનસેનની સાન ઠેકાણે લાવવા માટે 'શેરના માથે સવા શેર'ના સત્યની સોટીનો ચમચમતો પ્રહાર કરવાનો નિર્ણય કર્યો.

તાનસેન એ સમયનો સુપ્રસિદ્ધ સંગીત સમ્રાટ હતો. એમાં વળી દિલ્હીના શહેનશાહ અકબરે ચાર હાથે એની પર કૃપા-વૃષ્ટિ કરવા માંડી, ત્યારથી તો તાનસેનને ગર્વ-અભિમાનનું એવું તાન ચડી ગયું કે ન પૂછો વાત ! તાનમાં ને તાનમાં તાનસેને અકબરની સભામાં એક એવો વિચિત્ર ફતવો બહાર પડાવ્યો કે, તાનસેન સિવાય તાન છેડવાની કોઈ સંગીતકારે આ સભામાં ગુસ્તાખી ન જ કરવી, તાનસેનને ટપી જાય, એવો ગાયક તો કોણ પેદા થવાનો ? પણ તાનસેનથી ઊતરતી કક્ષાનું ગાવાની પણ કોઈ હિંમત કરશે, તો એના ધડ પરનું ડોકું સલામત નહિ રહી શકે. તલવારનો એક જ ઝાટકો એ ડોકાને ધડ પરથી ઉડાડી દેતાં ખચકાશે નહિ.

આ જાતના ફતવાનો સાચો અને નગ્ન નાગો અર્થ તો એ જ થતો હતો કે, અકબરની સભાને સંગીતથી ડોલાવવા માટે એકમાત્ર અધિકારી તાનસેન જ છે. માટે આ વિષયમાં જે કોઈ માથું મારવાની ભૂલ કરી બેસશે, એનું માથું સહી સલામત નહિ જ રહી શકે ! આ ફતવાનો જેમ જેમ ફેલાવો થતો ગયો, એમ એમ તાનસેનની છાતી ફુગ્ગાની જેમ ફુલાતી ગઈ અને કળાપ્રેમીઓનું કાળજું કપાતું ચાલ્યું. કળા પરની આવી કડક પાબંદીને તો કોણ પસંદ કરે ? અને છતાં એ પાબંદીને પડકારવા જોગું પરાક્રમ કોની પાસે હોય કે, એ આ અંગે અકબરની સભા સામે અવાજ ઉઠાવે ?

તાનસેન માટે સંગીતના ક્ષેત્રે મળેલી સુપ્રસિદ્ધિ 'વઢકણી વહુએ દીકરો જણ્યો' જેવી કહેવતને ચરિતાર્થ કરી જનારી નીવડી. સંગીતકાર તરીકે તાનસેન સુપ્રસિદ્ધ બનતો ગયો, એમ એનું અભિમાન વકરવા માંડ્યું. એના મનમાં એવી રાઈ ભરાઈ બેઠી કે, પોતાની ફેલાતી જતી નામના-કામનામાં કોઈનોય હસ્તક્ષેપ ન જ થવો જોઈએ. કદાચ 'શેરને

માથે સવાશેર' થઈને કોઈ પોતાના માથે પટકાય, એવી શક્યતા જ ન રહેવા દેવી હોય, તો કોઈ જ સંગીતકાર અકબરની સભામાં પગ મૂકવાનો વિચાર જ ન કરી શકે, એવી હવા ઊભી કરી દેવી જોઈએ અને એ હવા વાવાઝોડાની જેમ ચોમેર ફેલાઈ જવી જોઈએ.

આ જાતનો ફતવો સંગીતકારોની વિશાળ સૃષ્ટિને સમસમાવી ગયો, પણ એને કોઈ પડકારી ન શક્યું, એથી અકબરની સભામાં એકમાત્ર તાનસેનનું જ સામ્રાજ્ય સ્થપાઈ ગયું. તાનસેનના મનમાં ઊંડે ઊંડે એક એવો ભય ભમી રહ્યો હતો કે, કદાચ કોઈ સંગીતકાર મને પછાડે, એવો આવી જાય તો મારો બધો જ ગરાસ લૂંટાઈ ગયા વિના ન રહે. માટે મારે પાણી પહેલા પાળ બાંધવાની જેમ એવો કોઈ વ્યૂહ અપનાવવો જોઈએ કે, કોઈ જ સંગીતકાર સ્વપ્ને પણ અકબરના દરબારમાં પગ મૂકવાનું સાહસ જ ન કરે. આ વ્યૂહ ફતવારૂપે ફેલાયો અને તાનસેનનું તાનમાન તાડની જેમ વધતું જ ચાલ્યું.

સૃષ્ટિનો આ તો નિયમ જ છે કે, રાવણ જેવા રાવણનું અભિમાન પણ ચૂરચૂર થઈ ગયા વિના નથી રહ્યું. આની પ્રતીતિ કરાવતો પ્રસંગ એક દહાડો બન્યો. ગુજરાતમાં આવેલા વડનગરમાં વસતો નાગર બ્રાહ્મણનો એક પરિવાર ભારતભ્રમણ માટે નીકળ્યો હોવાથી ફરતો ફરતો એક દહાડો દિલ્હી આવી પહોંચ્યો. સંગીતકળાનો વંશપરંપરાગત વારસો ધરાવતા એ પરિવારના મનમાં એવી એક ઇચ્છા જાગી કે, દિલ્હીની સભામાં સંગીતકળા દર્શાવીને અકબરને રીઝવીએ, તો પછી યાત્રા રૂપે ભારતભ્રમણ કરવું ઘણું સુગમ થઈ પડે ! તાનસેનની નામના કામનાના ઢોલ તો ન સાંભળવા હોય, તોય સંભળાઈ ગયા વિના ન રહે, એ રીતની ગર્જના સાથે દિલ્હીમાં ગાજી ચૂક્યા હતા, આમ છતાં વડનગરથી આવેલ આ નાગરપરિવાર રાજસભામાં સંગીતકારોના પ્રવેશ પર મુકાયેલી પાબંદીના ફતવાથી અજાણ હતો, એથી જ એના મનમાં એવો વિચાર જાગ્યો હતો કે, અકબર જો રીઝી જાય, તો જરૂર ઇનામ

મળે, ને એથી ભારતભ્રમણનો મનોરથ સુગમતા-સફળતાથી પાર પડે.

ગૂર્જર ગાયકોના એ પરિવારે રાજસભામાં પ્રવેશની અનુમતિ માંગતાં સંગીતકારના પ્રવેશ પરની પાબંદીની ચોખવટ કરવામાં આવી, પણ એને બહુ મહત્ત્વ આપ્યા વિના ઇનામ મળવાની આશાથી એ પરિવારે માંગણી ચાલુ જ રાખતાં અંતે ગૂર્જર-ગાયકોને પ્રવેશ મળ્યો, વડનગરના એ ગાયકોને તો કળાનું વરદાન હતું. એથી અકબર સંતોષાઈને પ્રસન્ન બની જાય, એવો સ્વર અને સૂરનો જલસો ઊજવાઈ ગયો. તાનસેનથી ઊતરતું ગાવા પર પ્રતિબંધ હતો, જ્યારે આ ગાયકો તો તાનસેનની સમકક્ષ ગણી શકાય, એવી કળા દર્શાવવામાં સફળ થયા હતા, એથી ઇનામની આશા-સૃષ્ટિમાં તેઓ રાચી રહ્યા હતા, ત્યાં જ અણધાર્યો મોતનો સંદેશો સાંભળવાનો વારો આવ્યો.

તાનસેનના કાને જ્યાં ગૂર્જર ગાયકોનો ગીતધ્વનિ અથડાયો, ત્યાં જ એનો પિત્તો ફાટ્યો કે, ફતવાને ફાડી નાખીને આ રીતે ગાવાની ધિઠ્ઠાઈ કરનારાનાં નામઠામ પણ મારે જાણવાં નથી. ગાનારો ગમે તે નાતજાત કે દેશપ્રદેશ ધરાવનારો હોય, પણ મારા માટે તો એ શત્રુ જ ગણાય. શત્રુને તો ઊગતા પૂર્વે જ ડામી દેવો જોઈએ, એના બદલે આ તો ઊગીને ઉદયની દિશાનો ઊર્ધ્વયાત્રી બન્યો ગણાય. આની ઉપેક્ષા તો કઈ રીતે થઈ શકે ?

આટલો પુણ્યપ્રકોપ ઠાલવીને તાનસેને જ્યાં તલવાર ઉગામી, ત્યાં જ તાનસેનનો ઇશારો સમજી જઈને એના સેવકોએ એ જ તલવારથી ગૂર્જર ગાયકનું ધડમાથું અલગ કરી નાખ્યું. વડીલ-ગાયકની હત્યાના આ આઘાતને જીરવી ન શકનારો એ પરિવાર ભયથી ફફડી ઊઠીને જીવ બચાવવા આમતેમ નાસભાગ કરતા વેરણછેરણ બની ગયો. ગાયકના પુત્રનું નામ હતું બૈજુ ! પિતૃહત્યાનો બદલો લેવાની ધૂન પર સવાર થઈને બૈજુ પાગલ જેવો બનીને રઝળી-રખડી રહ્યો. પિતૃહત્યાના આઘાતે એના દિલદિમાગમાં એવી વેરપિપાસા જગાવી દીધી હતી કે,

રાતદિવસ એ રઝળપાટ કરતો જ રહ્યો અને એની વૃત્તિ-પ્રવૃત્તિમાંથી જાણે તાનસેનનો બદલો લેવાની આગ જ ઓકાતી હતી.

બૈજુ પોતે સમજતો હતો કે, તાનસેનનો એક વાળ પણ વાંકો વાળવો એના માટે ગજા બહારનું કામ હતું. છતાં વેરનો વડવાનલ એના હૈયામાં એ રીતે ભડભડી ઊઠ્યો હતો કે, કોઈ પાગલ આદમીની અદાથી પિતૃહત્યારા તાનસેન પર એ ગાળોનો સતત વરસાદ વરસાવતો ચોમેર ઘૂમી રહ્યો. ગાયક પરિવારથી વિખૂટો પડી ગયેલો બૈજુ એક દહાડો રઝળતો-રખડતો તાનસેનના સંગીત-ગુરુ હરિદાસજીનો જ્યાં વસવાટ હતો, એ યમુના-તટની આસપાસની વૃંદાવન તરીકે વિખ્યાતભૂમિમાં જઈ પહોંચ્યો.

હરિદાસજીને વરેલી સંગીત-સિદ્ધિના પરમાણુઓથી પ્રભાવિત યમુનાતટ પર પગ મૂકતાં જ બૈજુના હૈયામાં સૂતેલો કોઈ સંગીતકાર જાણે આળસ મરડીને બેઠો થઈ ગયો અને પાગલના પ્રલાપની જેમ વેરની વસૂલાત કાજે રાડો પાડનારો બૈજુ એ પ્રદેશના પ્રભાવે ગીતસંગીતના લયમાં લીન બનીને એવાં ગીત લલકારી રહ્યો કે, જેમાં તાનસેન સાથેના વેરની વસૂલાત લેવાનું ખુન્નસ જ ખળભળી રહ્યું હોય ! બૈજુ ગમે તેમ તોય ગાયકપિતાનો વારસો સવાયો કરીને દીપાવી શકે એવો કળાસિદ્ધ દીકરો હતો. એથી કંઠકળા તો એને વરેલી જ હતી. આ કળા ખીલી ઊઠે, એવું વાતાવરણ મળતાંની સાથે જ બૈજુ જાણે પોતાનું પાગલપન ખોઈ બેઠો. આમ છતાં વેરની વસૂલાતની જે વાસના એના હૈયામાં પોઢી હતી. એનાથી છુટકારો તો શક્ય જ ન હતો. એથી બૈજુ આ પૂર્વે રાડો પાડી પાડીને વેરની વસૂલાતની જે વાસના વ્યક્ત કરતો હતો, હવે યમુના તટના પ્રભાવે ગીત-સંગીતના લયમાં વેરની એ વસૂલાત ઘૂંટાવા-પડઘાવા માંડી.

યમુનાતટ તો સંગીત સ્વામી હરિદાસજીની સાધના અને સિદ્ધિની ભૂમિ હતી. આ જ ભૂમિમાં હરતાં-ફરતાં રહેતાં અને પ્રભુના ગુણગાનમાં

ગુમભાન બની જનારા હરિદાસજીના કાનમાં એક વાર બૈજુનું ગીત-ગાન પ્રવેશ્યું અને તેઓ સ્તબ્ધ બની ગયા. એમના અંતરમાંથી એવો અવાજ ઊઠ્યો કે, તાનસેનના તાનમાન ઉતારી દે, એવો આ ગાયક વળી કોણ હશે ? એમાંય વધારે ધ્યાનથી સાંભળવાનો પ્રયત્ન થતાં જ જ્યાં તાનસેનનું નામ અને એની સાથેના વેરની વસૂલાતનો ધ્વનિ સ્પષ્ટ થયો, ત્યાં જ હરિદાસજીની જિજ્ઞાસા ઓર વધી જવા પામી, પોતાની અવિરત સ્વરસાધનાને પળવાર થંભાવી દઈને એમણે પૂછ્યું :

'ગાયક ! તારું નામ શું ? તારું ગામ કયું ? તારા ગીતમાં ગવાતો આ તાનસેન વળી કોણ ? હું હરિનો દાસ હોવા છતાં તને આ બધું જિજ્ઞાસાથી પૂછી રહ્યો છું. મને બીજી કોઈ જ આશ નથી, માટે વિશ્વાસ છે કે, મને બધા જવાબ તારા તરફથી મળી જ જશે.'

હરિદાસજીની સામે એકીટસે જોઈ રહેલો બૈજુ પણ સ્તબ્ધ ઉપરાંત વિચારમગ્ન બન્યો. તાનસેનના સંગીતગુરુ તરીકે હરિદાસજીનું નામ આ પૂર્વે અનેક વાર એના સાંભળવામાં આવ્યું હતું. એ પણ એણે સાંભળ્યું જ હતું કે, યમુનાતટ પર જ વસવાટ કરતા હરિદાસજીના મનમાં કોઈની આશને અવકાશ જ ન હોઈ શકે ! માટે જિજ્ઞાસુ તરીકે મને પ્રશ્ન પૂછનારા આ હરિદાસજી પોતે જ હોવા જોઈએ. આજ સુધી આ રીતે પોતાની ખબર અંતર પૂછનારું કોઈ જ ભેટ્યું ન હતું. એથી બૈજુનું હૈયું ભરાઈ આવ્યું. એણે જવાબ આપવા માંડ્યો :

'હું ધારું છું કે, આપ પોતે જ હરિદાસજી હોવા જોઈએ. કારણ કે આ યમુનાતટ પર પગ મૂકતાંની સાથે જ મારામાં આવેલ પરિવર્તન હું અનુભવી શકું છું. આપની સાધનાથી પ્રભાવિત ભૂમિનો જ એ ચમત્કારી પ્રભાવ ગણાય કે, આ પૂર્વે વેરવસૂલાત માટે પાગલની જેમ રાડો પાડતો રહેનારો હું થોડા દિવસથી વેરવસૂલાતની વાતને ગીતસંગીતમાં ગાનારો બની ચૂક્યો છું. આપની સાધનાના પરમાણુઓથી પ્રભાવિત આ ભૂમિનો જ આ ચમત્કાર ગણાય ! મારું વતન આમ તો વડનગર

છે. પૂરા પરિવાર સાથે ભારતભ્રમણ કરવાની ભાવનાથી ફરતાં ફરતાં અમે દિલ્હી આવ્યા અને...'

બૈજુ આગળ બોલતાં બોલતાં અટકી ગયો. એના શરીરના રૂપરંગ જ જાણે બદલાઈ ગયા. રૂપમાં રૌદ્રતા ધસી આવી અને રંગમાં લાલાશ જ્વાળાની જેમ ભડભડી ઊઠી. હરિદાસજી પૂછી બેઠા : અને પછી શું ? બોલતાં કેમ અટકી ગયો ? દિલ્હીમાં અકબરની સભામાં જવાનું થયું હતું ખરું ? ત્યાં મારા શિષ્ય તાનસેનનો ભેટો પણ થયો જ હશે ?

'તાનસેન' આટલા જ શબ્દો કાને અથડાતાંની સાથે જ બૈજુ બરાડી ઊઠ્યો : શું એ તાનસેન તમારો શિષ્ય થાય ? એ તમારા શિષ્યે તો અમારા પરિવારની ધૂળધાણી કરી નાખી. તમારો ભલે એ શિષ્ય હશે, પણ અમારો તો એ શત્રુ છે શત્રુ ! મારા પિતાજીની ભરસભામાં હત્યા કરનારા એ ઘાતકીના વેરનો બદલો નહિ લઉં, ત્યાં સુધી હું જંપીને બેસી શકીશ નહિ. અભિમાનના પૂતળા જેવા એ તાનસેને પોતાનું સ્થાનમાન ટકાવી રાખવા એવો એક ફતવો બહાર પડાવ્યો હતો કે, અકબરની સભામાં કોઈ સંગીતકારે પ્રવેશવું નહિ અને ગીત લલકારવું નહિ. આમ છતાં આવી ધિટ્ઠાઈ જે કરશે, એનું માથું ધડથી ઉડાડી દેવામાં આવશે. આ ફતવાથી અજાણ મારા પિતાજીએ પોતાની કળા દર્શાવતાં અકબરસહિત સભા ડોલી ઊઠી. એથી ભારે ઇનામ માટે અમને સૌને આશા બંધાઈ. પણ ઇનામ તો દૂર રહ્યું, મારા પિતાજીને તો મળ્યું મોત ! એ જ સભામાં પિતાજીની હત્યા તાનસેનની તલવારે કરતાં અમારો પૂરો પરિવાર વેરણ-છેરણ થઈ ગયો. પિતૃછત્ર ગુમાવનાર પુત્ર તરીકે હું આઘાત ન જ સહી શક્યો અને પાગલ જેવો બનીને આજે રાનરાન રઝળી-રખડી રહ્યો છું. પિતૃ-હત્યારા એ તાનેસન સાથેના વેરની વસૂલાત લઈને જ હું જંપવાનો છું. આ મારો આખરી નિર્ણય છે. હું સમજું છું કે, તાનસેનનો એકાદ વાળ પણ વાંકો વાળવો, એ મારા માટે આજે તો શક્ય જ નથી. પણ જ્યાં સુધી વેરની વસૂલાત

નહિ થાય, ત્યાં સુધી હું જંપીને બેસીશ નહિ ! મારે કંઈ ગાયક નથી બનવું, મારે તો તાનસેનના હત્યારા બનવું છે. આપ જો આ માટે મને સહાયક બની શકતા હો, તો હું તાનસેન કરતાં પણ વધુ સમર્પિત આપનો શિષ્ય બની જવા આ પળથી જ તૈયાર છું.

બૈજુએ જે આપવીતી વર્ણવી, એ સાંભળીને તો હરિદાસજીનું હૈયું વ્યથિત બની ઊઠ્યું. એઓ વિચારી રહ્યા કે, તાનસેન માટે મેં કેવી કેવી ધારણા-ભાવના રાખી હતી ! ખરેખર કળા-વિદ્યા પચાવવી ઝેર જીરવવા કરતાંય કઠિન છે. મારા શિષ્ય તરીકે તાનસેનની સાન ઠેકાણે લાવવી, એ મારી ફરજ થઈ પડે છે. વળી આ બૈજુની હિતચિંતા પણ મારે કરવી જ રહી. હું એનો હાથ ઝાલીને એને સાચા રસ્તે નહિ ચડાવું, તો તાનસેનનાય તાનમાન તોડી શકવા સમર્થ આ બૈજુ બિચારો વેરની વસૂલાત માટે ઝાંવા નાંખતો રહીને આ જીવન એળે ગુમાવી બેસશે, વેરની વસૂલાત તો દૂર રહી, પણ આ બૈજુ ગમે તેટલા ધમપછાડા કરશે, તોય તાનસેનનો એકાદ વાળ પણ વાંકો વાળી શકવાનો નથી. માટે તાનસેન ઉપરાંત આ બૈજુના હિત ખાતર પણ મારે મારી અવિરત-સાધનામાં વિક્ષેપ પાડીનેય શિષ્ય તરીકે આને સ્વીકારી લેવો જ રહ્યો.

તાનસેન કરતાંય વધુ સમયનો ભોગ આપીને આ બૈજુને એવી સંગીત-વિદ્યાનો પારગામી બનાવી દઉં કે, આ બૈજુની આગળ તાનસેનના બધા જ તાનમાન ઊતરી જવા પામે !

બૈજુની વેદના સાંભળ્યા બાદ મનોમન જ કોઈ નક્કર નિર્ણય લઈ લઈને હરિદાસજીએ કહ્યું કે, બૈજુ ! મારી સાધના સ્વર અને સંગીતની છે અને છતાં શિષ્ય તરીકે તું તો મારી પાસે વેરની વસૂલાત કાજે તલવાર ચલાવવાની તાકાત માંગી રહ્યો છે. આમ, આપણી વચ્ચે મેળ જ જામી શકે એમ નથી. પણ તારી વેદના સાંભળીને મારું દિલ એ રીતે પીગળી જવા પામ્યુ કે, હું તને સંગીત શીખવીને મારી રીતે તાનસેન સાથેના વેરની વસૂલાત કરવામાં વિજયી બનાવીશ. તલવારના વાર

દ્વારા જ નહિ, વીણાના તાર દ્વારા પણ વેરની વસૂલાત કઈ રીતે થઈ શકે છે, એ દુનિયા જોતી રહેશે અને તને મળેલી સફળતા બદલ દંગ થઈ જશે. તું શિષ્ય બનવા તૈયાર છે, તો મારે ગુરુ બનવું જ રહ્યું. ચાલ, અત્યારે જ મારા પગલે પગલે આશ્રમનો આશ્રય સ્વીકારી લઈને સ્વરસાધનાની ધૂણી ધખાવવા તારે બેસી જવાનું છે. મને વિશ્વાસ છે કે, થોડા સમયમાં વેરની વસૂલાત કરવામાં તું વિજયી નીવડીશ.

ગુરુ તરીકે હરિદાસજીની આજ્ઞા શિરોધાર્ય કરવાની બૈજુની પૂરેપૂરી તૈયારી હોવા છતાં ગુર્વાજ્ઞા સાંભળીને એને થયુ કે, કંઈક સમજફેર તો નહિ થતી હોય ને ? હું કંઈ ગાયક બનવા નથી માંગતો, મારે તો તાનસેનના ઘાતક બનવું છે, આ માટેનું ખુન્નસ મારી નસેનસમાં ખળભળી રહ્યું છે. પરંતુ હરિદાસજી તો તલવાર છોડાવીને મને વીણા પકડાવા માંગતા લાગે છે. એણે દિલની દુવિધા રજૂ કરતાં કહ્યું કે, તલવાર દ્વારા પણ વેરની વસૂલાત કરવી જ્યાં સહેલી નથી, ત્યાં વીણાના તાર તો કઈ રીતે વેર વસૂલી શકશે ? આપની આજ્ઞાનો શબ્દે શબ્દ શિરોધાર્ય જ છે. પણ હું ગાયક નહિ, ઘાતક બનવા માંગું છું. આટલી સ્પષ્ટતા વારંવાર દોહરાવ્યા વિના નથી જ રહી શકતો.

હરિદાસજીએ હસતાં હસતાં જવાબ વાળ્યો કે, બૈજુ ! વીણાના તારની તાકાત તું હજી સમજ્યો જ નથી, માટે જ આવી દુવિધા અનુભવી રહ્યો છે ! વીણાના તારને રણઝણાવીને તું તાનસેન સાથેના વેરની વસૂલાતમાં જરૂર વિજયી નીવડીશ. એમ મારા અંતરમાંથી અવાજ આવે છે. માટે કોઈ પણ જાતના સંકલ્પ-વિકલ્પથી મુક્ત બનીને તું સંગીતનો એવો સાધક બની જા કે, એ સાધના દરમિયાન પિતૃહત્યા ભુલાઈ જાય, હત્યારો તાનસેન પણ ભુલાઈ જાય, અને એકમાત્ર સ્વરદેવતા અને સ્વર-સાધના સિવાયની સૃષ્ટિ તારી આંખ આગળથી અદૃશ્ય બની જવા પામે.

બૈજુ બાળકની જેમ હરિદાસજીનાં ચરણે આળોટી પડ્યો, હરિદાસજી

માતાની અદાથી એનો બરડો પંપાળી રહ્યા, અને યમુના તટની એ ભૂમિ જાણે વીણા બનીને સતત રણઝણવા માંડી. વીણા દ્વારા વેરની વસૂલાતનું અટપટું ગણિત બૈજુના મગજમાં બરાબર ઊતરતું ન હતું, પણ બાળકની જેમ એને ગુરુ માતા પર શ્રદ્ધા અને વિશ્વાસ હતો, એને તો વેરની વસૂલાતનું ધ્યેય જ સિદ્ધ કરવું હતું, એ ધ્યેયસિદ્ધિ જો વીણા દ્વારા પણ થઈ શકતી હોય, તો પૂરી લગન સાથે વીણામય બની જવાની એની તમામ તૈયારી હતી. એથી ખૂબ જ અલ્પ સમયમાં બૈજુ બાવરો એવો અનુપમ સ્વરસ્વામી બની ગયો કે, એને સંગીતકળા વરી, એમ કહેવા કરતા એને વરીને સંગીતકળા સનાથ બની ગઈ, એમ કહેવું વધુ વાજબી ગણાય.

સંગીત અને સ્વરની સૃષ્ટિમાં ગાજી રહેલા એકમાત્ર તાનસેનના જ નામકામના રણકારને દાબી દેવાપૂર્વક બૈજુ બાવરાના નામકામનો ધ્વનિ ધીમે ધીમે એટલો બધો ગાજવા લાગ્યો કે, તાનસેનને એ ગર્જના સંભળાતી ન હતી કે એ સાંભળવાની એની તૈયારી ન હતી, આ હકીકત હોવા છતાં પણ અકબરના દરબારમાં તો એ ગર્જના પડઘાવા માંડી. અકબર એક વાર યમુના-તટના એ પ્રદેશમાં ફરવા નીકળ્યો, ત્યારે બૈજુની નામના-કામના સાંભળવા દ્વારા એના અંતરમાં જાગતું ગયેલું બૈજુનું આકર્ષણ સુષુપ્તિ તજીને એકાએક જાગ્રત થઈ ગયું અને અકબરે બૈજુને સામેથી આમંત્રણ પાઠવ્યું. વર્ષોથી તાનસેનનું સંગીત સાંભળવા દ્વારા પેદા થયેલી સંગીત-રુચિ હવે નવું જ કઈ સાંભળવાની જિજ્ઞાસા વ્યક્ત કરતા બૈજુ પ્રસન્ન બની ઊઠ્યો. કેટલાક સમયથી એણે જે ધ્યેયની સિદ્ધિ માટે સંગીત-સાધનાની ધૂણી ધખાવી હતી, એ ધ્યેય-સિદ્ધિની ભૂમિકા રચવા એણે પોતાની તમામ શક્તિભક્તિ કામે લગાડીને અકબર સમક્ષ એવી સ્વરમાધુરી વહેતી કરી કે, એ માધુરીના મોહક બનીને અકબરે બૈજુને દિલ્હી આવવા વચનથી બાંધી લીધો. એને થયું કે, આજ સુધી તો મેં સંગીતના કોઈ નવા નિશાળિયાને જ સાંભળ્યો

હતો, એની અપેક્ષાએ આજે તો સાક્ષાત્ ગંધર્વનું ગાન સાંભળવા હું ભાગ્યશાળી બન્યો ! તાનસેન સિવાયના કોઈ સંગીતકારના પ્રવેશ પર મુકાયેલી પાબંદી ભૂલી જઈને અકબરે જ્યારે બૈજુ પાસેથી દિલ્હી આવવાનું વચન મેળવ્યું, ત્યારે જ બૈજુ અકબર પાસેથી વિદાય મેળવી શક્યો.

હરિદાસજીનો આત્મવિશ્વાસ હવે બૈજુને સાચો સાબિત થતો જણાવા માંડ્યો. વીણા દ્વારા વેરની જે વસૂલાત આજ લગી એને સ્વપ્ન સમી ભાસતી હતી, એ સ્વપ્નની સાકારતા બૈજુને હવે હાથવેંતમાં જણાવા માંડી. હિંસાત્મક વેરની વસૂલાતની વાસનાથી મુક્ત થવા હરિદાસજીએ વેરની ભાવનાત્મક વસૂલાતની જે વાટ અવારનવાર શિક્ષણ દરમિયાન દર્શાવી હતી, એ બોધપાઠ એને યાદ આવવા માંડ્યો, હરિદાસજીએ અવારનવાર સમજાવેલું કે, હથિયાર વિના પણ હત્યા થઈ શકે છે, આજ્ઞાભંગ રાજા માટે હત્યા સમો ગણાય અને માનભંગ માનવ માટે હત્યા સમોવડો ગણાય. ડાહ્યા માણસો વેરની વસૂલાત કરવી જ પડે, તો આ જાતની જ હત્યાનો આશ્રય લેતા હોય છે.

અકબરનું આમંત્રણ મળ્યા બાદ બૈજુના ગાગર જેટલા મગજમાં સાગર કરતાંય વધુ સંકલ્પ-વિકલ્પો ખળભળાટ મચાવવા માંડ્યા. મનથી તો ક્યારનોય દિલ્હીના દરબારમાં પહોંચી ગયેલો એ એક દહાડો તનથી દિલ્હી પહોંચી ગયો. એનું આગમન સંભવિત જણાતા જ હચમચી ઊઠેલા તાનસેને બૈજુને માપવા ભરી સભામાં જ સણસણતો સવાલ કર્યો : અકબરની સભામાં સંગીતકાર માટેની પ્રવેશબંધી ખ્યાલ ન હોય, એ તો બનવા જોગ જ નથી, છતાં તમે આ સભામાં પ્રવેશવા થનગની રહ્યા છો, એ કોના બળ પર ?

બૈજુએ બહાદુરીથી જવાબ વાળ્યો : હરિદાસજી જેવા સંગીતસ્વામી તરફથી જે કૃપા મળવા પામી છે, એ કૃપાના બળે હું અકબરની સભામાં પ્રવેશવા સજ્જ બન્યો છું. તાનસેન કરતાં ઊતરતું ગાવાનો આ સભામાં

પ્રતિબંધ છે, પણ વધુ ઊંચી કક્ષાનું ગાવા માટે તો પ્રતિબંધ નથી ને ?

સણસણતા બાણ જેવો આ સવાલ સાંભળીને તાનસેન એક વાર તો ડઘાઈ જ ગયો. એને થયું કે, શેરને માથે આ કયો સવા શેર ટપકી પડ્યો ? ત્યાં તો અકબરે બૈજુની તરફેણ કરતાં કહ્યું : આ ગાયકનો વિશ્વાસ કેટલો સાચો છે ? એનું પારખું આજે થઈ જવું જોઈએ. અકબરની આ આજ્ઞાની ઉપરવટ જવાની તાનસેનની શી તાકાત ? અકબરની જિજ્ઞાસા જોઈને સભાની સમુત્સુકતા પણ વૃદ્ધિંગત બની જવા પામી.

ટાંકણી પડે તોય અવાજ આવે, એવી શાંતિ પથરાઈ જતાં બૈજુએ પોતાની સંગીત-કળાની સિદ્ધિ દર્શાવવાનો પ્રારંભ કર્યો. પ્રારંભની પળથી જ સમગ્ર સભા પર છવાઈ જનારો બૈજુ જેમ પળો પસાર થતી ગઈ, એમ જનજનના મનસિંહાસન પર એ રીતે પ્રતિષ્ઠિત થતો ગયો કે, એ પ્રતિષ્ઠાના પાયા હચમચાવવા કેટલાય તાનસેનોની તાકાત ભેગી મળીને મથે, તોય સફળતા ન સાંપડે ! પળો વીતતી ગઈ, એમ બૈજુના મુખ પર પ્રસન્નતાના ચાર ચાર ચાંદ-સૂરજ ખીલતા ગયા અને તાનસેનનું મુખ-કમળ બિડાતું ગયું.

હાર-જીત અંગેના કોઈ નિર્ણાયકની દખલગીરી વિના જ સભાએ જ્યારે બૈજુના ભાલે વિજયનું તિલક અંકિત કરી દીધું, ત્યારે તાનસેને વિનમ્રતા સાથે પ્રશ્ન કર્યો : બૈજુ ! આપનો પરિચય જાણવાની જિજ્ઞાસા સંતોષશો ?

બૈજુએ ગર્વપૂર્વક ભૂતકાળને યાદ કરાવતાં જવાબ વાળ્યો : તાનસેનજી ! નજીકનો જ ભૂતકાળ યાદ છે ? દિલ્હીની આ સભામાં ગૂર્જરગાયકો વડનગરથી આવ્યા હતા, ત્યારે કોઈ ગાયકની હત્યા કરવામાં આવી હતી, એ જો બરાબર યાદ હોય, તો નોંધી લો કે, એ ગાયક-પિતાનો જ હું પુત્ર છું. પિતૃહત્યાનો બદલો લેવાની ઝંખના આજે જ્યારે પૂરી થઈ રહી છે, ત્યારે આપને કઈ કહેવાનું છે ખરું ?

તાનસેને એકદમ શાંતિથી જવાબ વાળ્યો : ભૂતકાળની એ ભૂલને આજે-અત્યારે કબૂલી લેતાં મારી આંખમાં આપ હવે પાપનું પ્રાયશ્ચિત્ત સ્વીકારવાની સજ્જતાના સૂચક આંસુ જોઈ જ શકતા હશો ? બૈજુ ! આપના પિતાની હત્યાનો બદલો લેવા આપ જો મારુ માથું માગવા-ઈચ્છતા હો, એ સહજ ગણાય, હત્યાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા હું સામેથી કહું છું કે, આપ મારું માથું અત્યારે જ તલવારના એક પ્રહારથી ઉડાડી શકો છો.

તાનસેનને થયેલો આ જાતનો પશ્ચાત્તાપ બૈજુને વિચારમગ્ન બનાવી ગયો. એને થયું કે, તાનસેનનો માનભંગ થયો, એટલે ખરી રીતે વેરની વસૂલાત તો થઈ જ ગઈ ગણાય. તાનસેને આ રીતે અપરાધ કબૂલી લીધો, એથી મારી એ ફરજ બની જાય છે કે, મારે એની ક્ષતિને ક્ષંતવ્ય ગણી લઈને એને માફી બક્ષવી જોઈએ. હરિદાસજીની હાર્દિક-ભાવનાને આવકારતાં બૈજુ બાવરાએ આંસુ સારતી આંખે કહ્યું : તાનસેનજી ! તમારી આવી વિનમ્રતા જોઈને વેરની વસૂલાત થઈ ગયાના સંતોષથી છલકતા હૈયે હું આપને કહું છું કે, વીણાના તાર દ્વારા પણ વેરની વસૂલાત થઈ શકે છે, એવો નવ્ય અને ભવ્ય ઈતિહાસ હવે આજે લખવો છે. ચાલો, આપણે હરિદાસજીના ચરણે જઈએ, અને આવા સુવર્ણ ઈતિહાસના શ્રીગણેશ કરીએ.

ઈતિહાસ કહે છે કે, આ ઘટના બન્યા બાદ હરિદાસજીના વિદ્યાશિષ્ય તરીકે તાનસેન અને બૈજુ બાવરા વચ્ચે જે સ્નેહ-સગાઈ રચાઈ, એ આજેય તવારીખના તખ્ત પર અજર-અમર છે.

## સત્ય અને સત્તા વચ્ચે સંઘર્ષ

### ૫

સત્ય અને સાત્ત્વિકતા સમજવા જેવી લાગવી, એ કઠિન છે, એની સાચી સમજણ પામવી, એ તો વધુ કઠિન છે. સમજણ પણ મળી જાય, આ પછી સત્ય-સાત્ત્વિકતા તરફની નિષ્ઠા જાળવી જાણવી, એ તો કઠિનાતિકઠિન છે. કઠિનાતિકઠિન આવી સાધનામાં જે સફળતા વરે, એને આની ફલશ્રુતિ રૂપે જે સિદ્ધિ સ્વયંવરા બનીને વરતી હોય છે, એ તો એટલી બધી અદ્ભુત હોય છે કે, સ્વપ્નમાં પણ એની કલ્પના આવવી સંભવિત ન ગણાય. ઈતિહાસનાં પાનાં ઉથલાવીશું, તો આવી સિદ્ધિને વરનારા કેઈ નરબંકાઓનાં નામઠામ આપણી આંખ સમક્ષ ખડા થઈ જવા પામશે.

દીવાન ઉત્તમચંદ ગાંધી આવું જ એક નામ હતું. નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા ઉત્તમચંદ ગાંધી મૂળ તો કુતિયાણાના વતની હતા. ખાનદાની, સત્યનિષ્ઠા અને સાત્ત્વિકતા જેવા ગુણો જેમને વારસાગત વર્યા હતા, એવા ઉત્તમચંદ જ્યારે ઊગીને ઊભા થયા, ત્યારે એમને એવો વિચાર આવ્યો કે, કાકા પોરબંદરમાં પ્રતિષ્ઠિત અગ્રણી હોવાથી આજીવિકા માટે હું જો પોરબંદર જઈને કાકાની ઓળખાણથી સારી જગાએ ગોઠવાઈ જાઉં, તો ગુજરાનનો પ્રશ્ન કાયમ માટે ઉકેલાઈ જાય.

કુતિયાણા ગામડું હતું. એની અપેક્ષાએ પોરબંદર બંદર ઉપરાંત

ધીકતું નગર હતું. માટે ઉત્તમચંદને આવેલો વિચાર વાજબી હતો. સગાંસ્નેહીઓએ પણ એ વિચારને વધાવી લેતા મૂછનો દોરો હજી ફૂટ્યો ન હોય, એવી ઊગતી ઉંમરે જ ઉત્તમચંદ કુતિયાણાથી પોરબંદર આવી ગયો. એ ભાગ્યનો બળિયો હતો, એની ભાગ્યવેલ વિસ્તરવા માટે વાડની અપેક્ષા રાખતી હતી. કાકાએ પોતાની લાગવગનો ઉપયોગ કરીને ઉત્તમચંદની નિયુક્તિ વેપારીઓના માલ અને ઉતારુઓના માલસામાન પર દાણ ઉઘરાવવાના જવાબદારીભર્યા સ્થાને કરાવી દીધી. ત્યારે રાણા તરીકે વિક્રમ સત્તાસૂત્રો સંભાળી રહ્યા હતા. જકાત ઉઘરાવવાના અતિ મહત્ત્વભર્યા સ્થાને નિયુક્ત થયેલા ઉત્તમચંદનું વ્યક્તિત્વ જોઈને એઓ ખુશખુશાલ થઈ ગયા. આ સ્થાન તો એવું હતું કે, નિષ્ઠા ધરાવનારી વ્યક્તિ મળી જાય, તો રાજભંડાર છલકાવા માંડે અને ખાઉધરા માણસને આ સ્થાન મળે, તો એ વ્યક્તિ એનો પોતાનો ખજાનો જ છલકાવી દીધા વિના ન રહે.

ઉત્તમચંદની આકૃતિ, એની બોલચાલ અને એની વૃત્તિ-પ્રવૃત્તિ જ એવી હતી કે, મહારાણા આ વર્ષનો રાજભંડાર જે રીતે છલકાઈ જવાની કલ્પના કરતા હતા, એના કરતાં પણ સવાઈ સમૃદ્ધિ એ વર્ષના અંતે રાજભંડારમાં જમા થવા પામી. આ પછી જૂનાગઢની જવાબદારી ઉત્તમચંદને સોંપાતાં એમાં પણ સારામાં સારું પરિણામ જોવા મળ્યું. આથી મહારાણાની ખુશાલી અને કૃપાનો પાર ન રહ્યો. એમણે મનોમન નક્કી કરી નાખ્યું કે, આવી સત્યનિષ્ઠા ધરાવનારા ઉત્તમચંદની કદર કરવામાં જરાય કમીના ન જ રાખવી જોઈએ, લાગતા- વળગતાઓની સાથે વિચાર-વિમર્શ કરીને જકાત ઉઘરાવવાની કાર્યવાહી પૂરી નિષ્ઠાપૂર્વક અદા કરવા બદલ ઉત્તમચંદને દીવાન તરીકેના પ્રતિષ્ઠિતપદે સ્થાપન કરવાની જાહેરાત જ્યારે મહારાણાએ કરી દીધી, ત્યારે સર્વત્ર આશ્ચર્ય ફેલાઈ ગયું. ઉત્તમચંદ અને એના કાકાને માટે પણ આ જાતની જાહેરાત આશ્ચર્ય સાથે અનેરા અહોભાવનો વિષય બની જવા પામી.

પોરબંદરમાં જ્યારે દીવાન પદે ઉત્તમચંદ પ્રતિષ્ઠિત થયા, ત્યારે ઘણાઘણાએ આશ્ચર્ય અનુભવ્યું. પણ ઉત્તમચંદની બે વર્ષની કાર્યવાહીના પ્રભાવે રાજભંડાર છલકાઈ ઊઠ્યાની વિગત જ્યારે જાણવા મળી, ત્યારે સૌના હાથ દીવાનની એ સત્ય-નિષ્ઠાને અંજલિ આપવા જોડાઈ ગયા વિના ન જ રહ્યા. સત્યની સાચવણી કાજે દીવાને આજ સુધી જે અડગતા જાળવી જાણી હતી, એ તો પાશેરાની પહેલી પૂણી જેવી જ હતી, એ પોતે સમજતા હતા કે, દીવાનનું પદ મળી ગયા બાદ તો પોતાની જવાબદારી કેઈ ગણી વધી જવાની હતી અને હવે તો સત્ય ઉપરાંત સત્તા સામેના સંઘર્ષમાં નેક ટેક જાળવી જાણવા માટે જાન પર જોખમ વહોરવું પડે, એવા અગ્નિપરીક્ષાના અવસરોય આવ્યા વિના નહોતા રહેવાના. પણ દીવાનના દિલદિમાગમાં એવો અખૂટ વિશ્વાસ છલકાઈ રહ્યો હતો કે, સત્ય અને સત્તા વચ્ચેના એ સંગ્રામ-સંઘર્ષણમાં પણ પોતાને કોઈ જ નમાવી નહિ શકે.

દીવાનપદે પ્રતિષ્ઠિત થયા પછીનાં થોડાં વર્ષોમાં તો કસોટીનો સામનો કરવાનો કોઈ જ અવસર ન આવ્યો, પણ એક દહાડો મહારાણા દિવંગત થયા અને યુવરાજ સગીર હોવાથી સત્તાસૂત્રો મહારાણીના હાથમાં આવ્યાં, આ પછી અવારનવાર મહારાણી અને દીવાનની વચ્ચે ચકમક ઝરવાની શરૂઆત થઈ. મહારાજા જેવા મહારાણાએ જે રીતે દીવાનની આમન્યા-અદબ બરાબર જાળવી જાણી હતી, એ જાતની આશા તો સ્ત્રીજાત હોવાથી મહારાણી પાસે રાખવી વધુ પડતી હતી. પણ સામે ચાલીને રાજ્યના હિતની વાત સલાહ-સૂચન રૂપે દીવાન જણાવતા, ત્યારે પણ એનો પૂરેપૂરો અમલ થવાની આશા રાખવી વધુ પડતી ગણાતી. આને ભાવિનો એક સંકેત સમજીને દીવાને નાની નાની બાબતોમાં માથું મારવાનું અને યોગ્ય સલાહસૂચનો આપવાનું માંડી વાળ્યું. પણ રાજ્યના હિતની દૃષ્ટિએ જ્યારે કડવા થઈને કહેવાની ફરજ અદા કરવાની કટોકટીની પળ આવતી, ત્યારે તો દીવાન પોતાના

ભાવિની સલામતીનો વિચાર ન કરતા, રાજ્યના ભાવિ-હિતને જ અગ્રિમતા આપતા, એથી મહારાણીને દીવાન દખલગીરી રૂપ જણાતા, પરંતુ આની તો દીવાનને જરાય ચિંતા જ ક્યાં હતી ?

યુવરાજ સગીરવય ધરાવતા હોવાથી મહારાણીએ સત્તાસૂત્રો હસ્તગત કર્યાં હતાં. વળી ખજાનચી રાજ્યની હિતચિંતા કરનારા હતા, એથી ઘણીવાર વિચિત્ર-વિપરીત સંયોગો સરજાતા, પણ દીવાન શાણા હતા, એથી એ કટોકટીનો ઉકેલ આવી ગયા વિના ન રહેતો. પરંતુ એક દહાડો એવી કારમી-કટોકટી સરજાઈ કે, સત્ય અને સત્તા વચ્ચે બરાબરનો સંગ્રામ-સંઘર્ષ છેડાઈ જાય, એટલી હદ સુધી પરિસ્થિતિ વણસી જવા પામી, એમાં નિમિત્તભૂત ખજાનચી બની ગયા.

રાજ્યમાં જરૂર પડે એ મુજબ પૈસા પૂરી પાડવાની જવાબદારી ખજાનચી સંભાળતા હતા, એથી મહારાણીને પણ જ્યારે જ્યારે આવશ્યકતા જણાતી, ત્યારે ત્યારે દાસીઓ દ્વારા ખજાનચી પાસેથી રકમ મળી રહેતી. આવેલી માંગણી બરાબર ન જણાય, તો ઘણીવાર ખજાનચી એ અંગે પૂછપરછ પણ કરતા ને યોગ્ય ન જણાય, તો એ માંગણી પાછી પણ ઠેલી દેતા. ચાર-પાંચ વાર આ રીતે માંગણી પાછી ઠેલાતાં એક દહાડો સમસમી ઊઠેલી દાસીઓએ ખજાનચીને દાઢમાં રાખીને ખજાનચી વિરુદ્ધ એવી કાનભંભેરણી કરી કે, જેથી મહારાણીની આંખ લાલઘૂમ બની ગઈ અને એમણે ખજાનચીને પકડી લઈને પોતાની સમક્ષ હાજર કરવાનો હુકમ છોડ્યો.

ખજાનચી તો રાજ્યને પૂરેપૂરા વફાદાર હતા. અયોગ્ય માંગણીનો અસ્વીકાર આ રીતે ધરપકડનો વિપાક ખેંચી લાવવામાં નિમિત્તભૂત બનશે, એવું તો એમને સ્વપ્નેય કલ્પ્યું ન હતું. એથી પોતાની ધરપકડની ગંધ આવી જતાં જ કિંકર્તવ્યમૂઢ બની જઈને ખજાનચી ગુપ્ત રીતે તરત જ દીવાનના શરણે પહોંચી ગયા. મહારાણીના હુકમની વાત સાંભળીને દીવાનને થયું કે, ગુનો સાબિત થયા પૂર્વે જ ખજાનચીની આ રીતે

ધરપકડ થાય, તો દીવાન તરીકે મારા શિરે પણ કાળું કલંક ચોંટ્યા વિના ન જ રહે. માટે મારી એ ફરજ બની જાય છે કે, શરણે આવેલા ખજાનચીને ધરપકડથી બચાવી લેવા જે કંઈ ભોગ આપવો પડે, એ આપવો અને ખજાનચી જો સાચા જ હોય તો એમનો વાળ પણ વાંકો થવા ન પામે, એ માટે જે કંઈ કરવું પડે, એ જાનના જોખમે પણ મારે કરવું જ રહ્યું.

થોડીક પૂછપરછ કર્યા બાદ દીવાને ખજાનચી તરફ સહાનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું કે, તમારી સચ્ચાઈ અંગે મને તો જરાય સંદેહ નથી. પણ ધરપકડનો હુકમ થઈ ગયો હોવાથી હવે ન્યાયના મંદિરેથી પણ હું તમારી સચ્ચાઈ સાબિત કરવાને જ જંપીશ. મહારાણીનો ગમે તેવો હુકમ આવશે, પણ એને તાબે થવાથી જો સત્ય ઘવાતું હશે, તો સત્યને સુરક્ષિત રાખવા જાનનું પણ જોખમ વહોરવાની મારી તૈયારી હોવાથી મારે ત્યાં કોઈ પણ જાતનો ડર રાખ્યા વિના રહેવાની મારી તમને વિનંતી છે.

ખજાનચી સુરક્ષિત બની ગયા, પણ દીવાનના આંગણે ઓચિંતી-આપત્તિઓનું ધાડું તૂટી પડ્યું. મહારાણીનો હુકમ બજાવવા સજ્જ રાજસેવકોએ જ્યારે જાણ્યું કે, ખજાનચી તો દીવાનના શરણે જઈને સુરક્ષિત બની ગયા છે, ત્યારે સૌ વીલે મોઢે મહારાણી પાસે પાછા ફર્યા. બધી હકીકત જાણ્યા બાદ મહારાણીને થયું કે, દીવાન કંઈ મારા હુકમની ઉપરવટ થોડા જવાના છે ? એમણે તરત જ દીવાનને કહેવરાવ્યું કે, ખજાનચીની ધરપકડનો હુકમ મેં જ કર્યો હતો, આનો ખ્યાલ ન હોવાથી જ તમે ખજાનચીને આશ્રય આપ્યો હોવો જોઈએ. હવે આ ભૂલને સુધારી લેવા તરત જ ખજાનચીને રાજ્યના હવાલે કરી દેશો.

મહારાણીએ આશાભર્યા અંતરે પાઠવેલા સંદેશને સ્વીકારવા જતાં સત્ય અને ન્યાયની નીતિ ઘવાતી હોવાથી દીવાન ઉત્તમચંદે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે, ગુનો સાબિત થયા પૂર્વે ધરપકડનો હુકમ ફટકારવો,

એ તો હડહડતો અન્યાય ગણાય, ખજાનચીને અત્યારે જો તમારા હવાલે કરવામાં હું હકાર દર્શાવું, તો આવા અન્યાયની ભાગીદારી મારા શિરે પણ લદાય, માટે હવે આ પ્રશ્ન ન્યાયની કચેરીમાં વિચારવો જોઈએ, એવી મારી માંગણી છે. બાકી ન્યાય જ્યાં સુધી દોષિત જાહેર ન કરે, ત્યાં સુધી તો ખજાનચીને સગા સંતાનની જેમ સાચવવા, એ મારી ફરજ અને કર્તવ્ય પણ બની જાય છે.

દીવાનની આ વાત ન્યાયી ને વ્યવહારની દૃષ્ટિએ પણ વાજબી હતી. છતાં આમાં મહારાણીને દીવાનની દાદાગીરી દેખાઈ, એથી એમણે બીજો એવો હુકમ સણસણતા બાણની અદાથી છોડ્યો કે, દીવાન તરીકે મહારાણીની સમક્ષ તમારી આવી જીદનો વિપાક તમારી ધારણા બહારનો હશે. માટે હજી તમને તક આપું છું. આપણી વચ્ચેના આજ સુધીના સ્નેહસંબંધના નાતે હું ભારપૂર્વક જણાવું છું કે, ખજાનચીને છોડી દો, નહિ તો એને છોડાવવા માટે જે કંઈ પણ કરવું પડશે, એ બધું જ કરવાની મારી પૂરેપૂરી તૈયારી છે.

સત્ય અને સત્તા વચ્ચે સંગ્રામ ભભૂકી ઊઠે, એ માટેની સુરંગ જાણે બિછાવાઈ જ ગઈ હતી, એમાં ઉભયપક્ષીય આવાં વલણે જાણે ચિનગારી ચાંપવાનું કામ કર્યું. થોડીઘણી મંત્રણાઓ નિષ્ફળ જતાં અંતે સંગ્રામ ખેલીને પણ ખજાનચીનો કબજો મેળવવાનો મહારાણીનો નિર્ણય સાંભળીને પોરબંદર હચમચી ઊઠ્યું. એક તરફ રાજબળની વિરાટતા હતી, બીજી તરફ એની સામે વામન ભાસતી દીવાનની તાકાત હતી.

સત્યને અખંડિત રાખવા માટે સત્તાની સામે સંગ્રામ ખેલવો દીવાનને મંજૂર હતો. શરણાગત ખજાનચીને બચાવવા જતાં પોતાના પૂરા પરિવાર પર જાનનું જોખમ વહોરી લેવાની દીવાનની તૈયારી હતી. એથી એમણે પૂરા પરિવારને અને તહેનાતમાં સજ્જ ચારણ અંગરક્ષકોને વીરતાપૂર્વક સામનો કરવા માટે હાકલ કરી. બીજી તરફ મહારાણી પણ સ્ત્રીહઠનું ઉગ્રસ્વરૂપ બતાવી આપવા માંગતાં હતાં. એમણે તોપોથી સજ્જ લશ્કરને

એવો હુકમ આપીને દીવાનના ઘર તરફ રવાના કર્યું કે, તમારો આવો ફટાટોપ જોઈને જ ખજાનચીને સામેથી સુપરત કરવા દીવાન તૈયાર જ થઈ જશે. પણ આવું ન થાય, તો તોપનો મારો ચલાવીનેય દીવાનને ધૂળચાટતો કરવાની અને ખજાનચીની બોચી પકડીને એને અહીં ઢસડી લાવવાની મારી તમને આજ્ઞા છે.

પુત્ર આદિ પરિવારની સાથે દીવાન પણ શરણે આવેલાની સુરક્ષા કાજે ઝઝૂમવાના બહાને અન્યાયની સામે પ્રચંડ પ્રતિકાર આપવા તૈયાર થઈ ગયા. પોરબંદર માટે જાણે જૂની આંખે નવો જ તમાશો જોવાનો સમો આવ્યો હોવાથી પ્રજાનાં હૈયાં ભયથી ફફડી રહ્યાં હતાં. ત્યાં તો તોપના કડાકા-ભડાકા સંભળાતા ઘણાબધાની આંખો ભયથી મીંચાઈ જવા પામી. પળ પછી શું થશે એની કલ્પના કોઈ કરી શકતું ન હતું. દીવાનનું ગાઢ અંધકારમય ભાવિ જોતાં અસજ્જ સૌની આંખો પર જાણે પાંપણનો પડદો પડી ગયો. અન્યાયની સામે ઝઝૂમતા દીવાનના પક્ષમાં અખૂટ શક્તિનો સંચાર કરવા એકાએક જ ત્યાં તો જાણે પરિસ્થિતિએ પલટો લઈ લીધો.

મહારાણી અન્યાયનાં પક્ષકાર બન્યાં હતાં, એમને પડકારવાની એકમાત્ર સમર્થતા જો કોઈ ધરાવતું હતું, તો તે રાજકોટની અંગ્રેજ એજન્સી ! પોરબંદરમાં અંદર-અંદર જ જાગેલા સંઘર્ષના સમાચાર રાજકોટ પહોંચતાંની સાથે જ ત્યાંથી મહારાણી પર 'રૂક જાવ'નો હુકમ છૂટ્યો. એથી તોપની ગર્જનાઓને એકાએક જ અટકાવી દેવાની મહારાણીને ફરજ પડી. યુદ્ધનાં વાદળો હમણાં જ તૂટી પડશે, એવું જણાતું હતું, પણ પલટાયેલા પવને એ વાદળોને વેરવિખેર કરી નાખ્યાં. અંગ્રેજ-એજન્સીના આગેવાને એ રીતે દખલગીરી કરી કે, બંને પક્ષની વાત સાંભળીને આખરી-નિર્ણય લેવાનું હુકમનું પાનું એના પોતાના જ હાથમાં આવી ગયું. બંને પક્ષને સાંભળ્યા બાદ એજન્સીએ એવો ચુકાદો આપ્યો કે, ખજાનચી દોષિત ન હોવાથી દીવાનની સામે મંડાયેલો

મોરચો તત્કાળ સમેટી લેવામાં આવે !

આમ, અણધારી સહાય મળી જતાં ખજાનચી અને દીવાનના માથે ઘેરાયેલાં ઘનઘોર વાદળ વિખેરાઈ જતાં પોરબંદરની પ્રજાએ શાંતિનો શ્વાસ લીધો. પણ ઘટનાનો સંકેત સમજી જઈને દીવાને મનોમન નક્કી કરી નાખ્યું કે, પોરબંદર સાથેના અંજળ હવે પૂરા થઈ ગયા હોવા જોઈએ, એથી તક જોઈને પોરબંદર છોડી દેવું અને વતન-ભોમ કુતિયાણામાં શાંતિથી શેષ જીવન વ્યતીત કરવું.

દીવાનના આ નિર્ણયની જાણ થતાં જ પોરબંદરે આઘાત અનુભવ્યો. મહારાણીને માટે પણ દીવાનનો આ નિર્ણય કલ્પના બહારનો હતો. પણ તેઓ હવે માનભેર વતન ભેગા થઈ જવા માંગતા હતા, એથી કોઈનીય કાકલૂદી એમના નિર્ણયને ફેરવી ન શકી. દીવાને જ્યારે વિદાય લીધી, ત્યારે પોરબંદરના આઘાતનો પાર ન રહ્યો. દીવાનના આગમનને કુતિયાણાએ હર્ષના ફૂલડે વધાવી લીધું. થોડા સમય બાદ આ સમાચાર જૂનાગઢને મળતાં ત્યાંના નવાબે દીવાનને જૂનાગઢ આવવાનું આગ્રહભર્યું આમંત્રણ પાઠવતાં દીવાનને એ સ્વીકારવું પડ્યું.

દીવાનને આ આમંત્રણ પાછળના હેતુનો ખ્યાલ આવી જતાં વાર ન લાગી. પણ એમનો માનસિક નિર્ણય એવો નક્કર હતો કે, પોરબંદર-રાજ્ય ભલે છોડવું પડ્યું, પણ રાજ્ય તરફની વફાદારી કંઈ છોડાય ખરી ? એથી જૂનાગઢનું આમંત્રણ એમણે સ્વીકાર્યું ખરું, પણ જ્યાં સલામ ભરવાનો અવસર આવ્યો, ત્યાં જ પોરબંદરની વફાદારીને વળગી રહેતા એમણે ડાબા હાથે સલામ ભરી. બીજો કોઈ નવાબ હોત, ડાબા હાથે આ રીતે સલામ ભરવા બદલ દીવાનનો ઊધડો લઈ નાખત. પણ જૂનાગઢના નવાબ સમજુ અને શાણા હોવાથી એમણે ડાબા હાથે સલામ ભરવાનું કારણ પૂછતાં દીવાને સવિનય જણાવ્યું કે, નવાબ ! જમણો હાથ તો પોરબંદર-રાજ્યને સમર્પિત થઈ ચૂક્યો છે. એથી ડાબા હાથે ભરાયેલી સલામને આપ અપમાન નહિ જ ગણો, એવો વિશ્વાસ છે.

જે રાજ્યે દીવાનની ખાનાખરાબી કરી નાખવામાં જરાય કસર રાખી ન હતી, એ પોરબંદર-રાજ્ય તરફની આવી વફાદારી-વૃત્તિ પર ઓળઘોળ બની જઈને નવાબે એની ભરપેટ પ્રશંસા કરી, અને થોડા દિવસની મહેમાનગતિ બાદ દીવાનને જ્યારે વિદાય આપી, ત્યારે બક્ષિસરૂપે નવાબે એવી જાહેરાત કરી કે, દીવાન ઉત્તમચંદની વીરવૃત્તિ અને વફાદારીની કદરરૂપે કુતિયાણામાં કોઈ પણ જાતની જકાત વગર પેઢી-દુકાન ચલાવવાનો કાયમી પરવાનો જૂનાગઢ-નવાબ તરફથી લખી આપવામાં આવે છે.

પોરબંદરમાં સગીર કુમાર પુખ્તવયે રાજ્યાભિષિક્ત બનતા એમણે દીવાન ઉત્તમચંદ ગાંધીને પુનઃ પોરબંદર આવવાનું આમંત્રણ તો આપ્યું. પણ ઉત્તમચંદે એનો સસ્નેહ અસ્વીકાર કર્યો, આમ છતાં ઉત્તમચંદના છ પુત્રોમાંથી છઠ્ઠા કરમચંદને દીવાનપદે અભિષેકીને પોરબંદરે પોતાની ફરજ અદા કરી. કરમચંદના પુત્ર મોહનદાસ 'ગાંધીજી' તરીકે ઈતિહાસમાં અંકિત બની શક્યા. આમ, ગાંધીજીને મળેલા અમુક અમુક ગુણોના અંશ દાદા દીવાન ઉત્તમચંદ ગાંધી તરફથી મળ્યા હતા, એમ માનવું-કહેવું જરાય અયોગ્ય નહિ ગણાય.

# ખાનદાનીનો ખજાનો

## ૬

સંપત્તિ અને સંદેશાની લેવડ-દેવડ માટે કુરિયરની સંદેશવાહક સગવડ તો હજી હમણાં શરૂ થઈ. આની અપેક્ષાએ આંગડિયાનું માધ્યમ થોડું જૂનું ગણાય. બાકી પ્રાચીન-કાળમાં તો આવો વ્યવહાર ખેપિયા દ્વારા જ ચાલતો. ખડતલ દેહ, ખમીરી-ખુમારીભર્યું દિલ અને ખાનદાનીના ખજાના સમું દિમાગ ! આવી ત્રિવિધ વિશેષતાઓ ધરાવતાં ખેપિયાઓને ગમે તેટલી સંપત્તિ અને ગમે તેવો ગુપ્ત-સંદેશો સોંપીને શેઠ-શાહુકારો નિરાંતની ઊંઘ લઈ શકતા, ખાનમુસા આવો જ એક ખેપિયો હતો. બગસરા-ધોરાજી વચ્ચે જ એ ખેપ ખેડતો. પણ એને વરેલી ખાનદાની અને ખુમારીનાં કારણે આસપાસના ઘણા બધા ગામોમાં એનાં નામ-કામની સુવાસ ફેલાઈ જવા પામી હતી. એની ખુમારી એવી હતી કે, કોઈ લૂંટારો કે ધાડપાડું એના હાથમાંથી કાણી કોડી પણ છીનવી ન શકતો. તેમજ ખાનદાનીનો તો એ એવા ખજાના સમો હતો જ કે, જેથી પરધન અને પરસ્ત્રી પર તો એની કુનજર ક્યારે ન પડતી. ખેપિયા તો ઘણા થઈ ગયા, પણ ખાનમુસાનું નામ આજે પણ ભૂલાયું નથી, એ એની ખુમારી અને ખાનદાનીને લીધે.

ખાનમુસા ઝાઝું ભણ્યો ગણ્યો નહતો. પણ એનામાં જે ખાનદાની જોવા મળતી હતી, એથી એમ કહેવાનું મન થઈ આવતું કે, એના જેવું ગણતર તો ભલભલાના જીવનમાં જોવા મળવું મુશ્કેલ હતું. ખેપિયા

તરીકે ખેપ ખેડી ખેડીને જીવનના એના ઘણા વર્ષો વીતી ગયા હતા, છતાં ખાનમુસા ધનથી સમૃદ્ધ થઈ શક્યો ન હતો, પણ આ બદલ તો એને જરાય ખેદ થતો નહતો, એ વાતનું તો એ ગૌરવ લીધા વિના ન રહેતો કે, પરધનને પથ્થર માનવાની ખાનદાનીના ખજાનામાં એકેવાર ખોટ કે ઓટ અનુભવાઈ નથી. આથી વધુ ખુદાની મહેરબાની બીજી કંઈ હોઈ શકે ?

પરધનને પથ્થર સમ માનવાની વાતો ખાનમુસાની જીભ પરથી ઘણી ઘણી વાર ઉચ્ચારાઈ હતી, એ વાતો માત્ર જીભથી જ નહિ, પણ જીગરના ઊંડાણમાંથી ઉચારાયેલી હોવાની પ્રતીતિ કરાવતો પ્રસંગ એક દહાડો બની જવા પામ્યો. બગસરાથી માલસામાન લઈને ખાનમુસા ધોરાજી તરફ આગળ વધી રહ્યો હતો. દિવસો શિયાળાના હતા, એથી મધ્યાહ્ન થવા આવવા છતાં હજી રસ્તા પર લોકોની ખાસ અવરજવર જોવા મળતી નહતી. એકલો એકલો જ ખાનમુસા આગળ વધી રહ્યો હતો, ત્યાં જ રસ્તામાં પડેલી એક કોથળી પર એની નજર ગઈ. એને થયું કે, કોઈ મુસાફરના માલ-સામાનમાંથી જ આ કોથળી પડી ગઈ હોવી જોઈએ. એથી એને સહી સલામત પહોંચાડવા દ્વારા પ્રસન્નતા પામવા માટે પણ મારે આ કોથળી લઈ લેવી જોઈએ અને કાળજાની કોરની જેમ આને જાળવીને એના મૂળ માલિકને શોધી કાઢીને પહોંચતી કરવી જોઈએ.

ખાનમુસાએ એ કોથળી હાથમાં લીધી, વજન દ્વારા એણે અનુમાન કર્યું કે, કોઈ માલદાર માણસની જ આ કોથળી હોવી જોઈએ, એને જ્યારે કોથળી પડી ગયાનો કે ગુમ થઈ ગયાનો ખ્યાલ આવશે, ત્યારે એના હોશકોશ જ ઊડી જશે. એ માલદાર કોથળી પાછી મળવાની આશા ખોઈ બેઠો હશે ! છતાં એ કોથળીની શોધખોળ શરૂ કરાવશે, પણ એની આશા તો એ ખોઇ જ બેઠો હશે, કેમકે આવી કોથળી તો જેના હાથમાં એના બાથમાં દબાઈ ગયા વિના થોડી જ રહે ! ખાન

મુસાને એવો પણ વિચાર આવ્યો કે, જેની કોથળી પડી ગઈ હશે, એ એટલા અંશે ભાગ્યશાળી હશે કે, પડી ગયેલી આ કોથળી પર પહેલી જ નજર મારી ગઈ !

ખાનમુસાએ એ કોથળી ઉંચકી લઈને પોતાના ખભે ભરાવેલા થેલામાં સુરક્ષિત મૂકી દીધી. આસપાસ નજર કરનાર કોઈ નહતું. અને પોતાની સ્થિતિ-પરિસ્થિતિ એવી હતી કે, આ કોથળી પચાવી પાડવાનું મન થયા વિના ન જ રહે અને ગમે તેવા શાહુકારને પણ એવો વિચાર આવી જવો સહજ હતો કે, આજ સુધી મેં જાળવી જાણેલી ખાનદાનીથી ખુશ થઈને ખુદાએ જ આ કોથળી આપવાની મહેર કરી હોવી જોઈએ. નહિ તો ધોળે દહાડે કોઈની નજરે ન ચડતા આ કોથળી મારી નજરે જ કેમ ચડે ? પરંતુ આ રીતે મન મનાવી લીધા બાદ થોડીક પણ સંપત્તિ પચાવી પાડવાની લાલચને વશ બનીને ખાનદાનીનો ખજાનો ખોઈ નાખવાની ખાનમુસાની તો જરા તૈયાર ન હતી. મક્કમ મનને વધુ મક્કમ બનાવવા ખાનમુસાએ ત્યારે જ દૃઢ સંકલ્પ કર્યો કે, વહેલી તકે ધોરાજી પહોંચી ગયા બાદ પહેલો જ પ્રયત્ન કોથળીના માલિકને શોધી કાઢવાનો કરીશ. જ્યાં સુધી આ કોથળીના માલિકનો ભેટો નહિ થાય, ત્યાં સુધી પાણી પીને જ ચલાવી લઈશ, અનાજનો દાણોય મોઢામાં નહિ નાંખુ.

ખાનમુસાએ એવું અનુમાન કર્યું કે, કોથળી હજી કોઈની નજરે નથી ચડી, એથી નક્કી થાય છે કે, આ કોથળી પડી ગયાને ઝાઝો સમય નહિ વીત્યો હોય, વળી કોથળીનો માલિક ધોરાજી પહોંચીને થોડો વિશ્રામ લીધા વિના આગળ જાય એ પણ શક્ય જ નથી.

ખાનમુસાની આ ધારણા સાવ સાચી હતી. બગસરાથી ધોરાજી જવા નીકળેલા રાણીબાના માલસામાનમાંથી જ એ કોથળી અજાણતા પડી ગઈ હતી. એ કોથળીમાં રાણીબાના કીમતી દરદાગીના રાખવામાં આવ્યા હતા. એ કોથળી ખૂબ જ સાચવીને મૂકવામાં આવી હતી, પણ

ઘણીવખત એવું બનતું હોય છે કે, ધારણા કરતા વિપરીત જ થાય. રાણીબાની એ કોથળી અંગે આવું જ બન્યું. બીજો સામાન ઊંચો નીચો કરવા જતા ખ્યાલ ન રહ્યો અને કોથળી નીચે પડી ગઈ. ધોરાજી પહોંચ્યા બાદ જ્યારે રાણીબાએ દરદાગીનાની કોથળી અંગે પૂછપરછ કરી, ત્યારે જ સૌને એવો ખ્યાલ આવવા પામ્યો કે, સામાન્ય સામાનને આડોઅવળો કરીને સાચવવા જતાં કીમતી કોથળી તો ગુમ થઈ ગઈ જણાય છે. આવી દહેશત રાણીબા સમક્ષ વ્યક્ત થતાની સાથે જ રાણીબાની ચિંતાનો પાર ન રહ્યો. ચિંતા ભેગો ગુસ્સો પણ ભળ્યો, અને એમણે આવેશમાં આવી જઈને હુકમ કર્યો કે, આવી બેદરકારી ! સર-સામાનના થોડા મુદ્દા સાચવવા જતાં કીમતી કોથળી જ ગુમાવી દીધી ? જાવ, અત્યારે ને અત્યારે જ ચારેબાજુ માણસો દોડાવો અને કોઈપણ હિસાબે એ કોથળી મારી સમક્ષ હાજર કરો.

ધોરાજીમાં પ્રસન્નમુખે પ્રવેશેલા રાણીબાના સમગ્ર કાફલાના મોઢા પર પ્રવેશ પછીની પળોમાં શોકની કાજળ પથરાઈ ગઈ. સિપાઈઓ અને સૈનિકો મારતે ઘોડે કોથળી શોધવા મંડી પડ્યા. એમની દોટ બગસરા તરફના રસ્તા ભણીની હતી, જ્યારે જેના હાથમાં રાણીબાની એ કોથળી જડી આવી હતી, એ ખાનમુસા કોથળીના માલિકને શોધી કાઢવા ધોરાજી તરફ આગે બઢી રહ્યો હતો. એણે કરી રાખેલી કલ્પના મુજબ જ કોથળીની શોધમાં નીકળેલા સિપાઈઓના ચહેરા જોઈને એને એવી આશા બંધાઈ કે, પારકી આ થાપણ મારે હવે ઝાઝો સમય સાચવવી નહિ પડે, સામેથી સણસણતો સવાલ થતાં જ ખાનમુસાએ શાંતિથી જવાબ વાળતા જણાવ્યું કે, હું તમારા જેવાની પ્રતીક્ષામાં જ છું. દરદાગીનાથી ભરેલી એક કોથળી રસ્તામાં પડી ગયેલી મારા જોવામાં આવતા જ મેં એને સાચવીને સાથે લઈ લીધી છે. એમ લાગે છે કે, તમારા રાણીબાના દરદાગીના સાચા શેઠની પાંચ શેરી જેવા જ હશે, કોથળીના માલિકની શોધખોળ કરવા મારે હવે સમય બગાડવો નહિ

પડે. સારું થયું કે, તમે સામે પગલે આવીને મને ભેટી પડ્યા.

ખૂબ જ ઓછી મહેનતે કોથળી મળી જવા પામી હોવાથી આનંદિત બની ઉઠેલા સૌ ધોરાજીમાં આવીને સીધા જ રાણીબાના ચરણે નમી પડ્યા.

દરદાગીનાની કોથળી રાણીબાનાં ચરણે સમર્પિત કરતાં ખાનમુસાએ કહ્યું : રાણીબા ! આ આપના દરદાગીનાની કોથળી ! ખુદાએ જ આને સહી સલામત સાચવી છે અને મારા માધ્યમે આપની આ કોથળીને આપને હાથોહાથ સુપરત કરાવનાર પણ ખુદ ખુદા જ છે. ખુદાએ સુરક્ષિત રાખેલી આ કોથળીને સહી સલામત આપને પહોંચાડવાની પુણ્ય દલાલી મને મળી, એ બદલ ખુદાતાલાનો ખૂબ ખૂબ આભાર !

રાણીબા પ્રસન્ન બની ઉઠ્યાં. ખાનમુસાએ કહ્યું : આ કોથળી રસ્તામાં જડ્યા બાદ મેં ખોલીને અંદર જોયું પણ નથી અને કાળજાની કોરની જેમ આનું જતન કર્યું છે. હવે આને આપ જોઈ લો, ખુદાએ જાળવણી કરી, એટલે બધું સહીસલામત જ હોય. છતાં આપ જોઈ લો, તો મને સંતોષ થઈ જાય અને હું મારા કામે વળગી શકું.

ખાનમુસાની આ જાતની ખાનદાની પર રાણીબાને ચારે હાથે વરસી પડવાની ઈચ્છા થઈ આવી. બધા જ દરદાગીના સહીસલામત હતા. રૂપિયા પણ અકબંધ હતા. ખાનમુસાની ખાનદાનીની કદરરૂપે હજાર રૂપિયા રાણીબાએ સામેથી આપવા માંડ્યા, ત્યારે ખાનમુસાએ જવાબમાં કહ્યું કે, મેં કોઈ વિશિષ્ટ કામ કર્યું હોય, તો વળી આવું ઈનામ હજી વાજબી ગણાય. પણ મેં તો જે આપનું હતું, એ જ આપને પહોંચાડીને મારી ફરજ જ અદા કરી છે. આથી મારી ખાનદાનીનો ખજાનો આજે તરબતર બની ઉઠ્યો, આથી વધુ બીજું કયું ઈનામ હોઈ શકે ?

રાણીબાના હાથમાં રહેલા હજાર રૂપિયા એમને એમ રહ્યા અને

ખાનમુસા ધોરાજીના સંપેતરા પહોંચાડવા-સુપરત કરવાની જવાબદારી અદા કરવા ચાલી નીકળ્યો. કોથળીનો માલિક મળી જતા, મસ્તક પરથી જાણે મણ-મણનો બોજ ઉતરી ગયો હોય, એવી મોજમાં મહાલવાપૂર્વક જતા એને સૌ કોઈ અહોભાવભરી આંખે અને અંતરે એકીટસે જોઈ જ રહ્યા.

ગરીબીમાં કરેલું દાન જેમ વરદાન બનીને પ્રતિફલિત બન્યા વિના ન રહી શકે, એમ પોતાની સ્થિતિ-પરિસ્થિતિના વિચારને વચમાં જરાય અવકાશ આપ્યા વિના ખાનમુસાએ જે ખાનદાનીને જરા પણ ખંડિત થવા દીધા વિના ખરેખર આ રીતે જાળવી જાણી હતી, એ ખાનદાની થોડી જ એળે જવા પામે ? લાખની મૂલ્યવત્તા અંકાય, એવી એ ખાનદાની ભવિષ્યમાં કરોડોની કિંમતમાં ફેરવાઈ જઈને પ્રતિફલિત ન બને, તો જ એ નવાઈની વાત ગણાય.

પાસે પૈસાની મૂડી ન હોવા છતાં જેની ખાનદાનીનો ખજાનો દિન-પ્રતિદિન વધુ ને વધુ સમૃદ્ધ બનતો જતો હતો, એ ખાનમુસાનો હાથ ધોરાજીના જ કોઈ શેઠિયાએ એક દહાડો ઝાલ્યો અને ખેપિયા તરીકેની રઝળપાટથી છેડો ફાડી દઈને ખાનમુસા મુંબઈમાં જઈ પહોંચ્યો. વેલા વિના વાડ પણ ન ચડે, વ્યવહારની આ સચ્ચાઈને સાબિત કરી બતાવવા એ શેઠે પોતાની જ પેઢીમાં નોકરી અપાવીને ખાનમુસાના પગને મુંબઈમાં કંઈક સ્થિર કર્યા. શેઠ નોકરી આપીને જ સંતોષાઈ જાય એવા ન હતા. નોકરીની સાથે સાથે ખાનમુસાનું જીવન પ્રગતિના પગથિયા ચડી શકે, એવી હિતશીખ આપવાની પળ-તક પણ જ્યારે જ્યારે આવતી, ત્યારે એને શેઠ અચૂક ઝડપી લેતા.

એક દહાડો પોતાના મિત્રો સાથે બજારમાં ફરવા નીકળેલા ખાનમુસાના દિલ-દિમાગમાં એક છેલકડી વસી ગઈ. હરાજીથી વેચાતી ચીજવસ્તુઓ એ બજારમાં ખૂબ જ સસ્તાભાવે મળતી. ખાનમુસાના ખિસ્સામાં ચારેક રૂપિયા રોકડા એકઠા થયા હતા. અને છેલકડી ખરીદવા

મન તલપાપડ બન્યું હતું. હરાજી શરૂ થઈ. છેલકડીની હરાજી ત્રણ રૂપિયા આગળ આવીને અટકી. ખાનમુસાએ સાડાત્રણનો આંકડો જાહેર કર્યો. કોઈ આગળ વધ્યું નહિ, એથી સાડા ત્રણ રોકડા રૂપિયા ચૂકવીને 'છેલકડી'ને હાથમાં રમાડતાં રમાડતાં એને થયું કે, ખૂબ જ સસ્તામાં આ છેલકડી મળી ગઈ હોવાથી મારી આ પહેલી કમાણીને શેઠ પણ વખાણ્યા વિના નહિ જ રહે.

ખાનમુસા ખુશખુશાલ હૈયે શેઠ પાસે આવ્યો અને આશાભર્યા અંતરે એણે છેલકડી શેઠના હાથમાં જોવા આપી. છેલકડી જોઈને શેઠને વિચાર આવ્યો કે, ભાઈસાહેબ બજારમાં હરાજીથી આ છેલકડી ખરીદી લાવ્યા લાગે છે. હજી આ પહેલી જ ખરીદી છે. આ રીતની ખરીદીનો ચસકો લાગી જાય, તો તો કૂવાની છાયા કૂવામાં જ સમાઈ જાય, એમ મુંબઈની કમાણી મુંબઈમાં જ સમાણી, જેવું જ ભાવિ સરજાવાની શક્યતા ગણાય. માટે અત્યારથી જ મારે આને ચેતવી દેવો જોઈએ. શેઠે છેલકડી હાથમાં લઈને પ્રસન્નતા દર્શાવવા પૂર્વક શિખામણ આપવાના ઈરાદાથી કહ્યું :

'આ છેલકડી સાડાત્રણ રૂપિયામાં મળી ગઈ હોય, તો તો સસ્તામાં મળી ગઈ ગણાય. તારા ભાગ્યે જ તને આ ભેટ અપાવી, એમ માનવું જ રહ્યું. પણ 'મુંબઈની કમાણી મુંબઈમાં જ સમાણી' આવું ભાવિ ન સરજવું હોય, તો અત્યારથી જ આવી ખોટી-નાહકની ખરીદીથી વેગળા રહેવું જોઈએ. આ છેલકડી ન ખરીદી હોત, તો જીવન-નિર્વાહ કરવામાં તને કોઈ મુસીબત ન ઊભી થાત અને આને ખરીદવામાં સાડાત્રણ રૂપિયા વાપરી નાખ્યા, એથી કઈ તારો જીવન-નિર્વાહ સરળ થઈ જવાનો નથી. માટે આવી ખરીદીનો ચસકો ન લાગી જાય, એનો ખ્યાલ રાખીશ, તો જ સુખી થઈ શકીશ અને ટીપે ટીપે ભરાતા સરોવરની જેમ સમૃદ્ધ બની શકીશ. છેલકડીને ઉપલક નજરે જોતા જ શેઠને એવો સંદેહ જાગ્યો હતો કે, આની મૂલ્યવત્તા દેખાય છે, એથી કેઈ ગણી વધુ

હોવી જોઈએ. એથી એમણે ખાનમુસાને કહ્યું કે, અત્યારે તો આ તારે આ છેલકડીની કોઈ જ આવશ્યકતા નથી ને ? માટે હાલ આ છેલકડી ભલે મારી પાસે રહી. તારી થાપણ તરીકે જ હું આને બરાબર જાળવીશ.

શેઠની શિખામણ સહર્ષ શિરોધાર્ય કરીને ખાનમુસાએ મનમાં એવી ગાંઠ વાળી કે, હવેથી આવી ખોટી ખરીદી ન જ કરવી. એણે એ છેલકડી સહર્ષ શેઠને સુપરત કરી દીધી. શેઠનો સંદેહ સાચો નીકળ્યો. એ છેલકડીની સફાઈ કર્યા બાદ શેઠે ઝવેરી પાસે એનું મૂલ્યાંકન કરાવ્યું, તો એ મૂલ્ય સાંભળીને શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો. ઝવેરીએ એનું મૂલ્ય આંક્યું હતું : સોળ હજારનું ! સાડાત્રણ રૂપિયે મળેલી છેલકડીનું ૧૬ હજારનું મૂલ્ય સાંભળીને શેઠને એવો વિશ્વાસ બેસી ગયો કે, આ ખાનમુસા ખરેખર નસીબથી નબળો નથી લાગતો. માટે એની ભાગ્યવેલને વિસ્તરવા માટે વાડ પૂરી પાડવાનું કર્તવ્ય મારે અદા કરવું જ જોઈએ. શેઠે એ છેલકડી વેચીને એના રોકડા ૧૬ હજાર રૂપિયા ખાનમુસાના નામે પેઢીના ચોપડે લખી નાખ્યા. આની ગંધ પણ ખાનમુસાને ન આવી. પણ થોડા મહિનાઓમાં જ ખાનમુસાના ભાગ્ય આડેનું પાંદડું ધીમે ધીમે ખસતું જતું હોય, એવી સ્પષ્ટ પ્રતીતિ થતા અંતે એક શુભઘડી એવી આવી કે, શેઠે ખાનમુસાની આગળ પોતાની પેઢીમાં ભાગીદારી તરીકે જોડાઈ જવાનો પ્રસ્તાવ સામેથી રજૂ કર્યો. ત્યારે ખાનમુસાએ જવાબમાં જણાવ્યું કે, શેઠ ! મારી લાયકાત આપના નોકર તરીકેની જ છે. લાયકાતથી વધુ સ્થાન-માન આપો, એ આપની ઉદારતા ગણાય, પણ એ ઉદારતાને હું ગ્રહણ કરી લઉં, એ મને તો ન જ શોભે. ભાગીદાર તરીકે તો એનું જ નામ શોભે કે, જે આ પેઢીમાં થોડાઘણા રૂપિયા પણ રોકી શકવા સમર્થ હોય !

શેઠે સમય જોઈને રહસ્ય પરનો પડદો ઉંચકી લેતા કહ્યું કે, ખાન મુસા ! તારા નામે તો પેઢીમાં ૧૬ હજાર રૂપિયા ક્યારના જમા છે. વ્યાજ સાથે એ રકમ હવે તો મોટી થઈ ગઈ હશે ? એનું રોકાણ

આજથી પેઢી ખાતે કરવામાં તને કોઈ જાતનો વાંધો ન જ હોવો જોઈએ, એમ હું માનું છું.

"૧૬ હજાર અને એ પણ મારા નામે જમા ? " ખાનમુસા સાશ્ચર્ય પૂછી બેઠો, ત્યારે શેઠે ભૂતકાળની યાદ કરાવતાં સાડાત્રણ રૂપિયામાં ખરીદેલી એ છેલકડીની સ્મૃતિ કરાવીને અંતે એટલું જ કહ્યું કે, ખાન મુસા ! ખોટી ખરીદી બદલ ત્યારે તો મેં તને ઠપકો પણ આપ્યો હતો, પરંતુ જ્યારે ઝવેરી પાસે એ છેલકડીની કિંમત જાણી, ત્યારે ૧૬ હજારનો આંકડો સાંભળીને મને થઈ ગયેલું કે, ખાનમુસાનું નસીબ તો નબળું નથી જ ! ત્યારે એ છેલકડી વેચી દઈને એની રકમ મેં તારા નામે ચોપડે લખી દીધી, આજે તો એ રકમ વ્યાજ સાથે ૨૦ હજારની થઈ જવા પામી છે. માટે જ તને હું ભાગીદારીમાં જોડાવાનું આમંત્રણ આપી રહ્યો છું.

ખાનમુસાએ આ વાત જાણી, ત્યારે રહસ્ય પરથી પડદો હટી જતા એ ગદ્ગદિત અને અહોભાવિત બનીને શેઠનાં ચરણમાં ઝૂકી પડતા બોલ્યો : શેઠ ! આપની વાડ બનવાની આવી ઉદારતા જોઈને વેલરૂપે વિસ્તરવામાં મારે શા માટે કૃપણતા દાખવવી જોઈએ ? આપે એ દિવસે શીખવાડેલો બોધપાઠ મને બરાબર યાદ રહી ગયો છે, એ પછી આવી એક પણ ખોટી ખરીદી આજ સુધી મેં કરી નથી. એનો જ એ પ્રતાપ છે કે, ચોપડે જમા ૨૦ હજારની રકમમાં ૧૦ હજારની બીજી રકમ જોડીને હું આપની પેઢીમાં ભાગીદાર બનવા આજે બડભાગી બની શકીશ.

ખાનમુસાની આ વાત સાંભળીને તો શેઠ વધુ અહોભાવિત બની ઉઠ્યા. ૧૦ હજાર જેવી કમાણી નોકર તરીકે ખાનમુસાએ કરી જાણી હતી, એમાં પોતે આપેલી શિખામણનો પણ ખાસ્સો હિસ્સો હતો, એ શેઠને મન આનંદની વાત હતી. વાડનો સધ્ધર સહારો મળી જતા ખાન મુસાની ભાગ્યવેલ ધીમે ધીમે વિસ્તરતી ચાલી. એમાં વળી એ અરસામાં જ ગ્યાસતેલ ને પેટ્રોલનું પ્રથમવાર જ વેચાણ પરદેશથી ભારતમાં

પ્રારંભાતા, એ વિદેશી-કંપનીની એજન્સી ખાનમુસાના સદ્‌ભાગ્યે એના હાથમાં આવી જતા તો એનો ભાગ્ય-ભાનુ હજાર હજાર કિરણે પ્રકાશી ઉઠ્યો.

એ જમાનામાં દાનવીર તરીકેની ખાનમુસાની ખ્યાતિ જયારે ચોગરદમ વિસ્તરતી ચાલી, ત્યારે પણ એટલી જ નમ્રતા દાખવતા ખાનમુસા કહેતા કે, આ તો સાડાત્રણ રૂપિયાનું વ્યાજ છે. ખરેખરી મારી મૂડી તો સાડાત્રણ રૂપિયા જ હતી અને છે. મુંબઈના વસવાટ દરમિયાન ચોતરફ છવાઈ ગયેલા ખાનમુસા ધોરાજીના વતનને જરા પણ ભૂલ્યા નહિ. થોડા ઘણા વર્ષો પૂર્વેના ધોરાજીમાં ખાનમુસાના વંશજો હયાત હતા, એમ ઈતિહાસ નોંધે છે. નાનકડો પણ ગુણ જો ગુણમૂલક હોય, તો તેના પ્રતાપે નાનો માણસ પણ કેટલી ઊંચાઈ સર કરી શકે છે, એનો નમૂનો એટલે જ ખાનમુસાની ખાનદાની દર્શાવતો આ પ્રસંગ !

## નકલના નેજાની અણનમતા કાજે

## ૭

સુવર્ણ દ્વિઅર્થી શબ્દ છે. સુવર્ણનો એક અર્થ સોનું થાય, એમ સુવર્ણ એટલે સારો શબ્દ એવો અર્થ પણ થાય. પાલિતાણા પાસેના પરવડીમાં જન્મેલા પરજિયા સોની રાણાએ આ બંને અર્થો પોતાની રસ-રુચિ અને રહેણી-કરણી દ્વારા સાર્થક કરી જાણ્યા હતા. એનો હાથ સોનીનો હતો, તો એના કંઠમાં કોઈ ગઢવી-ચારણ જેવો લય અને લહેકો રણકતો હતો. સુવર્ણને ઘડતાં ઘડતાં એના કાળજામાં શબ્દો ઘડાઈ જઈને કવિતાનું રૂપ ધારણ કરી લેતા, તો કોઈ કમનીય કવિતા જેવો કસબ એના દ્વારા ઘડાયેલા અલંકારોમાં જોવા મળતો. સોની તરીકે જ એને સત્કારીએ, તો એના કંઠ દ્વારા રણકતા ચારણને ન્યાય મળતો નહતો અને ચારણ તરીકે જ એને બિરદાવીએ, તો સોની તરીકેનો એનો સત્કાર અધૂરો રહેતો હતો. એથી સોની અને ચારણ તરીકેની બંને કારકિર્દીને ન્યાય આપવા એને સિદ્ધહસ્ત સુવર્ણકાર તરીકે જ બિરદાવવો યોગ્ય ગણાય.

રાણાને સોનીના સંસ્કારો તો જન્મથી જ મળ્યા હતા. પણ એ ચારણ તરીકે કઇ રીતે ચમકી ગયો, એની એને ખુદને પણ ખબર ન પડી. બાકી સુવર્ણ ઘડતાં ઘડતાં એના કાળજામાં સુવર્ણ-સુંદર શબ્દો પણ ઘડાઈ જઈને કવિતા બની જતા, એ શબ્દો જ્યારે એના કંઠેથી લય અને લહેકા સાથે ગવાતાં, ત્યારે સોની રાણાને સૌ ચારણના રૂપમાં રાણા ગઢવી તરીકે સંબોધતા. રાણાને જેટલો રસ અને જેટલી રૂચિ સુવર્ણ

ઘડવામાં હતી, એથી વધુ રસ કાવ્ય-કવિતા-દુહા-છપ્પાઓ અને ચારણ ગઢવીઓના યોજાતાં ડાયરા સાંભળવાનો હતો.

રાણો પરજિયો-સોની હોવા છતાં એનો કંઠ મધુર હોવાથી લોકો એના મોઢેથી લોક-સાહિત્યને સાંભળવા એકઠા થતા. વક્તા-શ્રોતા વચ્ચે સધાતી તલ્લીનતા જોઇને કોઇ બોલી ઉઠતું કે, આ તો અસલી ચારણ કરતા ચાર વેંત ચડી જાય, એવા ચારણનો જ અવતાર છે, તો કોઈ વળી મજાકમાં એમ સંભળાવી દેતું કે, આમ કંઇ સૂંઠના ગાંગડે ગાંધી ન બની જવાય, કંઠ ભલે ચારણ જેવો રહ્યો, દુહા-છપ્પા-કવિતાનો ભંડાર પણ ભલે અખૂટ રહ્યો. પણ આટલામાત્રથી કંઈ ગઢવી કે ચારણ તરીકે વિખ્યાત ન બનાય. કવિત્વની આ કળા કોઇ રાજદરબારમાં પેશ કરો અને 'રાજકવિ' તરીકેનો ઇલ્કાબ મેળવો, આ પછી જ તમે ચારણ-બારોટ કે લોકસાહિત્યકાર તરીકેના બિરુદને પાત્ર ગણાવ. સોની તરીકેની છાપ તમને બારોટ તરીકે બિરદાવવામાં બાધક બને છે. માટે તમે જો રાજાને રીઝવીને જો 'રાજકવિ'નું બિરુદ પામી શકો, તો જ તમે સાચા ચારણ ગણાવો.

મશ્કરીમાં ઉચ્ચારાયેલાં આ વેણ સોનીને ચાનક ચડાવી ગયા. એના મોંઢામાંથી શબ્દો સરી પડ્યા કે, આ પણ કરી બતાવીશ. કાળા માથાનો માનવી ધારે, એ કરી શકતો હોય, તો મારા માટે રાજાને રીઝવવો, એ કંઇ મોટી વાત ગણાય.

પરજીયા સોની તરીકેની છાપ ભૂંસી નાંખીને ગઢવી-ચારણ તરીકેની પ્રતિષ્ઠા પામવા આ પછી તો રાણાએ ગઢવી તરીકેનો વેશ બરાબર ભજવવા માટે એક દિ' પરવડીનો પરિત્યાગ કરીને પાલિતાણામાં પ્રવેશ મેળવ્યો, પાઘડીથી માંડીને મોજડી સુધીના એમના પહેરવેશમાં આવેલું પરિવર્તન જોઈને સૌ રાણાને ગઢવી જ ગણી રહ્યા અને જ્યાં એમના કંઠનો કેકારવ સંભળાયો, ત્યાં જ અસલી ચારણથી ચારવેંત ચડે એવા ચારણ તરીકે રાણાને સૌ માન-સન્માન આપવા માંડ્યા. એમની આવી

કીર્તિ ધીમે ધીમે પાલિતાણાના રાજવી સૂરસંગજી ઠાકોરના દરબારમાં ગુંજવા માંડી.

પાલિતાણાના ઠાકોર તરફથી સામેથી આમંત્રણ આવતા એક દિ રાણાનો રાજીપો ઓર વધી ગયો. આંખમાં જે સ્વપ્ન-સૃષ્ટિ રમી રહી હતી, એને સાકાર કરવાના અવસરને વધાવી લેતા રાણા પૂરી તૈયારી સાથે રાજદરબારમાં પહોંચી ગયા. સૂરસંગજીની ઉત્સુકતા મયૂર જેવી હતી, તો રાણા અષાઢી મેઘની જેમ મુશળધારે વરસી જવાના મનોરથ સેવતા હતા. એથી પહેલીવારની જ એ મુલાકાત અજબગજબની ફલશ્રુતિ આણવામાં પ્રબળ નિમિત્ત બની જવા પામી. રાજવીને એવી પ્રતીતિ થવા માંડી કે, આજ સુધી તો ડાયરાના નામે સંગીતના સરોવરમાં મેં માત્ર છબછબિયા જ માર્યા હતા, જ્યારે આજે તો મને અમૃતની વર્ષા માણવાની મળી ! આવો કેકારવ રોજ સાંભળવા મળે અને રોજરોજ આવી અમૃતવર્ષા માણવાનું મળે તો કેવું સારું !

પાલિતાણાના ઠાકોર સૂરસંગજી ચારે હાથે વરસતા અને અંતરથી ઓળઘોળ બનતા બોલી ઉઠ્યા : રાજકવિ કરતા પણ ઉંચા શબ્દોથી તમને નવાજવાનું મન થઈ આવે છે. પણ જ્યાં સુધી આવા શબ્દોની શોધ પૂર્ણ ન થાય, ત્યાં સુધી તો હું તમને 'રાજકવિ' તરીકે જ સંબોધીશ.

આ શબ્દો સાંભળીને ઝૂકી પડેલા રાણાની પીઠ થાબડીને ઠાકોરે આમંત્રણની અદાથી કહ્યું કે, રાજકવિ ! આજની જેમ પ્રતિદિન પધારીને અમૃતવર્ષા કરતા રહેવાનું નિમંત્રણ આપ્યા વિના રહી શકતો નથી. મને વિશ્વાસ છે કે, આ નિમંત્રણને આપ નહિ જ નકારો.

રાણાની પ્રસન્ન મુખમુદ્રાને સંમતિ માનીને સભાજનોએ હર્ષ-ધ્વનિ જગવ્યો : રાજકવિ રાણા મેઘમલ્હાર બનીને વરસશે અને આપણે સૌ મયૂર બનીને એ સંગીત-વર્ષાને ઝીલવા પ્રતિદિન સૌભાગ્યશાળી બની શકીશું, આને પણ આપણાં ભવ્ય-ભાગ્યની અચૂક ભેટ જ ગણી શકાય.

ઠાકોર સાથેની એ પ્રથમ મુલાકાત જ એટલી બધી સફળ પુરવાર

થઇ કે, રાજકવિ તરીકે આવકારાયેલા રાણા ધીમે ધીમે ગઢવી અને ચારણ તરીકે સુવિખ્યાત બનતા ચાલ્યા. સોની તરીકે તો પાલિતાણાં એમને કોઇ ઓળખતું જ નહતું. ધીમે ધીમે ખુદ રાણા પણ પોતાની જાતને સોની તરીકે ભૂલી જઇને ગઢવી અને ચારણ તરીકે જ ઓળખી ઓળખાવી રહ્યા. આ ઓળખાણ ગમે તેવી અને ગમે તેટલી દૃઢ અને રુઢ બને, પણ ખરેખર તો એ નકલી હતી અને અસલ એનું જ નામ કે, ગમે ત્યારે પણ નકલનું નાક દબાવીને અસલ પોતાનો અણસાર દર્શાવીને જ રહે !

રાજકવિ રાણા અસલમાં તો સોની જ હતા, ગઢવી કે ચારણ તરીકેની એમની ઓળખાણ અસલી તો હતી જ નહિ. વર્ષો બાદ એક દહાડો એ અસલનો અણસાર રાજવી સૂરસંગને આવી જવા પામ્યો. બન્યું એવું કે, પ્રતિદિન રાજસભામાં આવીને ડાયરો ગજવતા રાણા ગઢવી એકવાર તબિયતની અસ્વસ્થતાના કારણે ઉપરાઉપરી ત્રણ દિવસ સુધી રાજસભામાં હાજરી આપી ન શક્યા. આથી ચોથા દિવસે રાજકવિને જાણ કર્યા વિના જ સૂરસંગજી જાતે જ એમના ઘરે પહોંચ્યા. ગઢવી કે ચારણ માટે એમ કહી શકાય કે, એને ધોકા વિના ચાલે, પણ હોકા વિના ન ચાલે. એટલે એના કપડાં મેલાંઘેલાં હોય, પણ એને હોકો ગગડાવવા તો જોઈએ જ.

ચારણને વરેલી આવી ચાલચલગત મુજબ રાજકવિ રાણા જ્યારે ચીપિયાથી પકડીને એક પછી એક અંગારા હોકામાં ભરી રહ્યા હતા, બરાબર આ ટાણે જ સૂરસંગજી રાણાના ઘરે પહોંચ્યા. ચીપિયાથી અંગારાને પકડવાની અને હોકામાં એને નાખવાની એમની અનેરી અદા જોતાની સાથે જ સૂરસંગજીને લાગ્યું કે, રાજકવિની આ અદા જોતાં એમ લાગે છે કે, તેઓ અસલી ચારણ ન હોઇ શકે. કારણકે ચીપિયો પકડવાની એમની અદા જ સોની હોવાની ચાડી ખાધા વિના નથી રહી શકતી. આવી શંકાથી ઠાકોર રાણાને ધારી ધારીને નીરખી રહ્યા. આનો ખ્યાલ રાણાને આવી જવા પામ્યો, ચીપિયાથી અંગારા

પકડીને હોકામાં નાખતી પોતાની હસ્તમુદ્રાને ટીકીટીકીને જોનારા ઠાકોર પર દૃષ્ટિ જતા જ ગઢવીના મનમાં એ જાતની શંકાનો કીડો સળવળી ઉઠ્યો કે, અસલનો અણસાર ઠાકોરને આવી ગયો હોવો જોઈએ, એથી તેઓ મને ટીકીટીકીને નિહાળી રહ્યા છે.

ઠાકોર અને ચારણ બંને શંકાશીલ બની ગયા હતા, પણ અત્યારે શંકાને વ્યક્ત કરવાનો સમય ન હતો. એથી શંકાને વ્યક્ત કરવાનો અવસર આવે, ત્યારે મોઢામોઢ ખુલાસો કરી લેવાની ગાંઠ મનમાં વાળીને વાતાવરણમાં છવાયેલા ગંભીરતાના પડદાને હટાવી લેવા ઠાકોરે પૂછ્યું : રાજકવિ ! તબિયત તો સારી છે ને ? હમણાંથી રાજસભામાં આવવાનું કેમ ટાળ્યું છે ? એનું કારણ જાણવા માટે જ અહીં આવવાનું થયું છે.

રાજકવિએ જવાબમાં જણાવ્યું કે, તબિયત સારી હોત, તો તો રાજસભામાં આવવામાં શો વાંધો હતો ? હવે એકાદ દિવસમાં પૂરી સ્વસ્થતા મળી જશે, એમ લાગે છે. બાકી આપના દર્શન મળતા જ અત્યારે જે સ્વસ્થતા અનુભવી રહ્યો છું, એવી સ્વસ્થતા તો દવાના પ્રભાવે પણ મળવી શક્ય ન જ ગણાય.

રાજકવિ અને ઠાકોર છૂટા પડ્યા. બંનેના મનમાં શંકાના કીડાનો સળવળાટ શરૂ થઇ ગયો હતો. એથી થોડા દિવસો વીત્યા બાદ અવસર જોઈને ઠાકોરે મનમાં ઘોળાતી વાત રજૂ કરવાની ભૂમિકા બાંધતાં પૂછ્યું : રાજકવિ ! ચારણ હોવાના નાતે તમે હોકાના બંધાણી હો, એ નવાઇની વાત ન જ ગણાય. પણ ચીપિયાથી હોકામાં અંગારા ગોઠવતા તમે તો પહેલી જ વાર જોવા મળ્યા.

"હા, બાપુ ! એ જોઇને આપના મનમાં કોઇ શંકા જાગી હોય, એવું મારું અનુમાન છે, આ ખોટું નહિ જ હોય." ચારણે ચોખ્ખે ચોખ્ખું પૂછી લીધું.

ઠાકોરે પ્રશ્ન કર્યો : આવું અનુમાન થવાનું કંઇ કારણ ?

ચારણને થયું કે, જાત કે વાતને છૂપાવવાનો કોઇ અર્થ નથી. એણે

સ્પષ્ટતા કરી : બાપુ ! વાતને લંબાવવાનો શો અર્થ ? ચીપિયો પકડવાની મારી અનોખી અદા જોઈને આપને જે શંકા જાગેલી, એ સાચી હતી. અસલમાં હું સોની છું. પરવડીનો પરજિયો સોની ! આપે 'રાજકવિ' બિરુદ આપતા હું ચારણ તરીકે ભલે પ્રસિદ્ધ પામ્યો. પણ એથી કઇ અસલિયત અદૃશ્ય થઇ જાય ખરી ?

ચારણે બાળક જેવી અદાથી જે રીતે સાચી વાત કરી, એથી પ્રસન્ન બની ઉઠેલા ઠાકોર સૂરસંગજીએ કહ્યું કે, રાજકવિ ! ચારણ તરીકે ચમકી રહ્યા છો, તો ભવિષ્યમાં પણ ચારણ-કોમ યાદ કરતી રહે, એવું કોઇ કાર્ય કરવાનો સંકલ્પ આજની આ પળેથી જ કરી લેજો. નકલને પણ નિષ્ઠાથી નિભાવી જાણવાથી ઘણીવાર અસલ કરતાંય નકલનો નેજો વધુ અણનમતા સાથે ફરકતો રહી શકતો હોય છે.

નકલનો નેજો અણનમ રાખવાની આ વાતની મનમાં ગાંઠ વાળી લીધા પછી રાણા ગઢવી એ ગાંઠ ઢીલી ન પડી જાય, એની તીવ્ર તકેદારી રાખવાપૂર્વક જીવન-યાત્રાને આગે બઢાવતા ગયા. ધીમે ધીમે એવા દિવસો આવતા ગયા કે, રાણા ગઢવીને પરવડીની વતનભૂમિની યાદ સતાવવા માંડી, એથી એક દહાડો પાલિતાણા છોડીને એઓ પરવડી પહોંચી ગયા. પરવડી પહોંચ્યા બાદ તો અસલનો આશરો લીધા વિના ચાલે એમ જ ક્યાં હતું ? રાણાએ પાછો સોનીનો વ્યવસાય શરૂ કરી દીધો. આ વાત પર વરસોના વહાણાં વીતવા આવ્યા અને એક દહાડો એવો અવસર આવી લાગ્યો કે, નકલનો નેજો અણનમ રાખવા યાહોમ કરીને મરી ફીટવાનું કર્તવ્ય અદા કરવા રાણા સોની તલવાર તાણીને પાલિતાણાના પંથે પગલું ઉઠાવી ગયા.

પાલિતાણા ખાતે ચારણ કોમ માટે એવી કટોકટીની પળ ખડી થઇ જવા પામી હતી કે, પોતાની કોમને અન્યાય થાય, એવી ઠાકોરની વૃત્તિ-પ્રવૃત્તિ સામે જાનના જોખમે સામનો ન થાય, તો ચારણોના હિતને ભારે ધક્કો પહોંચે એવી શક્યતા હતી. આવા અવસરે એક પછી એક ચારણો જંગમાં ઝુકાવી રહ્યા હતા. એમાં જ્યારે રાણા

સુવર્ણકારને પણ ચારણોએ એ જંગમાં સામેલ થતા જોયા, ત્યારે ચેતવણી આપતાં એમનાથી બોલી ઉઠાયું કે, દેહ પર ચારણનો વેશ પહેરવા માત્રથી જ કંઇ દિલમાં ચારણ જેવું ત્રાંગુ કરવાની તાકાત પેદા ન થઇ જાય. જવાંમર્દીના ગીત ગાવા જુદી વાત છે, અને જાતે જાનેફેસાન બની જવું એ જુદી વાત છે. માટે આ જંગમાં ઝુકાવવાનું રહેવા દો. ચારણ કોમનું હિત હૈયે વસ્યું હોય, તો એવા દુહા-છપ્પા-કવિતા લલકારી શકો કે, જેના શ્રવણે પાવૈયા જેવાને પણ પાનો ચડી આવે, જેથી આ જંગ જીતી શકાય.

નકલી હોવા છતાં પણ રાણા ચારણ આવી ચેતવણી સાંભળીને પારોઠનાં પગલાં ભરે એ શક્ય જ નહોતું. ગર્જના સાથે ગઢવી રાણાએ એવો જવાબ વાળ્યો કે, ઠાકોર સૂરસંગજીએ જ મને એવી સલાહ-શિખામણ આપેલી કે, ભવિષ્યમાં પણ ચારણ કોમ માટે એવું કંઇ કામ કરતા જજો કે, ચારણ-કોમ ચમકતા સિતારાની જેમ તમને યાદ કરતી જ રહે. હું એ માટે પણ આ જંગમાં ઝંપલાવવા માંગું છું કે, જેથી રાજવીને એ વાતની યાદ કરાવી શકું કે, તમારી શિખામણ હું વિસર્યો નથી.

આટલું બોલતાની સાથે જ એ જંગમાં રાણા ગઢવીએ ઝંપલાવી દીધું. અને નકલના નેજાને અણનમ રાખવા ભેટે ઝૂલનારી કટારીને એમણે પેટમાં હુલાવી દઇને જ બલિદાનનો બુંગિયો એવા બુલંદ સાદે વગાડ્યો કે, પાલિતાણાનાં રાજવીને પણ ચારણ-કોમના હિત આગળ નમતું જોખવું પડ્યું. આમ, રાણાનું બલિદાન એળે તો ન જ ગયું, પણ એ તો વધુ બોલકું બન્યું, જેથી ચારણ-કોમના હિતને આંચ પણ ન આવી શકી.

ઇતિહાસનાં ઉલ્લેખ મુજબ પરવડીમાં આજે પણ રાણાભાઇ ગઢવીના અંશ-વંશની હયાતી છે. જો નકલી ચારણના લોહીમાં પણ આવી નિષ્ઠા ધગધગતી હતી, તો પછી અસલી ચારણના લોહીમાં ખળભળતી નિષ્ઠાનો તો અંદાજ પણ કોણ કાઢી શકે ?

## અંગ્રેજી-સલ્તનતની સામે સંગ્રામ

## ૮

કાવાદાવા, કપટ અને ખટપટોથી ખરડાયેલી બુદ્ધિ માટે બ્રિટિશ પહેલેથી જ કુખ્યાત રહેતું આવ્યું છે. એથી જ તો વેપારના નામે ભારતમાં પ્રવેશેલા થોડા અંગ્રેજો ધીમે ધીમે પગ પહોળા કરીને વર્ષો સુધી અહીં એક છત્રી રાજ્ય કરી શક્યા. આજથી થોડા દાયકા પૂર્વે અંગ્રેજોએ ભારતમાંથી બિસ્તરા-પોટલાં બાંધીને રવાના થઈ જવાનો દેખાવ જરૂર કર્યો. પણ શિક્ષણ અને શાસનના નામે તેઓ એવી માયાજાળ બિછાવીને ગયા કે, અંગ્રેજો જવા છતાં અંગ્રેજિયત તો ધીરેધીરે ભારતમાં વધુ ને વધુ જમાવટ સાધતી જ રહે ! એથી જ તો અંગ્રેજોના અનુશાસનપૂર્વકની જ, શિક્ષણ અને શાસનની વ્યવસ્થા કહેવાતી સ્વતંત્રતા મળ્યા બાદ પણ આ દેશમાં આજેય બદ્ધમૂલ બનીને વિસ્તરતી જ રહી છે.

ભારતમાં અંગ્રેજી-રાજ્યનાં મૂળિયાં હજી બદ્ધમૂલ નહોતાં બન્યાં, પરંતુ ખૂબ જ ઝડપથી એની જડ જમીનમાં જમાવટ સાધી રહી હતી, ત્યારના દિવસોમાં ઘણા ઘણા રાજા-રજવાડાઓ તો ઉગતાં સૂરજ સમા અંગ્રેજી-રાજ્યની આરતી ઉતારવા મંડી પડ્યા હતા, પરંતુ ત્યારેય થોડાઘણા એવા રાજ્યો અને રાજવીઓ પોતાનું અસ્તિત્વ જાળવી રહ્યા હતા કે, જેમણે અંગ્રેજોની સામે અણનમ રહીનેય એમના દાંત ખાટા થઈ જાય, એવી લડત આપી હતી, એ વખતે સંખ્યાબળનો વિચાર કર્યા

વિના એમણે સત્ય અને સચ્ચાઈની જ સમર્થતાને આગળ કરીને જંગમાં ઝૂકાવ્યું હતું, છતાં અંગ્રેજોને ઝુકાવીને તથા અંગ્રેજ-ન્યાયાધીશો દ્વારા જ ઝળહળતો વિજય મેળવવામાં સફળ સાબિત બની એમણે ઢોલ પીટીને જગત સમક્ષ એવી સત્યઘોષણા કરી હતી કે, સત્યના સૂર્યને હજી કદાચ થોડા સમય પૂરતો ઢાંકી શકાય, પણ એને કાયમ માટે હાંકી કાઢવામાં તો કોઈ તાકાત સમર્થ ન જ નીવડી શકે !

પોતે સત્યના પક્ષે રહીને અંગ્રેજ-ન્યાયાધીશો પાસેથી પણ સત્યને પોતાના પક્ષે સાબિત કરતો ફેંસલો ફડાવવામાં સફળ સિદ્ધ થનારા અનેકાનેક રાજવીઓનાં નામોમાં એક નામ ભાડવાનાં બાપુ ચંદ્રસિંહજીનું પણ ચમકારા મારતું જોઈ શકાય છે. એઓ થોડાક જ ગામડાઓનો ગરાસ ધરાવતા હતા. છતાં પ્રજાનાં હિત ખાતર અંગ્રેજોની સામે સામી છાતીએ લડ્યા, અને એમાં કઈ રીતે ઝળહળતી જીત મેળવીને જ જંપ્યા, એની ઈ.સ. ૧૯૪૫માં બનેલી એક ઘટના ખરેખર જાણવા જેવી છે. કારણકે આમાંથી 'સાંચને નહિ આંચ' જેવી કહેવતોની સાર્થકતાનો સંદેશ સાંભળવા મળે છે.

ભાડવાનાં દરબાર તરીકે ત્યારે ચન્દ્રસિંહજીનાં નામકામ ગાજી રહ્યાં હતાં. એમનું રાજ્ય કઈ બહુ વિસ્તૃત નહોતું. તેમજ ઘણાં બધાં ગામડાંઓનો ગરાસ પણ તેઓ ભોગવતા નહતા. ત્યારે ગોંડલનું રાજ્ય ઠીકઠીક વિસ્તૃત ગણાતું હતું, એની અપેક્ષાએ તો ભાડવાનું કૂંડાળું ઘણું જ નાનું ગણાય. પણ 'નાનો તોય રાઈનો દાણો' આ કહેવતની સચ્ચાઈને સાબિત કરવાની જવાબદારી બરાબર અદા થઈ શકે, એ માટે જ જાણે ભાડવા-રાજ્યના સિંહાસનને શોભાવવા ભડવીર રાજવી ચન્દ્રસિંહજીને કુદરતે અભિષિક્ત કર્યા હતા. બહુ મોટો ગરાસ એમને વારસામાં મળ્યો ન હતો, પણ જવાંમર્દી, વીરતા અને ખુમારીનો મળેલો જે વારસો એમણે દીપાવ્યો હતો, એની તો કોઈ કિંમત જ આંકી શકાય એવી નહોતી. એથી પૂરા સોરઠ-કાઠિયાવાડમાં એમનાં નામકામ

જનજીભે રમતાં જ રહેતાં હતાં, એમાં પણ જૂનાગઢના નવાબ સામેની લડતમાં અને નવાનગરનો કિલ્લો સર કરવામાં એમણે દાખવેલું સાહસ તેમજ એમાં મળેલી સફળતાના કારણે તો એમની કીર્તિ એટલી બધી ફેલાઈ ગઈ હતી કે, એ ફેલાવો જોઈને ભલભલા રાજવીઓનાં દિલમાં ઈર્ષાના ઈંધન જલી ઉઠ્યા વિના ન રહેતા.

ભારતમાં પગપેસારો કરીને બદ્ધમૂલ બની રહેલી અંગ્રેજ-સત્તાએ એ દિવસોમાં પોતાની જડ જમાવવા માટે ગવર્નર અને વાઈસરોય દ્વારા એવી ચળવળ ચગાવી હતી કે, ભારતે મજબૂત બનવું હોય, તો નાના-નાના રાજ્યોના કૂંડાળાં મીટાવી દઈને વર્તુળને વિરાટ બનાવવા તરફ જ લક્ષ્ય કેન્દ્રિત કરવું જોઈએ ! આ ચળવળ ધીમે ધીમે વેગ પકડી રહી હતી અને કૂંડાળાંને ભૂંસી નાંખીને વર્તુળને વિરાટ બનાવવા માટેનાં વાતાવરણને વેગીલું બનાવવા ભારતીય-પ્રજા જ આગળ આવી રહી હતી. પ્રજા જાણે ભુલાવા અને ભ્રમણાનો ભોગ બનીને પોતાના હિતને જ હણી રહી હતી. કારણકે અલગ-અલગ રાજ્યોના કૂંડાળાના કારણે જ વહીવટ વ્યવસ્થિત ચાલી રહ્યો હતો અને કાર્યક્ષેત્ર સીમિત હોવાથી વહીવટ પર રાજવીઓ પૂરેપૂરી દેખરેખ રાખી શકતા હતા. પરંતુ બ્રિટિશ-શાસનને આગળ વધવા માટે આ કૂંડાળાં અવરોધક બનતાં ભાસતાં હતાં, માટે જ કૂંડાળાને ભૂંસી નાખીને વર્તુળને વિરાટ બનાવવાની ભેદી ચાલ અને જાળ એણે બિછાવવા માંડી હતી.

આ ચાલ અને જાળ મોહક હોવાથી પ્રજાની જેમ ભોળા રાજવીઓ પણ એમાં ફસાતા જતા હતા. પરંતુ થોડા ઘણા સમજુ અને દીર્ઘદૃષ્ટા રાજવીઓના વિરોધના કારણે અંગ્રેજોની એ મેલી અને માયાવી મુરાદ જોઈએ એવી ફળતી નહોતી, એથી 'જાહેરનામું' બહાર પાડવાનો અંતિમ માર્ગ અખત્યાર કરીને અંગ્રેજોએ ઈ.સ. ૧૯૪૩ના અરસામાં બીજાબીજા રાજ્યો ઉપરાંત ભાડવા રાજ્યને ય 'ગોંડલ-સ્ટેટ્'માં ભેળવી દેવા અંગેનું એક જાહેરનામું પ્રગટ કરી દીધું, એથી ભાડવાએ ભડવીર અને બાવડાના

બળ પર મુસ્તાક બનીને બળબળતો બળવો જગવતો એવો બુંગિયો ફૂંક્યો કે, ભાડવા-રાજ્યની પ્રજાનો મત જાણ્યા વિના જ અંગ્રેજી-સલ્તનતને એવો હુકમ ફાડવાનો કોઈ જ અધિકાર નથી કે, એ હુકમને માથે ચડાવીને ભાડવા રાજ્યને સામેથી ચાલીને ગોંડલના ચરણ ચાટવા મજબૂર-લાચાર બનવું પડે !

કેટલાકને એમ પણ લાગ્યું કે, આવો બુંગિયો ફૂંકવાનું સાહસ ભાડવાને ભારે પડશે, અંગ્રેજોના આ હુકમનામાને ભાડવાએ વહેલું મોડું શિરોધાર્ય કરવા લાચાર બનવું જ પડશે, એથી ચન્દ્રસિંહજીની સમક્ષ શાણી સલાહરૂપે જે જે પ્રસ્તાવો રજૂ થતા ગયા, એનો પ્રધાન સૂર એવા પ્રકારનો જ નીકળતો કે, બળિયા સાથે બાથ ભીડનારો ગમે તેટલો બહાદુર હોય, તોય અંતે બહાદુરીના એના બણગાં સુરસુરિયાનો જ અંજામ પામતા હોય છે. માટે હજી કઈ બહુ આગળ વધી ગયા નથી, અહીંથી જ પાછી ફરી જાવ, આ હુકમનામાના કડવા ઘૂંટડાને ન છૂટકે પણ ગળે ઉતારી દો અને પાઘડી ફેરવી નાખીને ફજેતીનો ફાળકો થતો રોકવાનું ડહાપણ દાખવો.

ભાડવાએ બહાદુરીનું જે બ્યૂગલ ફૂંક્યું હતું એને બિરદાવવા આસપાસનું વર્તુળ તો સજ્જ જ હતું. પરંતુ આ સિવાય આ સાહસને સત્કારતો એકાદ પણ સુર ચન્દ્રસિંહજીને સાંભળવા મળતો નહતો, પણ એમના પ્રતિભાવમાં તો પરાક્રમ જ પડઘાઈ રહ્યું હતું. સૌને તેઓ એવો જ જવાબ વાળતા કે, અન્યાય અને અસત્યનો આશ્રિત ગમે તેવો બળિયો દેખાતો હોય, તોય એ બળવત્તા ફુગ્ગા જેવી જ હોય છે, એની પર ટાંકણી જેવો એકાદ પ્રહાર થતા જ એ ફુગ્ગાને ફસ બનીને ફસડાઈ પડવાનો કરુણ અંજામ જ વેઠવો પડતો હોય છે. "સાંચને ન જ હોય આંચ" એવા વિશ્વાસના સહારે આ લડતને ગમે તેટલી લંબાવવી પડતી હોય, તો લંબાવવાની મારી પૂરેપૂરી તૈયારી છે. એકલપંડે લડી લઈને પણ હું અંગ્રેજ-સલ્તનતને નમાવ્યા વિના નહિ જ જંપુ. અંતરાત્માનો

અવાજ છે કે, આમાં મને સફળતા સિદ્ધ થશે, થશે ને થશે જ !

અંગ્રેજ સલ્તનતને એવો વિશ્વાસ હતો કે, સિંહની સામે પડવાનું બિચારા સસલાનું શું ગજું ? એથી એણે ધાકધમકી અને દમદમાટીના જોરે બળવો ડામી દેવાના ઈરાદે એવી એવી વાતો વહેતી કરી કે, જાહેરનામું શિરોધાર્ય કરાવવા અંગ્રેજો બધું જ કરી છૂટશે ! આવી આવી વાતોના આધારે ચન્દ્રસિંહજીએ પૂર્વ તૈયારી રૂપે ચુનંદા સૈનિકો સજ્જ રાખ્યા, ગુપ્તચરો પણ ગોઠવી દીધા, તેમજ રાખવા જેવી સાવધાની રાખવામાં કશી કમીના રહેવા દેવામાં ન આવી. પણ સાંભળવામાં આવેલી બધી જ વાતો વાહિયાત અને સુરસુરિયા સમી જ પુરવાર થઈ. અંગ્રેજોના કાને જેમ જેમ ચન્દ્રસિંહની ખુમારી અને બહાદુરીની વાતો આવતી ગઈ, તેમ તેમ કાવાદાવા અને કાયદા-કાનૂનના ભરોસે મુસ્તાક બનીને એમણે નવા નવા વ્યૂહ રચવા માંડ્યા.

જાહેરનામું હજી અમલી બન્યું ન હતું. પણ કાગળના કાંગરેથી તો એનું અસ્તિત્વ નામશેષ નહોતું જ બન્યું. માટે જાહેરનામું રદ કરવું પડે, એવી પરિસ્થિતિ ઊભી કરવા ચન્દ્રસિંહજીએ એક મજબૂત સંગઠન રચીને કાયદાની કલમે જાહેરનામું રદ કરવાની કાનૂની પ્રક્રિયા પ્રારંભી દેવાનો નક્કર નિર્ણય લઈ લીધો. આ અંગે કેસ ચલાવવો અનિવાર્ય બનતા, ચન્દ્રસિંહજીએ ગોંડલ સ્ટેટ સમક્ષ કેસ ન ચલાવવો પડે અને દિલ્હી દ્વારા ખાસ રચાયેલી ટ્રિબ્યુનલ સમક્ષ આ કેસ લડી શકાય, એ માટે અંગ્રેજ એજન્સીના જ્યુડિશિયલ કમિશન સમક્ષ એક અરજી દાખલ કરી દીધી.

કાયદા-કાનૂનની દૃષ્ટિએ ચન્દ્રસિંહજીની આ અરજી પર કમિશનરે વિચાર કરવો જ પડે એમ હતો. એથી એણે દિલ્હી સાથે પત્ર વ્યવહાર કરીને ખાસ ટ્રિબ્યુનલની રચના માટે મજબૂર બનવું પડ્યું. દિલ્હી દ્વારા રચાયેલી આ ટ્રિબ્યુનલને અંગ્રેજો પોતાની હાર અને ચન્દ્રસિંહજી પોતાની ઝળહળતી ફત્તેહ સમજતા હતા. ટ્રિબ્યુનલની રચના અજમેર ખાતે

થવા પામી, ત્યાં સંઘર્ષનાં મંડાણ થતાં બુદ્ધિના આટાપાટા ખેલાવા માંડ્યાં. પરંતુ દિવસો સુધી ચાલેલા એ કેસમાં એવું સાબિત ન જ થઈ શક્યું કે, કલમના એક જ ગોદે નાનાં ગામડાં કે તાલુકાને બીજા રાજ્ય સાથે જોડાઈ જવાની જોહુકમી બજાવવાનો વાઈસરોયને અધિકાર હોય !

ટ્રિબ્યુનલના માધ્યમે અંગ્રેજ ન્યાયાધીશના મોઢે જ જાહેર થયેલો આ ચુકાદો ચંદ્રસિંહજીના મસ્તકે મુકુટની અદાથી શોભી રહ્યો, જ્યારે અંગ્રેજ-સલ્તનતના ગાલ માટે તમતમતો તમાચો બની જવા પામ્યો. નાનકડા ગણાય એવા ભાડવા-દરબારનું નામ આ ચુકાદાના કારણે છેક બ્રિટન સુધી ગાજવા માંડ્યું. ઈ.સ.૧૯૪૫માં અપાયેલ આ ચુકાદો ઈતિહાસનાં પાને 'અજમેર ચુકાદા' તરીકે ઓળખાયો.

ભાડવા-દરબાર વિજયી જાહેર થતા બ્રિટિશ પાર્લામેન્ટે હવે નવો દાવ ફેંક્યો. પોતાની મેલી મુરાદ સફળ થાય, એ માટે એણે જાહેરનામાથી આગળ વધીને 'કાયદા'નું હથિયાર ઉગામ્યું, એથી નાના રાજ્યો માટે મોટા રાજ્યો સાથેના જોડાણનો કાયદો બહાર પડતા, ભાડવા ખાતે ગોંડલ રાજ્યના વહીવટદાર તા. ૨૩-૫-૧૯૪૬થી નીમવામાં આવ્યા. પણ ચન્દ્રસિંહજીએ અણનમ રહીને પોતાનો સ્વતંત્ર વહીવટ જ ચાલુ રાખ્યો. નાના મોટા છમકલાં વચ્ચે પણ તેઓ અણનમ જ રહ્યા અને એમણે સ્વતંત્રતા જાળવી જાણી. પણ અંગ્રેજી સલ્તનતના દિવસો હવે ભરાઈ ગયા હતા, એથી એકાદ વર્ષ બાદ જ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના હિંદસંઘની રચના થતા ચન્દ્રસિંહજી એમાં સ્વમાનભેર જોડાઈ ગયા.

અંગ્રેજી-સલ્તનતની સામે એકલપંડે ઝઝૂમનારા આવા હતા ભારતીય રાજવીઓ ! અને એમાં પણ કાઠિયાવાડ-સોરઠના રાજરજવાડાઓનું સ્થાન-માન તો ખરેખર અનોખું જ રહ્યું હતું. એના દૃષ્ટાંત તરીકે ભાડવા દરબાર ચન્દ્રસિંહજી આ રીતે ચમકી ગયા !

## હેતની હેલી ને હિતની બેલી માતા કેવી હોય છે ?

૯

મેવાડ-મારવાડ-ગુજરાત જેવા દેશોનું નામ સાંભળવા મળતાં આજે પણ આંખ અને અંતરમાં કોઈ અનોખો જ અહોભાવ ઉપસી આવે છે. આ દેશની ધરતીમાંથી અજબ-ગજબનો કોઈ ધબકાર સંભળાતો હોય, એવી અનુભૂતિ આજેય થયા વિના નથી રહેતી. આનું કારણ શું હશે ? ઈતિહાસના સુવર્ણ-પૃષ્ઠો ઉથલાવીશું, તો આનું કારણ જડી આવશે, ધર્મ અને સંસ્કૃતિથી ધબકતી આ દેશની ધરતીએ એવી એવી વિભૂતિઓ પેદા કરી હતી કે, એ વિભૂતિઓ વર્ષો પૂર્વે વિદાય થઈ ચૂકી હોવા છતાં આજેય એમનો પ્રભાવ ઓછાવત્તા અંશે જોવા મળે છે. "ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ અને સાપ ગયા, પણ લિસોટા રહ્યા." જેવી કહેવતોની સાર્થકતા આજે પણ આ દેશો કરાવી રહ્યા છે. એમાંય મેવાડે તો સદાચાર અને સંસ્કૃતિના એવા એવા સંદેશવાહકોને જન્મ આપ્યો હતો કે, એમનાં નામકામની સ્મૃતિ થતા ઓળઘોળ બન્યા વિના ન જ રહેવાય. રાજસિંહ આવા જ એક મેવાડીમર્દ હતા.

સદાચાર તરફના કટ્ટર પક્ષપાતનો સૂચક રાજસિંહના જીવનનો એક પ્રસંગ જાણવા જેવો છે. માતા હેતની હેલી જ ન હોવી જોઈએ, પણ મુખ્યત્વે સંતાનના હિતની બેલી હોવી જોઈએ, આવો બોધપાઠ પણ આ પ્રસંગમાંથી ફલિત થતો જોવા મળે છે. સૂર્યપૂજામાં અનેરી નિષ્ઠાવાન-પ્રજા તરીકે જ્યારે મેવાડની અનેરી નામના-કામના સર્વત્ર

સુપ્રસિદ્ધ હતી, એ વખતની આ ઘટના છે. એ વખતે સૂર્યપૂજાની એવી આસ્થા-નિષ્ઠા પ્રજામાં જોવા મળતી હતી કે, સૂર્યનાં દર્શન ઘણીવાર મોડાં મોડાં થતાં, ક્યારેક તો દિવસો સુધી સૂર્ય-દર્શન ન જ મળતું, ત્યારે ભૂખ-તરસ વેઠીને પણ પ્રજા 'સૂર્યપૂજા' ની ટેક અણનમપણે જાળવી જાણતી. એથી તો એ વખતે એવી કહેવત મેવાડી પ્રજાને અનુલક્ષીને પ્રસિદ્ધ બની હતી કે, પ્રથમ સૂર્યપૂજા, ફિર કામ દૂજા !

પ્રજામાં જે રીતે સૂર્યપૂજા તરફ આવી અડગ આસ્થા હતી, એમ બીજી તરફ મેવાડી-રાણા રાજસિંહ તરફ પણ એવી જ આસ્થા-શ્રદ્ધા હતી. રાણાનું લોકહૈયે એવું સ્થાન-માન હતું કે, સૂર્યના અંશાવતાર તરીકે જ સૌ રાજસિંહને સત્કારતા, સૂર્યપૂજાની ટેકને એક દહાડો આકરી કસોટીમાંથી પસાર થવું પડે એવી કટોકટી સરજાઈ. વર્ષાઋતુ હતી, એથી વાદળછાયા વાતાવરણમાં સૂર્યોદયના સમય બાદ ઘણીવાર કલાક બે કલાક સુધી સૂર્યદર્શન ન થતું. છતાં ત્યાં સુધી 'અન્નજળ' ન ગ્રહણ કરવાની ટેક સૌ જાળવતા. પણ એક દહાડો તો એવી હેલી જામી કે, ત્રણ-ચાર દિવસ સુધી સૂર્યદર્શન ન જ થયું, પછી પણ સૂર્યદર્શન થવાની આશા ફળીભૂત થાય, એવા ચિહ્નો ન જણાતા ડહાપણના ભંડાર સમા મંત્રીઓએ ભેગા મળીને એવો વિચાર કર્યો કે, કોઈ ઉપાય ગોતી નહિ કાઢીએ, તો મોટાભાગની પ્રજાને ટેકના ટુકડે ટુકડાં થતાં નરી નજરે લાચારીથી નિહાળવા પડશે. આવું ન બનવા પામે અને ટેક પણ ટકી રહે, એ માટે કોઈ માર્ગ કાઢવો જ પડશે.

દીર્ઘ-વિચારણાને અંતે મંત્રીઓ એવા નિર્ણય પર આવ્યા કે, આકાશના અધિપતિ સૂર્ય પાસે દર્શન દેવાની વિનંતિ માન્ય રખાવવા આપણે ભલે સમર્થ ન હોઈએ, પરંતુ આપણા રાજમહેલમાં સૂર્યનો જે અંશાવતાર સદોદિત જ છે, એને જો આપણે વિનંતિ કરીશું, તો એ સૂર્ય પ્રજાને દર્શન આપવાની વિનંતિ જરૂર સ્વીકારશે જ.

ટેક ટકાવી રાખવાની અણનમતા હજી સુધી અતૂટ રહી હોવા છતાં

ત્રણ-ચાર દિવસ અન્નજળ વિનાના વીત્યા હોવાથી પ્રજાનાં હૈયાં કંઈક આકુળવ્યાકુળ બન્યા હતા, પ્રજાએ જ્યારે જાણ્યું કે, મંત્રીઓ પણ પ્રજાની ટેક ટકાવવા માટેની વિચારણા કરવા એકઠાં થયા છે, ત્યારે મંત્રણાની ફલશ્રુતિ જાણવા સૌની મીટ મંત્રીઓ તરફ મંડાઈ. સૂર્યદર્શનનું રહસ્ય ગુપ્ત રાખીને મંત્રીઓએ જ્યારે એવી જાહેરાત કરી કે,

"આવતીકાલે સવારે સૌએ રાજમહેલના પ્રાંગણમાં સૂર્યદર્શન માટે વિનંતિ કરવા એકઠા થવાનું છે. એવા વિશ્વાસ સાથે સહુએ વિનંતિ કરવાની છે કે, જેથી ટેક અણનમ રહે અને આટલા દિવસના ઉપવાસનું પારણું પણ થઈ જાય."

આ જાહેરાત સાંભળતાની સાથે જ જાણે પારણું થઈ ગયા જેવી પ્રસન્નતા અનુભવતી પ્રજા બીજે દિવસે રાજમહેલના આંગણે એવી રીતે ઉમટી પડી કે, જાણે કીડીયારું ઉભરાયું હોય, એવી કલ્પના થઈ આવે. સૌના હૈયાં આશા-નિરાશા વચ્ચે અટવાતાં હતાં. મંત્રીઓની જાહેરાતમાં વિશ્વાસનો જે રણકાર હતો, એથી પ્રજાને એ જાતની ખાતરી થઈ ચૂકી હતી કે, સૂર્યદર્શન થશે, થશે ને થશે જ ! બીજી તરફ આકાશ તરફ મીટ માંડ્યા બાદ એવું એકાદ પણ આશાકિરણ ફૂટવાની સંભાવનાય કલ્પી શકાતી નહોતી કે, ઘનઘોર આકાશમાં તેજલિસોટાનો જરીક પણ ચમકારો જોવા મળી શકે !

આ રીતે આશા-નિરાશા વચ્ચે આમતેમ ફંગોળાતી પ્રજાને સંબોધતાં મંત્રીશ્વરોએ કહ્યું કે, સૂર્યપૂજાની ટેક અણનમ રહે અને ઉપવાસ પણ લંબાવવા ન પડે, એ માટે આપણે સૌએ રાણા રાજસિંહને વિનંતિ કરવાની છે કે, પ્રજાને સૂર્ય સમું દર્શન દેવા આપ બહાર પધારો. આ મેવાડી સૂર્ય તો સદોદિત જ છે. માટે કટોકટીની આવી પળે પ્રજાની પ્રતિજ્ઞા અખંડિત રાખવા દર્શન દેવાની જરૂર કૃપા કરશે જ !

મંત્રીઓના આ સંબોધનને પ્રજાએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધું. વળતી જ પળે નગરના અગ્રણીઓની આગેવાની હેઠળ

મંત્રી-મંડળ રાણા રાજસિંહ સમક્ષ ઉપસ્થિત થયું. વિનયાવનત બનીને અરજ ગુજારતાં એણે કહ્યું : રાણાજી ! પ્રજા વતી અમે એવી વિનંતિ કરીએ છીએ કે, સૂર્ય બનીને આપે પ્રજાને દર્શન આપવા ને 'સૂર્યપૂજા'ની ટેકને અખંડિત રાખવા આટલી કૃપા કરવાની છે. પ્રજાને આપના વ્યક્તિત્વમાં સૂર્યના અંશાવતારનો સાક્ષાત્કાર થાય છે. માટે કટોકટીની આજની પળે આપના દર્શન મેળવીને એ 'સૂર્યપૂજા'ની ટેક ટકાવી રાખ્યાની સંતોષાનુભૂતિ માણવા મહેલના આંગણે મહાસાગરની જેમ ઉમટી છે અને આપની પ્રતીક્ષા કરી રહી છે. માટે સૂર્યની અદાથી આપ પધારો.

રાણા તો આ વિનંતિ સાંભળીને દિંગ જ રહી ગયા. રાજમાતાના આશ્ચર્યાનંદને પણ આરો-ઓવારો ન રહ્યો. સૂર્ય સમું સન્માન આપનારી પ્રજાના રાજા તરીકે રાજસિંહ ગૌરવ અનુભવી રહ્યા, આવા સન્માનને પાત્ર સુપુત્રની જનેતા બનવાના સદ્ભાગ્ય બદલ રાજમાતાની છાતી પણ ગજગજ ફૂલી ઉઠી. મા-દીકરો બંને મહેલની બહારના આંગણે પધારતાં પ્રજાએ એવા હર્ષનાદથી ગગનને ગજવી મૂક્યું કે, સૂર્યસમ તેજસ્વી રાણા રાજસિંહને ઘણી ખમ્મા. ઘણી ખમ્મા !

પ્રજાનો આવો અહોભાવ નિહાળીને રાણા અને રાજમાતાની આંખેથી હર્ષની આંસુધાર વહી નીકળી, તો 'સૂર્યપૂજા'ની ટેક અખંડિત રાખવા આવી કૃપાવર્ષા કરનારા રાજવી પર પ્રજા ઓળઘોળ બનીને ઓવારી ઉઠી. રાજા-પ્રજા એ દહાડે અનેરી ધન્યતા અનુભવી રહ્યા. ત્યારથી 'સૂર્યપૂજા'નું એવું એક 'અર્થઘટન'વ્યાપક બન્યું કે, જેથી કટોકટીની પળે 'સૂર્યપૂજા'ની ટેક જાળવી જાણવા માટે મેવાડને એક નવું જ પીઠબળ અને પથદર્શન પ્રાપ્ત થયું.

❖

આકાશના ઓવારેથી અનરાધાર વરસતી મેઘમહેર અટકવાનું નામ જ લેતી નહોતી, એનું આંશિક અનુકરણ કરતી રાજમાતાએ મહેલમાં

પ્રવેશતાની સાથે જ હેતની હેલી વરસાવતા રાજસિંહને કહ્યું : બેટા ! આવા પ્રજાપ્રિય પુત્રની જનેતા તરીકે આજે તો મારા હૈયે હર્ષ સમાતો નથી. મેં નહોતું ધાર્યું કે, તું આટલો બધો ગુણ સંપન્ન હોઈશ કે, મેવાડ તને સૂર્યસમાન ગણીને 'સૂર્યપૂજા'નું વ્રત અખંડિત રાખવા સુધીનો શ્રદ્ધાભિષેક તારા શિરે કરવા થનગની ઉઠે ! આવી લોકલાગણી પામવા, ઘણા ઓછા રાજવીઓ ભાગ્યશાળી નીવડતા હોય છે. એમાં તારાં નામ-કામ અંકિત થવાં પામ્યાં, એ તારા માટેય ઓછી ધન્યતા ન ગણાય.

હેતની આ હેલીમાં નખશિખ તરબોળ બનીને ભીંજાઈ જવાનું મન રોકી ન શકાય, એ સહજ હોવા છતાં રાજસિંહની દશા વિચિત્ર હતી. એમનું ચિત્ત ચકડોળે અને ચકરાવે ચડી ગયું હતું, એઓ જાણે શૂન્યમનસ્કતાનો ભોગ બની બેઠા હતા. એમની આંખેથી આંસુધાર ટપકવા માંડી, ને અંતરેથી અનુતાપ ભભૂકી ઉઠ્યો : મા, મા ! મારાથી આજે એક મોટું પાપ થઈ ગયું. એનો વિચાર આવતા જ આજના પ્રસંગનો આનંદ વરાળ થઈને ઉડી જાય છે. મારાથી આજે એક અક્ષમ્ય અપરાધ થઈ જવા પામ્યો છે. હવે પ્રજાને હું કઈ રીતે મોઢું પણ બતાવી શકીશ ?

દીકરાનો આ વલોપાત સાંભળીને માતા પણ વેદનાથી વિહ્વળ બનીને મૌન ન રહી શકી. એણે પૂછ્યું : 'બેટા, તારો અપરાધ મને જણાવીશ, તો એ પાપના પ્રક્ષાલનનો કોઈ ને કોઈ ઉપાય દર્શાવી શકીશ. આવી પાપભીરુતા જ પાપ પ્રક્ષાલનની તારી યોગ્યતા સૂચવી જાય છે.'

માતાના આવા આશ્વાસનથી રાજસિંહે કંઈક હૂંફ અનુભવી, દિલનાં દ્વાર ખુલ્લા મૂકી દઈને એમણે કહ્યું : આજના લોકમેળામાં નગરશેઠની પુત્રવધૂનું પણ આગમન થયું હતું. એ પુત્રવધૂને હું અવિકારી આંખે નિહાળી ન શક્યો, અવલોકનની પળોમાં જ મારી નજર વિકારવાસિત

બની, પછી જો કે મેં સજ્જડ રીતે આંખના દ્વાર બંધ કરી દીધા. મને લાગે છે કે, આજે મારાથી આ એક બહુ મોટું પાપ થઈ જવા પામ્યું. પ્રજાના સ્ત્રીધનને માતા કે પુત્રીની નજરે જ નિહાળવાનો મારો ધર્મ હતો. પણ હું ધર્મભ્રષ્ટ બન્યો. થોડી જ પળો પછી મારી વિચાર-ધારા ભલે સુવિશુદ્ધ બની ગઈ, પણ થોડી વાર માટે તો મારામાં વિકાર જાગ્યો ને ? આવા પાપના પુનરાગમનને રોકવા આપ જે પ્રાયશ્ચિત્ત આપો, એ ગમે તેટલું કડક કે કડવું પણ કેમ ન હોય, પણ હું એને સ્વીકારવા સજ્જ છું. પ્રાયશ્ચિત્ત નહિ કરું, ત્યાં સુધી મારું ચિત્ત ચેન નહિ અનુભવી શકે. મા, આપ હેતની હેલી જ ન બનતા, હિતના બેલી પણ બનીને જે કંઈ શિક્ષા દર્શાવિશો, એ મારા માટે શિરોધાર્ય હશે !

આટલું બોલીને રાજસિંહ માતાના ચરણે નમી પડ્યો. એની આંખ આંસુની હેલી બનીને વરસવા માંડી. આવા પાપભીરુ પુત્રનાં હિતને નજર સમક્ષ રાખીને માતાએ કહ્યું : બેટા, લાગેલી નજર ઉતારવા જેમ કડક ઉપાય પણ અજમાવવો પડે, એમ તારી નજરને વિકારની લાગેલી કુનજર ઉતારવાનો ઉપાય મારી પાસે છે. માટે તારી નજર ઉતારવા કડક ઉપાય અજમાવવો પડશે. મને વિશ્વાસ છે કે, તું સહર્ષ આ ઉપાય મને અજમાવવા દઈશ.

ગળગળા સાદે રાજસિંહે કહ્યું : જે આંખના માધ્યમે આવું પાપ થયું, એ પાપની શુદ્ધિ માટે તું આંખની જ આહુતિ ઇચ્છતી હોય, તો સૂરદાસ બની જવાની પણ મારી તૈયારી છે. સૂરદાસ થઈ જઈશ, તો તો આવા પાપની ભાવિ-સંભાવના જ નામશેષ બની જવા પામશે.

માતાનો જવાબ હતો : બેટા, સૂરદાસ બની જવું, એ કંઈ સાચો રસ્તો નથી ! સાચો રસ્તો તો એ જ છે કે, અવિકારનું અમૃતાંજન કરીને આંખને જ નિર્વિકારી બનાવી દેવી !

રાજમાતાનાં હૈયે માત્ર હેત જ વસ્યું નહોતું, હેત કરતા પણ વધુ માત્રામાં હિત હિલોળા લઈ રહ્યું હતું, એની પ્રતીતિ કરાવતો પ્રશ્ન થયો :

બેટા, મીઠું-મરચું મિશ્રિત કરીને એ પાણીથી તારી આંખ ધોવી પડશે. આ રીતની શુદ્ધિના પ્રભાવે વાસનાનું પાપ પ્રક્ષાલિત થઈ જશે, એટલું જ નહિ, ભવિષ્યમાં પણ આવો વાસના-વિકાર તારી આંખને અભડાવી નહિ શકે. બેટા ! આવી નજર-શુદ્ધિ માટે તારી તૈયારી છે ખરી ?

મરચું-મીઠું પીસીને જે પાણીમાં મિશ્રિત કરવામાં આવ્યું હોય, એવું એકાદ ટીપું પણ આંખને અડી જાય, તો આંખમાં જ નહિ, નખશિખ સંપૂર્ણ દેહમાં કેવી વેદનાનું વાવાઝોડું ત્રાટકે, એની કલ્પનાય ધ્રૂજાવી મૂકે એવી હોવા છતાં વેદનાના આવાં વાવાઝોડાંને સહર્ષ વધાવી લેવાની તૈયારી દર્શાવતા રાજસિંહે જણાવ્યું કે, માતાજી ! જો પાપશુદ્ધિ થઈ જતી હોય અને ભવિષ્યમાં આવા પાપનું આગમન અસંભવિત બનતું હોય તો આથી પણ વધુ કડક પ્રાયશ્ચિત્ત કરવાની મારી તૈયારી છે. પુત્રની આવી પાપભીરુતા અને શુદ્ધિ માટેની તત્પરતા જોયા બાદ હવે માતા માટે પરીક્ષાની પળ પ્રારંભાતી હતી. કારણ કે પુત્રની આવી તૈયારી હોવા છતાં માતા જો કઠિન કાળજાવાળી બને, તો પોતે સગા હાથે દીકરાની આંખ ધોઈ શકે ! મા-દીકરો આ જાતની અગન-પરીક્ષામાં ઉત્તીર્ણ ન થાય, એ કલ્પના જ જો કે અસ્થાને હતી. કેમ કે મેવાડની ધર્મ-ધિંગી ધરતીની ધૂળમાં જન્મીને ઉછરેલાં આ મા-દીકરો હતાં, એથી બંનેએ એવી ઉત્તીર્ણતા હાંસલ કરી કે, કોને પ્રથમ-કોટિમાં મૂકવા, એ સમસ્યા અણઉકલી જ રહેવા પામી, બંનેની ઉત્તીર્ણતાને 'સમકક્ષી' તરીકે ઉલ્લેખીને ઈતિહાસે એનો ઉકેલ આણ્યો.

મરચાંમીઠાવાળાં પાણીનો અભિષેક દીકરાની આંખ પર કરતા રાજમાતાએ જરાક થડકાર પણ ન અનુભવ્યો, આવા અભિષેકને અમૃતાભિષેક તરીકે સહર્ષ આવકારતા રાજસિંહે ભયંકર વેદનાને પણ ગણકારી નહિ. આવું મહાન હતું મેવાડ ! આવી મૂલ્યવાન હતી મેવાડી-માટી ! અને જેનું મૂલ્યાંકન જ શક્ય ન ગણાય, એવા હતા, આ જાતના મેવાડી-મર્દો !

## સૂર્ય જ્યાં હાર્યો, દીવડો ત્યાં જીત્યો

## ૧૦

ઈ.સન ૧૮૬૦ આસપાસના સમયના રાજકીય રંગોનું સિંહાવલોકન કરીશું, તો એ જાતનો સ્પષ્ટ પ્રતિભાસ થયા વિના નહિ જ રહે કે, ત્યારે ભારતમાં બ્રિટિશ સત્તાનો સૂર્ય મધ્યાહ્ન તરફ આગેકૂચ કરી રહ્યો હતો અને રાજા-રજવાડાં તથા મહારાવ-મહાજનની મહત્તા ધીમે ધીમે ઓસરી રહી હતી. જે બ્રિટિશ સામ્રાજ્યને બિરદાવતાં એમ કહેવાતું કે, ત્યાં સુધી સૂર્ય કદી આથમતો નથી, એ સોળે કળાએ સદોદિત જ રહે છે, એવા સામ્રાજ્યથી અંજાઈ જઈને ભલભલા રાજવીઓ અને મહારાવો પણ એનો પડ્યો બોલ ઝીલવા તત્પર રહેતા. આમ છતાં અંગ્રેજો જ્યાં અસરકારક ન નીવડતાં ત્યાં મહારાવનું માર્ગદર્શન કેટલું બધું અસરકારક નીવડતું એની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ કચ્છના મહારાવ પ્રાગમલજીના જીવનમાંથી જાણવા જેવો જડી આવે છે.

કચ્છની ગાદી પર ૨૨ વર્ષની વયે અભિષિક્ત બનેલા મહારાવ પ્રાગમલજી માત્ર ૩૭ વર્ષની ભરયુવાનવયે સ્વર્ગવાસી બન્યા હતા. બ્રિટિશસલ્તનત તરફથી "નાઈટ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ માસ્ટર એકઝોલ્ટ ડે ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઈન્ડિયા"નો ઈલકાબ પામનારા આ રાજવીની આણ કેટલીબધી અસરકારક હતી અને એમનું ફરમાન શિરસાવન્દ્ય કરવા પ્રજા કેટલી હદે તૈયાર રહેતી, એને સૂચવી જતો એક પ્રસંગ ખરેખર જાણવા જેવો છે.

એ અરસામાં ગુલામોના ખરીદ-વેચાણનો ધંધો ધમધોકાર ચાલતો હતો. અંગ્રેજ શાસનની નજર આ ધંધા પર પડતાં કોઈપણ ભોગે આ ધંધો બંધ થઈ જાય, એ માટે અંગ્રેજોએ ઘણી ઘણી જહેમત ઉઠાવી. આ ધંધાનું મુખ્યકેન્દ્ર ત્યારે પૂર્વઆફ્રિકામાં આવેલ જંગબાર ગણાતું, ત્યાં સુલતાન સૈયદ બરગસના હાથમાં સત્તાનાં સૂત્રો હતાં.

ગુલામોના આવા ધંધા અંગે વિરોધી લોકમત અને જનજુવાળ જાગે, એ માટે અંગ્રેજ શાસને કાયદા કાનૂનનો આશરો લેવા ઉપરાંત બીજા પણ અનેક પ્રયાસો પાછળ હજારો રૂપિયાનું પાણી કરી નાંખ્યું. પણ પરિણામ શૂન્ય જ આવ્યું, અંતે સુલતાન સૈયદ દ્વારા પણ થાય એટલા પ્રયત્નો અંગ્રેજોએ કર્યા. પરંતુ એમાંય ઝાઝી સફળતા ન મળી. કારણ કે જંગબાર ખાતે ધમધોકાર ચાલતો આ ધંધો બંધ થાય, તો રાજ્યના ખજાનાને મોટી ખોટ પડે એમ હતી, અને રાજ્યમાંય ઘણાઘણાની રોજગારી પર કારમો ફટકો પડે એમ હતો.

અંગ્રેજોના આગ્રહને વશ થઈને સુલતાન સૈયદ ખજાનાને પડનારી ખોટને ખમી લઈને પણ ગુલામી-પ્રથાને નેસ્ત નાબૂદી કાજે તૈયાર થઈ ગયા. પણ લાખેણો સવાલ એક એ જ હતો કે, પૂર્વ આફ્રિકામાં અને વિષેષતઃ જંગબારમાં ગુલામી પ્રથા વિરૂદ્ધ જનમત જાગૃત ન થાય તો ગમે તેવા પ્રયાસોનું પરિણામ શૂન્યમાં જ આવે એમ હતું. અંગ્રેજ શાસન તો કોઈપણ ભોગે ગુલામી-પ્રથા બંધ કરવા જ કૃતનિશ્ચયી હતું. ઠીક ઠીક વિચાર-વિમર્શ બાદ એની નજર કચ્છની ગાદીને શોભાવનારા મહારાવ પ્રાગમલજી પર સ્થિર થઈ. જંગબારમાં કચ્છી-વેપારીઓની સંખ્યા ઘણી મોટી હોવાથી અને ગુલામોના ખરીદ-વેચાણનો મોટાભાગનો વ્યવસાય કચ્છી-પ્રજાના હાથમાં હોવાથી એમને એવું આશાકિરણ દેખાવા માંડ્યું કે, આપણે જો મહારાવ પ્રાગમલજીનું પીઠબળ મળી જાય, તો ચોક્કસ કચ્છી-વેપારીઓને આપણી તરફેણમાં પલટાવી શકાય. જો આટલી સફળતા મળે, તો ગુલામી પ્રથાને કાનૂની-કલમના એક જ

ઘસરકે નેસ્તનાબૂદ કરતા વાર નહિ લાગે.

અંગ્રેજ શાસનને મન તો ગુલામી-પ્રથાની નાબૂદી જ મુખ્ય હતી, અને યશ પોતાના શાસનને મળે કે કચ્છના મહારાવની ભાગીદારી એમાં ભળે, એ ગૌણ બાબત હતી. એથી અંગ્રેજી શાસન તરફથી મહારાવ પર એક સંદેશો પાઠવવામાં આવ્યો, એમાં લાલ અક્ષરે લખવામાં આવ્યું કે, બ્રિટિશ-સલ્તનત ગુલામી પ્રથાને નાબૂદ કરવા કાજે કૃતનિશ્ચયી છે. આ નિશ્ચયની નૈયાને સામે પાર પહોંચાડવા તમારો સક્રિય સહયોગ સાંપડશે, તો એવો વિશ્વાસ છે કે, અંગ્રેજ સરકારને વહેલી સફળતા પ્રાપ્ત થશે. સર બારહલવીએ કમિશનની આગેવાની હેઠળ આ અંગે સુલતાનને એવું આખરીનામું પણ આપી દીધું હતું કે, ગુલામીપ્રથા નાબૂદ નહિ થાય, તો જંગબારને ઘેરી લઈને સત્તાના જોરે પણ આ પ્રથા નાબૂદ કરાશે. પરંતુ આવું આખરીનામું પણ કારગત ન નીવડ્યું, એથી જ કચ્છના મહારાવને યાદ કર્યા છે. માટે આ સંદેશા પર ગંભીરતાથી વિચાર કરીને દીવાન શાહબુદ્દીનને તમારા વતી જંગબાર પાઠવશો, તો અંગ્રેજ શાસનને વિશ્વાસ છે કે, જરૂર સફળતા મળશે જ.

અંગ્રેજ સલ્તનતે અંતિમ ઉપાય તરીકે જ્યારે આ જાતનું આખરીનામું પાઠવ્યું, ત્યારે તો એને એવો વિશ્વાસ જ હતો કે, ગુલામી-પ્રથા હવે નાબૂદ થઈ જ જશે. પરંતુ આ વિશ્વાસ પણ જ્યારે ઠગારો નીવડ્યો, ત્યારે જ કચ્છના મહારાવ પ્રાગમલજીને અંગ્રેજ શાસને યાદ કર્યા હતા. એથી આ સંદેશાને મહારાવે ખૂબ જ ગંભીરતાથી ધ્યાનમાં લીધો અને દીવાન શાહબુદ્દીન આદિ મંત્રી-મંડળ સાથે ગુલામી-પ્રથાની નાબૂદી અંગે ખૂબ ખૂબ વિચારણાને અંતે એવો નિર્ણય લેવામાં આવ્યો કે, મહારાવ તરફથી એક ફરમાન કચ્છી વેપારીઓના નામે જાહેર કરવામાં આવે અને એને હુકમનાં પાનાં તરીકે ઉતારવામાં આવે, તો ગુલામી-પ્રથા ચોક્કસ બંધ થઈ જવા પામે !

મંત્રીમંડળ દ્વારા આવો નિર્ણય લેવાયા બાદ મહારાવ પ્રાગમલજીના

નામે એક હુકમનામું તૈયાર કરવામાં આવ્યું. એને લઈને દીવાન શાહબુદ્દીન જંગબાર પહોંચ્યા અને અંગ્રેજ સરકાર તરફથી આવેલા કમિશનના અગ્રણી સર બારહલવી સાથે મસલત કર્યા બાદ એવો નિર્ણય લેવાયો કે, જંગબારમાં વસતા તમામ કચ્છીઓની એક સભા બોલાવવી અને ગુલામી-પ્રથાની ક્રૂરતા વર્ણવીને અંતે આ પ્રથાને તિલાંજલિ આપવા અનુરોધ કરવો. આ અનુરોધ અસરકારક નીવડે, એ માટે કચ્છના મહારાવ પ્રાગમલજીના જાહેરનામાંને હુકમનાં પત્તાં તરીકે ઉતારવો.

કચ્છના મહારાવ તરફથી કોઈ અગત્યનો સંદેશો લઈને આવેલા દીવાન શાહબુદ્દીનના આગમનની અને સભાના આયોજનની વાત જંગબારમાં ફેલાતાં કચ્છી પરિવારો સભા સ્થળે બચ્ચેબચ્ચા સાથે ઉમટી પડ્યા. આવી જંગી હાજરી જોઈને સર બારહલવી પણ આશ્ચર્યચકિત બની ગયા. આ પૂર્વેની નાની મોટી આવી સભાઓ એમણે જોઈ હતી. પરંતુ સ્વયંભૂ ઉલ્લાસ એમને આજે જ જોવા મળતો હતો. એમાં પણ જ્યાં કચ્છી પ્રજા પોતાની પ્રિય કચ્છીબોલીમાં દીવાન શાહબુદ્દીનને સાંભળતી ગઈ અને એની અકસીર અસર જેમ જેમ દરેકના ચહેરા પર કળાતી ચાલી, એમ એમ અંગ્રેજ શાસનને એવું ભાસવા માંડ્યું કે, હજારો રૂપિયા ખરચવા છતાં જે સફળતાનો ઓછાયો પણ જોવા મળ્યો નહતો, એ સફળતા દોડીને સામેથી આવી રહ્યાની પ્રતીતિ થવા માંડતા વક્તા-શ્રોતા સહિતની સમગ્ર સભાની પ્રસન્નતાનો પાર ન રહ્યો. ગુલામી પ્રથાની નેસ્તનાબૂદી માટે સૌ સંકલ્પબદ્ધ બની ગયા. એમાં સભાને અંતે નીચે મુજબનું જાહેરનામું વાંચી સંભળાવવામાં આવ્યું, ત્યારે તો સમગ્ર સભાની એ સંકલ્પબદ્ધતા એકદમ સજ્જડ બની જવા પામી.

## જાહેરનામું

### મહાધિરાજ મીરજા મહારાજ શ્રી પ્રાગમલજી બહાદુર તરફથી

“જંગબારમાં વસનાર કચ્છી પ્રજાને ખબર આપવામાં આવે છે કે જે હાલ અહીં સાંભળવામાં આવ્યું છે કે તમો લોકો ગુલામો તથા

ગુલામડીઓ ખરીદ કરવા તથા વેચવાનો ધંધો કરો છો અને એ ચાલ બિલકુલ બંધ કરવા નામદાર સરકારની ચાહનાથી તે વિષે અમારા તીર્થ સ્વરૂપ પિતાશ્રીએ તથા અમે હાલથી આગળ જાહેરનામા કરેલા છે તે છતાં પણ હજુ સુધી તમારા તરફથી એ ક્રૂર ધંધા ઉપરથી હાથ નથી ઉઠાવ્યો એ બિલકુલ નામુનાશીબની વાત છે. વાસ્તે આ હુકમ લખવામાં આવે છે કે સદરહુ ધંધો તમો હરગીજ કરશો નહિ ને કરતા હો તો આ હુકમથી તત્કાળ બંધ કરજો અને તે છતાં જે કોઈ કરશે યા કોઈપણ રીતે શામિલ રહેશે તેને નામદાર અંગ્રેજ સરકાર પોતાની રૈયત જેવી ગણી સખત સજા કરવા તેમને અધિકાર છે તે મુજબ તેઓ કરશે અને તેની જે મિલકત કચ્છમાં હશે તે દરબાર જપ્ત કરી ખાલસા કરશે. વાસ્તે પક્કી તાકીદ જાણજો."

માગશર વદી ૧ સોમ, સંવત ૧૯૨૯ના વિક્રમાજી પરવાનગી શ્રીમુખ હજુર

આ જાહેરનામાએ એટલીબધી વ્યાપક અસર પેદા કરી કે, હજારો ગુલામોનું સ્વામીત્વ ધરાવનારા મોટા મોટા વેપારીઓ પણ જ્યાં પોતાના માનીતા મહારાવની મરજી અને મનોરથની પૂર્તિ કાજે ગુલામી પ્રથાને પળવારમાં તિલાંજલિ આપવા તૈયાર થઈ ગયા, ત્યાં નાના નાના વેપારીઓ તો આવી તૈયારી દાખવે, એમાં આશ્ચર્ય શું ? એક વેપારી પાસે તો સાત હજાર ગુલામોનું આધિપત્ય હતું, એણે ગુલામોને તો મુક્તિ આપી જ દીધી, પણ સાથે સાથે પ્રત્યેક ગુલામને એક જોડી કપડાં ઉપરાંત થોડા દિવસ સુધી ચાલે, એટલી ખાધા-ખોરાકી આપવા દ્વારા એણે માનવતાની એવી મહેક ફેલાવી કે, એથી ગુલામો પણ આશ્ચર્યચકિત બની ગયા વિના ન રહી શક્યા, પછી અંગ્રેજ-અધિકારીઓ તો માનવતાની એ મહેકથી તરબતર બની ગયા વિના ક્યાંથી રહી શકે ?

મહારાણી વિક્ટોરીયાએ પણ ગુલામીપ્રથાની નાબૂદી બદલ જંગબારના સુલતાન સહિત કચ્છના મહારાવ પ્રાગમલજીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા. આટલું જ નહિ, આફ્રિકાના "કિનીયા ડેલી મેલ"

નામના અખબારે પણ ઉપરોક્ત હુકમનામું અક્ષરશઃ પ્રસિદ્ધ કર્યું હતું. આમ, અંગ્રેજ સલ્તનતની સત્તાનો સૂર્ય 'ગુલામી પ્રથા'નો જે અંધકાર દિવસો સુધીની જહેમત પછી પણ ન હઠાવી શક્યો, એને પળવારમાં જ હઠાવી દેવા મહારાવ પ્રાગમલજીની સત્તાનો ઝાંખો પડતો દીવડો એ કાળે સમર્થ સાબિત થયો. પ્રજાના મુખેથી ત્યારે એવા આશ્ચર્યોદ્‌ગાર સરી પડ્યા કે, સૂર્ય જ્યાં હાર્યો, દીવડો ત્યાં જીત્યો !

આધારઃ ગુજ.સમા. વિભાગઃ ધરતીનો ધબકાર, લેખકઃ દોલત ભટ્ટ

## મારવાડની મનોરથ-પૂર્તિ અધૂરી જ રહી

## ૧૧

ગુજરાતના ઈતિહાસમાં અજરઅમર બની જનારા વનરાજ ચાવડાનાં નામ કામ પરાક્રમની દૃષ્ટિએ જેટલાં સુપ્રસિદ્ધ હતાં, એથીય વધુ પવિત્રતાની પ્રતિમા તરીકે પ્રખ્યાત હતા. પરાક્રમ અને પવિત્રતાની એમની ગાથાઓ ગાતાં ગુજરાત થાકતું નહોતું, તો મારવાડ પણ એમની મહાનતાનો મહિમા ગાવામાં મશગૂલ હતું. વનરાજ ચાવડાના રાજ્યકાળમાં ગુજરાતનું ગૌરવ ચરમ સીમા સર કરી ચૂક્યું હતું. એ જોઈને મારવાડને એવી ઈર્ષા થતી હતી કે, ગુજરાતથીય વધારે ગૌરવ મારવાડને કેમ ન મળે ?

મારવાડે આ જાતના મનોરથની પૂર્તિ માટે ઘણું ઘણું મનોમંથન અનુભવ્યું. પણ કોઈ માર્ગ ન જડ્યો. અંતે ઘણા ઘણા રાજવીઓએ એકત્રિત બનીને આ માટે મંત્રણા ચલાવી. પણ આશાસ્પદ કોઈ ઉપાય ન જ દેખાયો, ત્યારે ભાટ-ચારણો તરફ નજર દોડાવીને એમની સમક્ષ મનોરથપૂર્તિ માટેના ઉપાય અંગે રાજવીઓએ જ્યારે મીટ માંડી, ત્યારે એક ચારણે જવાબમાં જણાવ્યું કે, આ કાર્ય મને સોંપવામાં આવે, તો મને વિશ્વાસ છે કે, આપ બધાની મનોરથ પૂર્તિમાં હું જરૂર જરૂર સહાયક બની શકીશ.

ચારણ તરફથી મળેલા આવા આશાસ્પદ જવાબથી રાજવીઓના મૂરઝાયેલા ચહેરાઓ પર ચમક ફરી વળી. સૌએ સમસ્વરી સવાલ કર્યો

કે, ચારણ ! તમારી સમર્થતા પર વિશ્વાસ છે, છતાં અમે બધા એ જાણવા માંગીએ છીએ કે, વનરાજ ચાવડા જેવી શક્તિ-ભક્તિ-વ્યક્તિનું મારવાડમાં અવતરણ તમે કઈ રીતે કરાવી શકશો ? આ કંઈ સહેલું કાર્ય નથી, માટે આવો સવાલ જાગે, એ અસહજ ન ગણાય.

ચારણે તરત જ જવાબ વાળતાં કહ્યું કે, વનરાજ ચાવડાના પિતાજીને મારવાડમાં લઈ આવવાનું ભગીરથ કાર્ય પૂરું પાડવાની જવાબદારી હું લઈશ, પછી વનરાજ ચાવડા જેવી શક્તિનું અવતરણ કઈ રીતે કરાવવું, એ તો આપે બધાએ જ વિચારવાનું છે. જો કે મેં તો મનમાં આ અંગે પણ વિચારી જ રાખ્યું છે.

રાજવીઓ વિચારમગ્ન બની ગયા કે, ચાવડાના પિતાજી મારવાડ આવે, એ ઓછું શક્ય છે. પણ એઓ આવે એટલા માત્રથી શું ? વનરાજ ચાવડા જેવા પરાક્રમને પેદા કરવા માટે આટલું પરિબળ જ પૂરતું ન ગણાય. રાજવીઓ તરફથી પ્રશ્ન થયો કે, ચારણ ! તમે જે વિચારી લીધું છે, એ વિચાર વ્યક્ત કરો, એથી એની પર અમે વિચારણા કરી શકીએ ! ચાલો, એક વાર માની લીધું કે, ચાવડાના પિતાજીને મારવાડના મહેમાન બનાવવામાં તમને સફળતા મળી ગઈ. પણ મનોરથની પૂર્તિ માટે આ પછી અમારે શું કરવાનું ?

'પછી આપે બધાએ એટલું જ કરવાનું કે, મારવાડની કોઈ ક્ષત્રિય કન્યા સાથે એમનું લગ્ન મંજૂર કરાવવાનું ! આ મંજૂરી મળી જાય, પછી તો સવાયા વનરાજ ચાવડાની જન્મભૂમિ બનવાનું ગૌરવ મારવાડને નહિ મળી જાય શું ?'

ચારણનો આ પ્રશ્નાત્મક જવાબ સાંભળીને બધા રાજવીઓ આશાન્વિત બની ગયા. પણ સૌને એ વાત સાવ જ અસંભવિત જણાતી હતી કે, ચાવડાના પિતાજીને મારવાડમાં લાવવામાં ચારણને સફળતા મળે ! આવી આશંકાનો સૂર ઉઠતાં જ ચારણે વિશ્વાસના ટંકાર સાથે જવાબ વાળ્યો કે, મને વિશ્વાસ છે કે, ગુજરાતના રાજવીને હું રીઝવી

શકીશ. અને રાજા જો રીઝી જાય, તો પછી કોઈ કાર્ય કઠિન ન ગણાય. પછી તો આસમાનના તારા પણ નીચે ઉતારી શકાય, તો રાજવીને મારવાડમાં કેમ ન લાવી શકાય ?

ધનુષ્યના ટંકાર જેવો ચારણનો આ જવાબ સાંભળીને બધા પૂરેપૂરા આશ્વસ્ત બની ગયા અને બધાના મુખેથી એવી મંગલકામના રેલાઈ રહી કે, સરસ્વતી પુત્ર ! ગુજરાત તરફનો તમારો પ્રવાસ કુશળ નીવડો, ગુજરાતના રાજવી સાથેનો તમારો મારવાડ-પ્રવેશ વહેલી તકે ઉજવવા અને મોતીડે વધાવવા અમે ઉત્કંઠિત રહીશું.

મંત્રણાની ફલશ્રુતિ આવી સુંદર આવવા બદલ સૌ ચારણને ધન્યવાદ આપતા રહ્યા અને આવા પ્રસન્ન વાતાવરણ વચ્ચે ચારણે શુભ ઘડી-પળ સાધી લઈને ગુજરાત તરફ પ્રયાણ કર્યું. ચારણને પોતાની વાચાળતા પર વિશ્વાસ હતો. ચારણ બોલતો અને જાણે એના મુખમાંથી ફૂલડાં વેરાવા માંડતાં, એ ચાલતો અને જાણે એના પગલે-પગલે પાયલ રણકવા માંડતા. આવી બોલ-ચાલના પ્રભાવે ચારણને ઘણા ઘણા રાજવીઓને રીઝવવામાં સફળતા સાંપડી હતી. આવી સફળતાના સહારે જ ચારણે જેને એક સાહસ ગણાય, એવું કાર્ય પાર પાડવાનું બીડું ઝડપ્યું હતું. ચારણનાં નામકામ એટલાં બધાં પ્રસિદ્ધ હતાં કે, એને કોઈ રાજ્ય કે રાજા પાસે પ્રવેશ મેળવવામાં જરાય મુશ્કેલી પડતી નહિ, એનું નામ સાંભળીને જ સૌ એને અંતરથી આવકારવા સજ્જ થઈ જતા.

ચાવડાની સભામાં જ્યારે ચારણે પ્રવેશ કર્યો, ત્યારે સભા રોમાંચિત બની ગઈ, એમાંય જ્યારે એના મુખમાંથી સરસ્વતી ખળખળ નાદે વહી નીકળી, ત્યારે તો સૌના દિલદિમાગ તરબતર બની ગયા. એમાં પણ વનરાજ ચાવડાના પિતાજી તો હૈયાના હર્ષને રોકી ન જ શક્યા, એમનો હર્ષ હૈયાની પાળ તોડીને વહી નીકળ્યો. ચારણ પર મુક્તમને વરસી જતાં એમણે કહ્યું : ચારણ ! હું તમારી પર એટલો બધો તુષ્ટ થયો છું કે, તમે જો માંગો, એ અબઘડી જ હાજર કરવાની મારી તૈયારી છે.

તમને માંગતા હજી વાર લાગશે, પણ મને આપતા જરાય વાર નહિ થાય. માટે, માંગો, માંગો, મુક્તમને માંગો, તમે કંઈ નહિ માંગો, તો મારો હર્ષનો આ ઉછાળો વૃદ્ધિંગત નહિ બની શકે. માટે મારી ખાતર પણ તમારે માંગવું તો પડશે જ.

ચારણ ચતુર હતો. એણે માંગવા માટેની પૂર્વભૂમિકા સુદૃઢ બનાવવાની મુરાદથી કહ્યું : રાજવી ! ચારણને માંગવા માટે કહેવાનું હોય ખરું ? આપનો આ પ્રસ્તાવ તો મારે મન 'ભાવતું હતું ને વૈદ્યે જણાવ્યું' જેવો જ ગણાય, છતાં માંગણી મૂકતાં મારે એટલા માટે વિચાર કરવો પડે છે કે, મને પછી એવો પસ્તાવો કરવાનો વખત ન આવે કે, મેં ક્યાં માંગવાની ઉતાવળ કરી નાખી અને આપને એવી મૂંઝવણ ન અનુભવવી પડે કે, મેં ક્યાં આવી ઉદારતા દર્શાવી ?

આટલો મમરો મૂકીને ચારણ મૌન બની ગયો. એને વધુ કોઈ ખુલાસો કરવો જ ન પડ્યો. રાજવીએ જ સામેથી એવી સ્પષ્ટતા કરી દીધી કે, ચારણ ! માંગો એ મળશે. માંગવામાં તમે કૃપણતા ન દાખવતા. એવું માંગજો કે, મારું દાન ઉદારતાના ખાતે ખતવાયા વિના ન રહે. મારા તરફથી આટલી બાંયધરી મળ્યા બાદ મને તો વિશ્વાસ છે કે, જરાય સંકોચાયા વિના હવે તમે માંગણી મૂકશો. અને એની પૂર્તિ કરતા હું પળનોય વિલંબ નહિ જ કરું.

ચારણને થયું કે, હવે માંગણી મૂકવામાં વાંધો નહિ. છતાં થોડીક ચકાસણી કરતાં એણે કહ્યું : રાજવી ! હજી ચોખવટ કરી લઉં. હું આપની પાસેથી કોઈ વસ્તુ ચાહતો નથી. મારી મનોકામના તો બીજી જ છે. એની પૂર્તિ આપનાથી શક્ય બની શકશે ખરી ને ?

રાજવીએ છાતી પર હાથ મૂકીને કહ્યું : ચારણ ! ચોળીને આટલું ચીકણું કરવાની કોઈ જરૂર ખરી ? મારી પાસેથી કોઈ ચીજ મેળવવાની ઇચ્છા નથી, તો પછી તમારી ઇચ્છા કઈ છે ? બોલી જાવ, મનમાં જે હોય, એ બોલી જાવ. તમારી ઇચ્છાપૂર્તિ માટે હું વચનબદ્ધ બનું છું.

ચારણે ધડાકો કરતાં કહ્યું કે, હું આપને જ ઇચ્છું છું. મારી માંગણી છે કે, આપ ખુદ જ મારવાડ પધારો. આપને વધાવવા મારવાડ પ્રતીક્ષાની પુષ્પાંજલિ લઈને ખડું રહેશે. આપની પાસેથી કંઈક મેળવવાની મારી મુરાદ નથી. મારા મનોરથ તો મારવાડમાં આપની જ પધરામણી કરાવવાના છે.

ચારણની આ માંગણી સાંભળીને સભામાં સન્નાટો છવાઈ ગયો. પણ વચનબદ્ધ રાજવીએ વળતી જ પળે જવાબ વાળ્યો કે, ચારણ ! તમારી માગંણી મને માન્ય છે. હું મારવાડ આવવા તૈયાર છું. આની પાછળનું કારણ પણ હું જાણવા માંગતો નથી. પણ 'પ્રાણ જાઈ પર વચન ન જાઈ'ની ટેક ટકાવવા અબઘડી જ હું જાહેર કરું છું કે, તમારી માંગણી પૂરી કરવા મારવાડ આવવાની મારી તૈયારી છે.

ચારણના ચહેરા પર પ્રસન્નતાની પૂર્ણિમા પ્રકાશી ઉઠી, પરંતુ સભાના ચહેરે તો અમાસનું અંધારું છવાઈ ગયું. ચારણે કહ્યું કે, રાજવી ! આપને હું દાનવીર કર્ણની કોટિમાં મૂકવા માંગું છું. મારી માંગણી સ્વીકારી લઈને આપે મને જે આપ્યું છે, એથી મારે હવે બીજું કંઈ જ માંગવા જેવું રહેતું નથી. આપની પ્રસન્નતા જળવાતી હોય, તો એક બે દિવસમાં જ આપણે મારવાડ તરફ પ્રયાણ કરીએ. આ પ્રયાણ પાછળનું પ્રયોજન પણ મારે છૂપાવવું નથી. પણ હું યોગ્ય પળની પ્રતીક્ષામાં છું. પળ પાકી જશે એટલે સામેથી મારું પ્રયોજન આપની આગળ ખુલ્લું કરી દઈશ. પ્રયોજન જાણ્યા બાદ મને વિશ્વાસ છે કે, આપ મારા માથે ચાર હાથે કૃપા-વર્ષા કર્યા વિના નહિ જ રહી શકો.

ચારણનો આ પ્રસ્તાવ સાંભળીને સભા સંકલ્પ-વિકલ્પના ઝંઝાવાતનો ભોગ બની. પણ ચાવડાના પિતાજીના ચહેરા પરની સ્વસ્થતા જરાય નંદવાઈ નહોતી. ન એમણે મારવાડ-ગમનનું પ્રયોજન જાણવાની ઉત્કંઠા દર્શાવી કે ન સભાએ પ્રયોજન જાણવાનો આગ્રહ વ્યક્ત કર્યો. બરાબર ત્રીજે દિવસે થોડા રસાલા સાથે રાજવીએ મારવાડ તરફ પ્રયાણ

કર્યું, ત્યારે એકે આંખ એવી નહોતી કે, જયાંથી ખળખળ કરતી આંસુધાર વહી નીકળી ન હોય, સિવાય રાજવી અને ચારણ ! આ બંનેની આંખમાં આંસુ ન હતાં, પણ આનંદ હતો. એકને વચન પાળ્યાનો આનંદ, તો બીજાને મારવાડની મનોરથ-પૂર્તિ કરવા માટેની ભૂમિકા સુદઢ બની રહ્યાનો આનંદ !

બે-ત્રણ દિવસના પ્રવાસ પછી એક દહાડો ચારણના ચિત્તમાં અચાનક જ મારવાડ-પ્રવાસનું પ્રયોજન જણાવી દેવાની ચાનક જાગી ઉઠી. વાતાવરણમાં એકાંત હતું. મનનો મોરલો મોરપીંછ ફેલાવીને નૃત્ય કરવા મંડી પડે, એવો મનોહર માહોલ હતો. ઝરણાં ઝંકૃત હતાં. નદી પ્રવાહ ખળખળ નાદ રેલાવી રહ્યો હતો. પક્ષી-ગણ ટહુકી રહ્યો હતો. ચારણ ચકોર બનીને રાજવીના મુખચન્દ્રનું દર્શન કરી રહ્યો હતો. એણે અચાનક જ કહ્યું કે, મારવાડ-પ્રવાસનું પ્રયોજન જાણવાની ઉત્કંઠા આપના ચહેરા પર આજ સુધી વાંચવા મળી નથી, એનું મને આશ્ચર્ય છે. આથી ય વધુ આશ્ચર્ય હું એ વાતનું અનુભવી રહ્યો છું કે, રહસ્યભૂત એ પ્રયોજનને ખુલ્લું કરવાની અચાનક જ જાગેલી ચાનક આજે મને મૌન રહેવા દે એમ નથી. આપના ચિત્તમાં જે ઉત્કંઠા હોવી જોઈએ. એ આજે મારા ચિત્તમાં કેમ જાગી છે, એ હું સમજી શકતો નથી.

રાજવીએ સાહજિકતાથી જવાબ વાળ્યો કે, પ્રયોજન ખુલ્લું કરવાની ચાનક આજે અચાનક જ જાગી, એમની પાછળનું કારણ પાકેલી પળ જ ન હોઈ શકે શું ? તમે જ આ પૂર્વે પળ પાકતાં પ્રયોજન ખુલ્લું કરવાની વાત નહોતી કરી શું ? પાકેલી પળે જ આજે અચાનક તમારામાં આવી ચાનક પેદા કરી હોય, આવી સંભાવના તમને પણ સાચી જણાયા વિના નહિ જ રહે.

રાજવીના આ પ્રત્યુત્તરથી સંતુષ્ટ બનેલા ચારણે કોઈ જાતની ભૂમિકા રચ્યા વિના જ મૂળ અને મુખ્ય મુદ્દાને સ્પર્શતાં કહ્યું કે, રાજવી ! વનરાજ ચાવડાએ આજે ગુજરાતને અનેરું ગૌરવ અપાવ્યું છે અને

ગુજરાતે વનરાજ ચાવડાને અનુપમ વિખ્યાતિ અપાવી છે. સો ટચના સોના જેવા આ સત્યનો અપલાપ આજે કોઈનાથી થાય એમ નથી. આ વાતમાં આપ સંમત જ છો, એમ માનીને હું આગળ વધુ છું. ગુજરાતની હરોળમાં જ મારવાડનાં નામકામ પ્રતિષ્ઠિત થાય, એવી મનોરથ પૂર્તિની જવાબદારી મારવાડના રાજવીઓએ મારા શિરે સોંપી અને મેં એને સહર્ષ સ્વીકારી. એથી આપને મારવાડના મહેમાન જ નહિ, અમુક અંશે માલિક બનાવવા માટે જ આપની પધરામણી હું મારવાડમાં કરાવવા માંગું છું. મારું પ્રયોજન આ જ છે.

આટલી વાત પરથી બધો તાગ પામી જનારા રાજવીએ ચારણના પેટમાંથી જ બધી વાત કઢાવવા પૂછ્યું કે, હું મારવાડ આવું, એટલા માત્રથી બીજો વનરાજ કઈ રીતે પેદા થઈ શકે ? અને મારવાડ કઈ રીતે ગુજરાત સમોવડું માન-પાન મેળવી શકે ?

ચારણે એકદમ સ્વાભાવિકતાથી જવાબ વાળ્યો કે, આ તો એકદમ સીધું અને સાદું ગણિત છે કે, મારવાડની કોઈ ક્ષત્રિય કન્યા આપને સમર્પિત થાય, તો આવા લગ્નની વેલડી પર વનરાજ જેવાં ફૂલ-ફળ ફલિત ન બની શકે શું ? પોતે જે અનુમાન કરી શક્યા હતા, એને અનુરૂપ જ આ જવાબ સાંભળીને રાજવી હવે મૌન ન રહી શક્યા. એમણે કહ્યું કે, વનરાજને પેદા કરવાનો મનોરથ સેવનારે સૌપ્રથમ તો પવિત્રતાની પ્રતિમા સમી ક્ષત્રિય-કન્યાને જ પેદા કરવી રહી, જે કન્યામાં પરાક્રમ અને પવિત્રતાની હોડદોડ સમી સ્પર્ધા જોવા મળતી હોય, એની કૂખ જ વનરાજ જેવા સંતાનને પેદા કરી શકે, ચારણ ! આ સચ્ચાઈનો તમને ખ્યાલ હોય, તો હું પૂછવા માંગું છું કે, આવી પવિત્રતાની પ્રતિમા મારવાડમાં અસ્તિત્વ ધરાવે છે ખરી ?

સણસણતો આ સવાલ સાંભળીને એક વાર તો ચારણ ચમકી જ ગયો, પણ વળતી જ પળે એણે જિજ્ઞાસુભાવે પૂછ્યું કે, કેવી પવિત્રતાની આપ મારવાડ પાસે અપેક્ષા રાખો છો ? આમ, ગણો તો પ્રશ્ન સાવ ટૂંકો

અને સામાન્ય હતો. પણ આ પ્રશ્ને રાજવીની નજર સમક્ષ ભૂતકાળની એક સૃષ્ટિને સજીવન બનાવી દીધી. એમના આંખ-અંતર આગળ વનરાજના જન્મ પછીનો એક પ્રસંગ ખડો થઈ ગયો. અને એમની આંખે, ઝળઝળિયા આવી ગયાં. સ્વાનુભૂતિથી સભર એ ઘટના કોઈ ચિત્રપટની જેમ એમની નજર આગળ સજીવન બની ઉઠી.

❖

થનગનતું યૌવન હતું. પણ પોતે પવિત્રતાની પાળનું પૂરેપૂરું જતન કરી શક્યા હતા. કારણ કે ધર્મપત્ની તરીકે મળેલું પાત્ર એટલું બધું પવિત્રતમ હતું કે, એના જેવી પવિત્રતાનું સ્વપ્નેય દર્શન દોહ્યલું ગણાય. સંસારની લગ્નવેલડી પર વનરાજનું ફૂલ ખીલી ઉઠ્યું હતું, થોડા મહિના પછીના એ દિવસોમાં એક વાર મોહવશ પોતાનાથી જરાક વધુ પડતી છૂટછાટ લેવાઈ ગઈ. પરપુરુષ સમક્ષ વાતચીત પણ ન કરવાની મર્યાદાનું અણિશુદ્ધપાલન ધર્મપત્ની માટે સહજ હતું. પણ આંખ સામે જ રમી રહેલા બાળક વનરાજને પણ પર પુરુષ સમજીને કોઈ જાતની જરાક પણ છૂટછાટ ન લેવાની મર્યાદાના પાલન અંગે સજાગ રહેનારી ધર્મપત્નીની આવી ટેક ખ્યાલ બહાર જતા પોતે લીધેલી વાતચીત જેવી છૂટથી છંછેડાઈ જઈને તીવ્રાઘાત અનુભવનારી એ ધર્મપત્નીએ સ્વામીનાથને સાવધાન કરતાં કહ્યું કે, પરપુરુષની હાજરીમાં આપનાથી આવી છૂટછાટ કેમ લેવાય ? આપની દૃષ્ટિએ આ છૂટછાટ કદાચ સાવ સામાન્ય ગણાય એવી હશે ? પણ આ છૂટછાટ તો છરી બનીને મારા કાળજે ભોંકાઈ ચૂકી છે. આ પીડાને હું જરાય જીરવી નહિ શકું. એમ લાગે છે.

સામે પ્રશ્ન થયો કે, અઢી-ત્રણ મહિનાના આ બાળકને તું પરપુરુષ ગણે છે ? એક તો આ બાળક છે અને પાછું આપણું સંતાન છે. પ્રતિકાર થયો : સ્વામીનાથ ! આ બાળક માત્ર માંસપિંડ જ નથી, પણ જાગૃત ચેતનામય પુરુષ છે. આની સમક્ષ આપે મારી ઇજ્જતને ધક્કો પહોંચાડ્યો

છે, આ કલંક હું કેવી રીતે સહન કરી શકીશ ? ચાલી રહેલી આ વાતચીત દરમિયાન જ ત્રણ મહિનાના એ બાળકે પડખું બદલ્યું. એનું અર્થઘટન એની માતા તરફથી એવું થયું કે, સ્વામીનાથ ! આ બાળક પણ મર્યાદાભંગ જોવા રાજી નથી, માટે જ પડખું ફેરવી લે છે. હાય ! હવે આવું કલંકિત-જીવન હું કઈ રીતે વેંઢારી શકીશ ? આવો આઘાત અકાળે જ જીવનનો અંત આણનારો નીવડ્યો ને વનરાજે ત્રણ વર્ષની ઉંમરે જ માતૃછાયા ગુમાવી દીધી. વિસ્મૃત પ્રાયઃ જીવનઘટના આ રીતે રાજવી સમક્ષ તાદૃશ બની જવા પામી.

આ ઘટનાને અથથી ઈતિ સુધી વર્ણવીને ચાવડા-રાજવીએ ચારણને વેધક સવાલ કર્યો કે, વનરાજની માતાની સાથે મેં માત્ર એના ખભે હાથ મૂકીને વાતચીત કરવા જેટલી જ છૂટ લીધી હતી. છતાં આવી છૂટને પર પુરુષ સમક્ષ મર્યાદાનો ભંગ સમજનારી પવિત્રતાની પ્રતિમા જ વનરાજ જેવી પરાક્રમ અને પવિત્રતાની જન્મદાત્રી માતા બની શકે. બોલો, ચારણ ! બોલો. મારવાડને જો વનરાજ જેવા સંતાનનો ખપ હોય, તો પહેલા આવી કન્યા પેદા કરવી પડશે. જે માતા બનીને બીજા વનરાજની જન્મભૂમિ તરીકેની મૂલ્યવત્તા મારવાડને બક્ષી શકે ! વનરાજની માતાની પવિત્રતા અંગેની આવી નેકટેક જાણીને ચારણનું તો જાણે મોઢું જ સિવાઈ ગયું. જવાબમાં એકાદ અક્ષર પણ એ ઉચ્ચારી ન શક્યો, ત્યારે રાજવીએ વાતને અણધાર્યો જ વિચિત્ર વળાંક આપતો પ્રશ્ન કર્યો : ચારણ ! તો હવે મને મારવાડના મહેમાન ને માલિક બનાવવાના મનસૂબા ઘડવાનું માંડી વાળો. હું ગુજરાત તરફ પાછો વળી જાઉં, એમાં જ મારું ને મારવાડનું ગૌરવ વધુ જળવાશે, એમ તમને પણ નથી લાગતું શું ?

આ પ્રશ્ન પણ અનુત્તરિત જ રહ્યો, જ્યારે ચારણના મૌનને મૂક-સંમતિ ગણીને રાજવી ચાવડા ગુજરાત તરફ પાછા વળવા તૈયાર થયા, ત્યારે જ ચાવડાને ખ્યાલ આવ્યો કે, ચારણના મૌનનો અર્થ મૂક સંમતિ

કરવા જતાં પોતે જરાય ભૂલ્યા ન હતા. કારણ કે ચારણ પણ વળાવિયા તરીકે થોડા દિવસ સાથે રહીને પછી જ મારવાડ તરફ પ્રયાણ કરી ગયો, ત્યારે એ ચારણના મુખમાંથી એવા ઉદ્ગાર સરી પડ્યા કે, ગુજરાતની ગૌરવગાથાનું અને વનરાજને વરેલી વિખ્યાતિનું રહસ્ય હવે જ મારી સમક્ષ ઉદ્ઘાટિત થવા પામ્યું : મર્યાદાનો માન-મરતબો જાળવવા આ રીતે આત્મ-વિલોપન પામેલી સદાચાર-નિષ્ઠ માતાના સંતાનનું જ્યાં સામ્રાજ્ય હોય, એ ગુજરાત ગૌરવોન્નત જ રહે એમાં આશ્ચર્ય શું ? અને એના પેંગડામાં પગ ભરાવવાની મુરાદ ધરાવનારા મારવાડની મનોરથ-પૂર્તિ પણ અધૂરી જ રહે, એમાંય આશ્ચર્ય શું ?

## યોગશક્તિનો પ્રત્યક્ષ પરચો

## ૧૨

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનો પ્રથમ દશક ચાલી રહ્યો હતો, ત્યારે જામનગરનાં સત્તાસૂત્રો જામ વિભાજી સંભાળી રહ્યા હતા. અંગ્રેજ અધિકારી તરીકે ભારતમાં કર્નલ-લેંકની કીર્તિ ત્યારે ગાજી રહી હતી. જામ વિભાજી સાથે કર્નલને ખૂબ જ સારો મનમેળ હતો. એથી ભારતમાં જ્યારે આવવાનું થતું, ત્યારે કર્નલ લેંક અવશ્ય જામ વિભાજીને મળવા આવતા અને થોડાઘણા દિવસ એમનું આતિથ્ય માણતા. જામનગરની જાહોજલાલીને વૃદ્ધિંગત બનાવતા રહેવામાં ત્યારે વજીર રાઘવજી ખલાસનો ફાળો નાનો-સૂનો ન હતો. એથી જામ વિભાના પડછાયા તરીકે તેઓ હરહંમેશ એમની સાથે જ જોવા મળતા.

જામ વિભાજી સાધુસંતો તરફ ઠીક ઠીક આસ્થા-શ્રદ્ધા ધરાવતા હતા. એમાં વળી એમને ત્યાં ખોળાના ખૂંદનારની ખોટ વરતાતી હતી, એથી શેર માટીની ખોટ પૂરી કરવા તેઓ અવારનવાર સાધુ-સંતોની સેવામાં ઉપસ્થિત થતા રહેતા. એમના હૈયે ઊંડે ઊંડે એવી આશાનો દીપક ઝગમગતો હતો કે, અગમ-નિગમના જાણકાર કોઈ સાધુસંતની કૃપાદૃષ્ટિના પ્રભાવે પોતાનો મનોરથ વહેલો મોડો સફળ થયા વિના નહિ જ રહે !

જામ વિભાજી એક વાર જામનગરની આસપાસના પ્રદેશમાં ફરવા નીકળ્યા. કર્નલ અને રાઘવજી વજીર સાથે જ હતા. એથી અલકમલકની

વાતોનો રંગ બરાબર જામ્યો હતો, એટલામાં જ દૂર દૂર કોઈ પર્ણકુટિ પર નજર જતાં અને ત્યાં કોઈ સંન્યાસીનો વસવાટ હોવાની સંભાવના સો ટકા જણાતાં જામ વિભાએ એ પર્ણકુટિ તરફ જવાની ઇચ્છા વ્યક્ત કરી. વજીર એમની તરફેણમાં હતા. ત્યારે કર્નલે થોડીક નારાજગી એમ કહીને વ્યક્ત કરી કે, ત્યાં રહેનારા અલગારી કોઈ સાધુ-બાવા પાસેથી આપણને શું મળવાનું હતું ? માટે નાહકનો સમય બગાડવાનો શો અર્થ !

જામ વિભાજી અને વજીરે જ્યારે એવી સંભાવના-શક્યતા વ્યક્ત કરી કે, આ તો ભારતની બહુરત્ના વસુંધરા છે. માટે ચીંથરે વીંટ્યું રત્ન ક્યારે ક્યાંકથી જડી આવે, એ ન કહી શકાય. એથી સમયને સાચવવાની ધૂનમાં ક્યાંક અમૂલ્ય તકને ગુમાવ્યાનો અફસોસ ન કરવો પડે, એ માટે થોડોક સમય બગાડીને પણ પર્ણકુટિની મુલાકાત લેવી જ જોઈએ.

શંકા-કુશંકા-સંભાવનાની મનોદશા પૂર્વક જામ વિભાજી આદિ ત્રણેએ પર્ણકુટિ તરફ પગલાં બઢાવ્યાં. આસપાસ જે સાદગી અને આડંબર રહિત વાતાવરણ જોવા મળી રહ્યું હતું. એથી કોઈને એ સંભવિત જણાતું ન હતું કે, ચીંથરે વીંટ્યું રતન પર્ણકુટિમાંથી હાથવગું બની જાય. પરંતુ પર્ણકુટિમાં પ્રવેશતાંની સાથે જ ચમત્કાર જેવો જે એક ચમકારો જોવા મળ્યો, એથી ત્રણે જણા વિસ્મિત બની ગયા. જામ વિભાજી આદિ ત્રણે સાદા વેશમાં જ હતા, વળી પહેલી વખત જ એમને યોગીનું દર્શન થયું હતું, પરંતુ યોગીએ જ્યારે નામ સાથે ત્રણેને આવકાર આપ્યો, ત્યારે સૌથી વધુ વિસ્મિત બની જઈને વજીરે વાર્તાલાપનો પ્રારંભ કર્યો :

"યોગીજી પ્રથમ વખત જ આપનું દર્શન મળી રહ્યું છે, છતાં આપે નામ-ઠામ આદિ જે માહિતી દર્શાવી, એથી એવું અનુમાન થાય છે કે, આપ અગમ-નિગમના જ્ઞાતા હો, એમાં શંકાને જરાય સ્થાન જ નથી. માટે આપની આગળ તો રાજવીની આપવીતી જણાવવાની જરૂર ન જ હોય. છતાં એટલું કહેવાની લાલચ રોકી શકતો નથી કે, રાજવી બહારથી

ભલે સુખના સરોવર પર સહેલગાહ માણતા દેખાતા હોય, પણ એમના હૈયે ઊંડે ઊંડે..."

વજીરના જીભની અણીએ આવી ગયેલા શબ્દોની પૂર્તિ કરતાં યોગીએ કહ્યું : શેર માટીની ખોટ સાલી રહી છે. આટલું જ તમે કહેવા માંગો છો ને ? તો હવે બધું જ સાંભળી લો. આટલું બોલીને યોગી એ ત્રણેની મુખમુદ્રા પરના ભાવો ઉકેલી રહ્યા. પ્રતીક્ષા, આતુરતા અને જિજ્ઞાસાના ભાવો ત્રણેના ચહેરે અંકિત થયેલા જાણીને યોગીને થયું કે, સાવ સાચું જણાવી દઈશ,, તો પણ કોઈ વિપરીત પરિણામ નહિ જ આવે. ભારતીયકુળના આ યોગી હતા. એથી સાધનાની સિદ્ધિ ઉપરાંત ગમે તેવાની શેહ-શરમથી અંજાયા વિના સાચું સુણાવી દેવાની નિર્ભીકતા-નિષ્ઠા એમને ગળથૂથીમાંથી જ મળી હોય, એમાં કોઈ આશ્ચર્ય ન હતું. યોગીએ બોલવાની શરૂઆત કરી :

'વાણીમાં હેત હોવું જેટલું જરૂરી છે, એથીય વધુ જરૂરી તો હિત છે. હિત અને હેતનો સંગમ તો વાણીને સુગંધી-સુવર્ણ જેવી મૂલ્યવત્તા બક્ષી જતો હોય છે. પરંતુ હેત કરતાં હિતને જ વધુ સ્થાનમાન આપતી વાણીની મૂલ્યવત્તા પણ કંઈ ઓછી ન જ આંકી શકાય. એથી રાજવીના હિતને પ્રાધાન્ય આપવા જતાં મારે કદાચ હેતને ગૌણ બનાવવું પડે, તો એ ક્ષંતવ્ય જ ગણવું રહ્યું. જે ચીજની ખોટ રાજવીને સાલી રહી છે, એ અંગે અંતે વાત કરીશું. સૌ પ્રથમ તો પ્રજાના હૈયે ખટકતી વાત એ છે કે, રાજવીના અંતઃપુરમાં પ્રવેશેલી મુસ્લિમ બાનુઓ એને જનાનખાનામાં પલટાવી નાખવાનો જે પ્રયાસ કરી રહી છે, એ યોગ્ય નથી. જામનગર-નરેશની અંગ્રેજો સાથેની વધુ પડતી આત્મીયતા પણ પ્રજાના દિલને ડંખી રહી છે. જામ વિભા સોના જેવા માણસ હોવા છતાં આ બે બાબતો લોઢાની મેખ બની સુવર્ણની શોભાને કલંકિત બનાવી રહી છે. માટે હાલ તો રાજવી પ્રજાને જ પુત્રસમી માનીને પ્રસન્ન રહે, એ વધુ જરૂરી છે. એમના નસીબમાં સંતાન-દુઃખ લખાયું જ છે, એ મુજબ

જરૂર સંતાનનો જન્મ થશે, પરંતુ...'

યોગીની વાત આગળ વધે, એ પૂર્વે જ ત્રણેના મોઢામાંથી સણસણતા બાણ જેવો સવાલ છૂટ્યો : 'સંતાન-દુ:ખ કે સંતાન સુખ ? આપ સુખ બોલ્યા હો અને અમે દુ:ખ સાંભળ્યું હોય, એમ હજી બને. બાકી આપનાથી સુખના બદલે દુ:ખ બોલાઈ જવાની ભૂલ થવી તો સંભવિત જ ન ગણાય. માટે આવો સવાલ થાય છે.' યોગીએ જવાબમાં જણાવ્યું કે, ભૂલ થવાનો પ્રશ્ન જ નથી. સમજીને મેં 'સંતાન દુ:ખ' શબ્દ વાપર્યો છે. કારણ કે નસીબમાં લખાયેલ સંતાન સુખ-સર્જક નહિ, દુ:ખદાયક બનવાનું નિર્માણ મિથ્યા થઈ શકે એમ જણાતું નથી. માટે મેં પહેલાં જ કહ્યું કે, પ્રજાને પુત્ર સમી માનીને રાજવી પ્રસન્ન રહે, એ વધુ જરૂરી ને યોગ્ય છે. આ જ વાતને દોહરાવતા મારે ફરી પણ એ જ કહેવાનું છે કે, પુત્ર તો થવાનો જ છે, પણ એ પ્રસન્નતાની પરંપરાનો પ્રવર્તક નહિ બને, માટે પ્રસન્નતા પામવા માટે અત્યારથી જ રાજવી પ્રજા પર પુત્ર સમો પ્રેમ વહાવનારા બની રહે, તો શેર માટીની ખોટ સાલનારી નહિ બનવા પામે.

સાધનાના પ્રભાવે અગમ-નિગમના જ્ઞાતા યોગીએ ચિત્તને ચોટ લગાડે, એવી જે સચોટ વાતો કહી હતી, એ સાવ સાચી હતી. જામ વિભા સોના જેવા હોવા છતાં અમુક અમુક ખામીઓ લોઢાની મેખ બનીને એ સુવર્ણને કલંકિત બનાવી રહી હતી. જામનરેશને અંગ્રેજો સાથે વધુ આત્મીયતા હતી, એમનું અંત:પુર જનાનખાના તરીકે કટાક્ષમાં ઓળખાતું હતું. યોગીની ભવિષ્યવાણી સાંભળ્યા બાદ હર્ષિત થવું કે વધુ ચિંતિત બનવું. એનો નિર્ણય ન તો જામ વિભા કરી શક્યા કે ન તો વજીર કરી શક્યા. કર્નલ લેંકને મન તો આ બધી જ વાતો અવનવી ભાસતી હતી. આવું બની શકે, એ એમને શક્ય જ લાગતું ન હતું, એક તરફ આ નજરોનજર જોવાતી ઘટના હતી, એથી ચમત્કાર જેવા તત્ત્વનો એકરાર કરવા જેમ એમનું કાળજું તૈયાર થતું ન હતું, બીજી

તરફ 'ચમત્કાર' જેવી અદૃશ્ય શક્તિનો ઈનકાર કરવા જતાં પણ કાળજામાંથી હજારો પ્રશ્ન જાગતા હતા. એથી કિંકર્તવ્યમૂઢતાનો ભોગ બનેલા કર્નલ દ્વિધા-દુવિધાની કોઈ ભેદી સૃષ્ટિમાં ભૂલા પડી ગયા જેવી સ્થિતિ અનુભવી રહ્યા હતા.

થોડીઘણી તપાસ અને પૂછપરછ કરતાં અંતે એવી માહિતી વજીર મેળવી શક્યા કે, હાલ ગોદડિયાબાપુ તરીકે ઓળખાતા આ યોગી ઉત્તર-પ્રદેશમાંથી ફરતા ફરતા અહીં આવીને વસ્યા હતા. ગોદડી જેવું એક વસ્ત્ર પહેરી રાખવાની ધૂનના કારણે લોકો આ યોગીને 'ગોદડિયા બાપુ'ના હુલામણા નામે ઓળખતા-ઓળખાવતા હતા. લોકોની વચ્ચે હરવા ફરવાથી જેમ એમને જામ વિભાના જીવનની ખૂબીઓ જાણવા મળી હતી, એમ ખામીઓ અંગે પણ જાણકારી મળવા પામી હતી. એથી હિતબુદ્ધિથી કેટલીક સાચી-વાતો રજૂ કરવાની તક તેઓ તાકી જ રહ્યા હતા. આવી તક સામેથી આવતાં કર્તવ્ય અદા કર્યાનો સંતોષ અનુભવતા એમને ત્રણેને વિદાય આપતાં કહ્યું કે, 'હેત સાથે હિત સંભળાવવું એ યોગી તરીકે મારી ફરજ છે અને હિતની જ અપેક્ષા રાખવી, એ શ્રોતા તરીકે તમારી યોગ્યતા છે. માટે મારી વાતો ભૂલતા નહિ, જામ વિભા પુત્રની લાલસાથી મુક્ત બનીને પ્રજાને જ પુત્ર સમોવડ માનતા થઈ જાય, તો પ્રસન્નતાનો પારાવાર એમને એ રીતે વીંટળાઈ વળશે કે, પછી કોઈ તત્ત્વ કે બનાવ એમને અપ્રસન્ન નહિ જ બનાવી શકે.'

આશંકિત હૈયે આવેલી ત્રિપુટી વિશ્વસ્ત હૈયે યોગીના ચરણે નમીને જ્યારે જવાની અનુજ્ઞા યાચી રહી, ત્યારે યોગીએ કહ્યું કે, 'સાધુ તો ચલતા ભલા' આ માત્ર કહેવત જ નથી, કથની કરતા આ શબ્દોમાં કરણી વધુ પડઘાઈ રહી છે. આમ છતાં ક્યારેક જિજ્ઞાસુભાવે આવવાની ઈચ્છા થાય, ત્યારે આ બાજુથી પસાર થવાનું બને, તો તપાસ કરજો, જો આપણું મિલન ભાવિને મંજૂર હશે, તો જરૂર મળી શકાશે.'

યોગીની આ વાત શિરોધાર્ય કરીને જામ વિભા ગંતવ્યસ્થળે જવા રવાના થઈ ગયા. એઓ યોગીથી છૂટા પડ્યા હતા, પણ યોગીની સ્મૃતિ એમનો પીછો છોડવા તૈયાર ન હતી, દિવસો સુધી વાર્તાલાપ, હિતશિક્ષા, ચેતવણી, ભવિષ્યવાણી જેવા અનેકરૂપે યોગી એ ત્રિપુટીની પાછળ પાછળ પડછાયો બનીને પ્રવાસ કરતા જ રહ્યા. આ ગેબી ઘટના બન્યા બાદ વર્ષો વીતી ગયા, ધીમે ધીમે યોગીની ભવિષ્ય-વાણી સચ્ચાઈનું સ્વરૂપ ધારણ કરીને જામ વિભાની સમક્ષ વરવી વાસ્તવિકતા બનીને એમના આંખ-અંતરમાં અનુતાપ પેદા કરી રહી હતી. 'અબ પછતાયે હોત ક્યા જબ ચીડિયાં ચુન ગઈ ખેત'ની જેમ હવે પશ્ચાત્તાપ કરવાથી માત્ર આંસુ સિવાય બાજીને બગડતી અટકાવવા જેવી કોઈ ફલશ્રુતિની આશા રાખવી વ્યર્થ હતી. અને પેલા યોગીની સ્મૃતિ પણ હવે તો વિસારે પડી જવા પામી હતી.

આવા દિવસોમાં એક વાર જામ વિભા અને વજીરનો રથપ્રવાસ એ જ માર્ગેથી પસાર થઈ રહ્યો કે, જે રસ્તે વર્ષો પૂર્વે યોગીનો ભેટો થવા પામ્યો હતો. દૂર દૂર પર્ણકુટિ દેખાતા જ વજીરનું મન એ તરફ જવા ઉત્કંઠિત બની ગયું. વજીરની ઉત્કંઠા હોવા છતાં જામ વિભાનું મન યોગીને મળવા એટલું બધું ઉત્કંઠિત નહોતું. કારણ કે યોગીનું ભાવિ સાચું સાબિત થતું જતું હતું. એથી શરમના માર્યા ઝૂકી પડેલું મસ્તક લઈને યોગી સમક્ષ જવા માટે મન માનતું ન હોવાથી જામ વિભાએ કહ્યું : 'વજીરજી ! અત્યારે હવે મોડું થઈ રહ્યું છે. માટે સમય કાઢીને બીજી વાર આપણે જરૂર યોગીનાં દર્શન માટે આવવાનો કાર્યક્રમ ગોઠવીશું. ઉચાટ સાથે જવામાં ને યોગી પાસે બેસવામાં મજા પણ શી આવે ?'

જામ વિભાનો આ પ્રસ્તાવ વજીરજીએ તો સ્વીકારી લીધો. પણ યોગીની આસપાસના માહોલમાં ગુપ્ત રીતે વિલસતી 'યોગશક્તિ' આ પ્રસ્તાવને ક્યાં માન્ય રાખે એમ હતી ? એથી પર્ણકુટિને મૂકીને આગળ

વધી જવાનો રથનો પ્રયત્ન નિષ્ફળ ગયો. એકાએક જ અટકી પડેલા રથને જોઈને વજીર નીચે ઉતરી ગયા. બરાબર તપાસ્યા-ચકાસ્યા બાદ એમણે પણ રથને આગળ ચલાવવાનો વધુ એક પ્રયત્ન કરી જોયો, પરંતુ એમાંય નિષ્ફળતા મળતાં એમને વિચાર આવ્યો કે, યોગીનાં દર્શન મેળવીને પછી રથને આગળ લઈ જવાનો પ્રયાસ કરીશું, તો જ સફળતા મળશે. આ વાતમાં જામ વિભાને પણ સંમત થવું પડ્યું. તેઓ દર્શન માટે પર્ણકુટિમાં પ્રવેશ્યા, ત્યાં જ ગોદડિયા બાપુએ જરાક વ્યંગ્યમાં કહ્યું :

'તમને આગળ જલદી પહોંચવું છે, એ મારા ધ્યાન બહાર નથી. માટે તમારો જેમ બહુ સમય મારે લેવો નથી, એમ તમે મને મળ્યા વિના જવાનો ઈરાદો ધરાવતા હતા, આની પણ મને જાણ હતી, આ વાતની પ્રતીતિ કરાવવા જ તમને અહીં આવવા મેં મજબૂર કર્યા છે. હવે તમે આગળ વધવા ઈચ્છશો, તો રથ સડસડાટ ચાલવા માંડશે.'

યોગીની આ વાત સાંભળીને યોગવિદ્યા પરનો જામ વિભાનો વિશ્વાસ વધુ સજ્જડ બન્યો. યોગીએ જ રજા આપતાં વધુ કંઈ વાત કરવાનો વખત ન આવ્યો, એથી એ જ પળે જામ વિભા યોગીનો ચરણ-સ્પર્શ કરીને વિદાય થઈ ગયા.

ગણતરીના વર્ષો પૂર્વે યોગ-વિદ્યાના કેવા સિદ્ધસાધકોનું આ ભારતમાં અસ્તિત્વ હતું, એની પ્રતીતિ કરાવી જતી આ ઘટનામાંથી એક ધ્વનિ એવો પણ ગુંજિત થઈ રહ્યો છે કે, ભારતનો યોગી આવો નીડર-નિખાલસ અને બાદશાહ જેવાની શેહશરમમાં પણ અંજાઈ ન જતા સામેથી એવી સત્તાને આંજી નાખવા સમર્થ હતો.

## સબળાથી સવાઈ અબળા

## ૧૩

ભૌગોલિક દૃષ્ટિએ દીવ ક્યાં આવ્યું, દમણ ક્યાં આવ્યું અને ગોવા તો વળી ક્યાંનું ક્યાં આવ્યું ? દીવ આવ્યું સૌરાષ્ટ્રમાં ઉના-અજારા પાસે, દમણ આવ્યું વાપી-વલસાડ નજીક અને ગોવા તો આવ્યું મહારાષ્ટ્રમાં છેક રત્નાગિરિ-પણજીની પડોશમાં ! આ રીતે ભૂગોળની દૃષ્ટિએ દીવ-દમણ-ગોવા વચ્ચે કેટલાય માઈલોનું અંતર હોવા છતાં ગુજરાતી ભાષામાં પ્રચલિત એક કટાક્ષ કહેવતે તો જાણે આ શહેરોને જોડિયા ભાઈ હોય, એ રીતે એક જ પંક્તિમાં બેસાડી દીધા છે, એથી 'દીવ-દમણ ને ગોવા ફિરંગી બેઠા રોવા' આટલા શબ્દોનું ઉચ્ચારણ કે શ્રવણ થતાં જ એવો આભાસ થવા પામે કે, આ ત્રણે શહેરો નજીક નજીક એક જ ધરી પર વસ્યાં હોવાં જોઈએ.

'દીવ-દમણ ને ગોવા ફિરંગી બેઠા રોવા' આ લોકોક્તિ કંઈ ફિરંગીઓની ફત્તેહને ફરકાવતી પતાકા નથી, આમાંથી તો ફિરંગીઓની થયેલી ફજેતીનો ફાળકો સૂચિત થાય છે. આ ત્રણે શહેરો કેટલાંય વર્ષોથી ફિરંગીઓના ફરમાનના ફંદાથી ફારગતી ઈચ્છતા હતા, પણ ૧૯૬૦માં કહેવાતી આઝાદી મળતા જ પોર્ટુગીઝોને પારોઠનાં પગલાં ભરવાં પડ્યાં, ત્યારે આઝાદીના ગીત-ગાન લલકારતા એવા શબ્દોથી ગગનનો ગુંબજ ગાજી ઉઠ્યો કે, દીવ-દમણ ને ગોવા, ફિરંગી બેઠા રોવા !

દીવ-દમણ અને ગોવાને ખોવાનો તેમજ રોવાનો વારો ફિરંગીઓ માટે કેમ આવ્યો ? એની પાછળ કેવાં કેવાં પરિબળો ભાગ ભજવી ગયાં ? એમાં પણ અબળા ગણાતી જેઠીબાઈ જેવી એક વ્યક્તિશક્તિનો ફાળો કંઇ રીતે અમર બની ગયો, એ જાણવા જેવું છે. ૧૯૬૦ પૂર્વે આ ત્રણે સંસ્થાનો પર ફિરંગીઓનું શાસન લદાયેલું હતું અને વહીવટી કેન્દ્રનું મુખ્યસ્થાન ત્યારે ગોવા હતું.

પોર્ટુગલના પાંચમા રાજા દો જી આઉ અને રાણી લિસ્બનમાં રહીને ગવર્નર અને સૂબા હસ્તક ત્રણે સંસ્થાનો પર સામ્રાજ્ય ભોગવી રહ્યાં હતાં. આ રાજા-રાણી એટલાં ખરાબ ન હતાં, પણ એમના દ્વારા નિમાયેલ ગવર્નર તરફથી નિયુક્ત સૂબાઓ તો ભારતની પ્રજાને ધર્મભ્રષ્ટ બનાવીને ખ્રિસ્તી બનાવવાની ખેવના ધરાવનારા હોવાથી એવા કાયદાકાનૂન પ્રજા પર લાદતા કે, જેથી શાંતિપ્રિય એવી પણ ભારતીય-પ્રજા અંદરથી ધૂંધવાઈ ઊઠ્યા વિના ન રહેતી. સત્તા સામે અવાજ ઉઠાવવાની હિંમત સૌ હારી ગયા હોવાથી મનમાં ને મનમાં સૌ સમસમી ઊઠતા. ત્યારના કાયદા-કાનૂન મુજબ પ્રજાને પોતાની મરજી એટલે ન્યાય સંગત વાત અરજી રૂપે રાજા-રાણી સમક્ષ પહોંચાડવી હોય, તો તે ગોવાના ગવર્નર દ્વારા જ પહોંચાડવી પડતી. પ્રજાનો પોકાર રજૂ કરતી અરજી ગવર્નરો મરજીમાં આવે, તો જ રાજારાણી સમક્ષ પાઠવતા. પણ પોતાની વિરુદ્ધની અરજી તેઓ લગભગ દબાવી જ દેતા. આમ, સાચી વાત રાજા-રાણી સમક્ષ પહોંચતી જ નહિ, એથી ગવર્નરોના દોરી સંચાર દ્વારા સૂબાઓના નામે ચલાવાતો દમનનો દોર દિવસે દિવસે વધુ ને વધુ ઘોર બની રહ્યો હતો.

એ દિવસોમાં પણ દીવમાં ‘જેઠીબાઈ’ના નામે એક એવી વ્યક્તિ-શક્તિ અસ્તિત્વ ધરાવતી હતી કે, લોકો એને સબળાથી સવાઈ અબળા રૂપે સન્માનતાં. જનતાની જાડી ભાષામાં જેઠીબાઈ ભાયડા છાપ બાયડી હતી, એમ ટૂંકમાં કહી શકાય. દીવમાં વસવાટ હોવા છતાં આસપાસના

અનેક ગામોમાં એમનું આવું જવાંમર્દ-વ્યક્તિત્વ ફૂલની ફોરમની જેમ ફેલાવો પામેલું હતું.

દમનના એ દિવસોમાં ગવર્નરે એવો એક વિચિત્ર કાનૂન પ્રજા પર ઠોકી બેસાડ્યો. જેના જોરે જે બાળકનાં માતપિતા મૃત્યુ પામ્યાં હોય અને એ બાળકનાં જો લગ્ન ન થયાં હોય, તો એનો કબજો સરકાર લઇ લેતી. અને એને ખ્રિસ્તી બનાવી દેતી. પાદરીઓનું પીઠબળ હોવાથી ગવર્નર અને સૂબા દ્વારા આ રીતે બાળકોને વટલાવવાની પ્રક્રિયા ધીમે ધીમે વેગ પકડી રહી હતી. આના કારણે કોઇ ઘરમાં માત-પિતાનું મૃત્યુ થતું તો ઘરમાં કાળો કલ્પાંત અને કકળાટ મચી જતો. હજી તો એ મૃતકની નનામી ઘરમાંથી નીકળી ન હોય, ત્યાં જ સરકારી માણસો બાળકનો કબજો લેવા ખડા થઇ જતા અને રોકકળ કરતા બાળકને બળજબરીથી ઉઠાવી જતા. એમના દિલમાં દયાનો છાંટોય જોવા ન મળતો.

કચ્છ-માંડવીનાં વતની જેઠીબાઇ વર્ષોથી પરિવાર સાથે દીવમાં આવીને સ્થિર થયાં હતાં. આ પરિવાર જાતે બ્રહ્મક્ષત્રિય ગણાતો. અને ખરેખર જાત મુજબ જ બ્રહ્મ-પવિત્રતા અને ક્ષાત્રવટ આ પરિવારને વારસામાં મળેલી. કપડાં પર છાપકામની કાબેલિયત ધરાવતો આ પરિવાર ઓઢણીના વણાટ માટે તો ખૂબ ખૂબ વખણાતો. જેઠીબાઇના માર્ગદર્શન હેઠળ દીવના એમના કારખાનામાં પચાસેક કારીગરો ઓઢણીઓ વણતા અને એની પર એવું મનમોહક છાપકામ કરી જાણતા કે, એ ઓઢણીઓની માંગ ચારેબાજુ રહેતી. ભારત ઉપરાંત વિદેશમાં પણ દીવમાં બનતી ઓઢણીની માંગ વધતાં શરૂઆતમાં તો કારીગરો વધાર્યા અને ઓઢણીનું ઉત્પાદન પણ વધારવામાં આવ્યું. પરંતુ આથી તો ઓઢણીની માંગમાં જબ્બર ઉછાળો આવ્યો. એને પહોંચી વળવા જેઠીબાઇએ અંતે ગોવામાં પણ કારખાનું ખોલવાનો વિચાર કર્યો, જેથી ત્યાંથી વિદેશમાં માલ સહેલાઇથી રવાના કરી શકાય. આ વિચાર

અમલી બન્યા બાદ થોડા જ વખતમાં ગોવાનું કારખાનું પણ ધમધોકાર ચાલવા માંડ્યું.

એક દિવસ દીવના કારખાનામાં કામ કરતો મેઘજી નામનો વિધુર કારીગર મૃત્યુ પામ્યો. અણધાર્યું જ મૃત્યુ થવાથી એનો દીકરો રવજી એક તરફ કાળો કલ્પાંત કરવા લાગ્યો. બીજી તરફ અન્ય સ્વજનો પણ પોક મૂકીને રોવા માંડ્યાં. મેઘજીની પત્ની પાંચેક વર્ષ પૂર્વે ગુજરી ગઇ હતી. સ્વજનો માટે મેઘજીનો સહારો એકાએક છીનવાઈ જતાં હવે તો આવતીકાલની આશા સમો રવજી પણ રાજ્યના માણસો દ્વારા ઝૂંટવાઇ જવાનો હતો, એની ઉંમર અગિયાર વર્ષની હોવાથી એ એટલું તો સમજી જ શકતો હતો કે, પિતૃછાયા ગુમાવનાર પોતાને હવે સ્વજનોની વચ્ચેથી બળજબરીથી રાજ્યના માણસો ઝૂંટવી ગયા વિના નહિ જ રહે. આવો બેવડો આઘાત અનુભવનાર પરિવારને સાંત્વન આપવા જેઠીબાઇ દોડી આવ્યાં. પરિસ્થિતિને પામી જઇને એમણે સૌ પ્રથમ સ્વજનોને કહ્યું કે, મેઘજીને તો કાળ અને કુદરતે જ ઝૂંટવી લીધો છે, આમાં આપણે નિરૂપાય હતા. પણ હવે આ રવજીનું રક્ષણ કરવા તો આપણે સમર્થ છીએ. આ માટે સૌ પ્રથમ તો મેઘજીના મૃત્યુના સમાચાર ગુપ્ત રહેવા જોઇએ, અને બીજી તરફ કાલ બપોર સુધી આ રવજીનાં લગ્ન થઇ જવાં જોઈએ.

બાળલગ્નનો રિવાજ એ કાળે પ્રચલિત હોવા છતાં આટલા ટૂંકા સમયમાં આ કંઇ રીતે શક્ય બને ? એવો સવાલ સાંભળીને જેઠીબાઇએ કહ્યું કે, આ અંગેની બધી જ જવાબદારી મારી પર છોડી દો. પ્રથમ તો મારો આટલો પ્રસ્તાવ સ્વીકાર્ય હોય, તો જ આપણે વાત આગળ ચલાવીએ, નહિ તો પછી એમ માનવું જ પડશે કે, રવજીને આપણે સામે ચાલીને જ સરકારને સોંપી દેવા માગીએ છીએ. આ પ્રસ્તાવ નવો જ હોવા છતાં જેઠીબાઇ પર સૌને વિશ્વાસ હતો. એથી મેઘજીનો શોક વીસરી જઇને સ્વજનોએ આ પ્રસ્તાવ સ્વીકારી લીધો. ગંભીરતા અને

ગમગીનીના સ્થાને સ્વજનોના વિચારોનો કબજો હવે આ પ્રસ્તાવે પચાવી પાડ્યો.

કારખાનામાં કામ કરનારા પરિવારોમાં એક માવજીનો પરિવાર પણ હતો. મેઘજીની નાત સાથે એ સંબંધિત હતો. એના પરિવારમાં એક દીકરી રવજી સાથે પરણાવી શકાય એવી હતી. જેઠીબાઈએ માવજીને કહ્યું કે, તારી દીકરીનાં અને રવજીનાં ઘડિયાં લગ્ન લેવાં પડે એમ છે. તું મારો આ પ્રસ્તાવ સ્વીકારી લે. તો મેઘજી પર મોટો ઉપકાર કર્યો ગણાય. ઘડિયાં લગ્ન લેવા પાછળનું રહસ્ય જાણીને એકવાર તો માવજીને આવો ઉપકાર કરવાનું મન થઈ આવ્યું. પણ એનું કાળજું એક વાતે કચવાતું હતું કે, રવજીનો બચાવ તો થઈ જાય, પણ મારી દીકરીનું ભાવિ શું ? આ કચવાટને દૂર કરવા જેઠીબાઈએ બધી જ જવાબદારી પોતાના શિરે લઈ લેતાં જણાવ્યું કે, આ અંગે તું નિશ્ચિંત રહેજે. તારી દીકરીને હું મારી સમજું છું એમ રવજીનેય મારો સગો દીકરો જ ગણું છું.

આવી બાંયધરી મળતાં જ માવજી રાજીનો રેડ થઈ ગયો. એને થયું કે, મારી દીકરીનું દાન આ રીતે રવજી માટે જીવનદાન બની જતું હોય, તો આથી વળી વધુ રૂડું શું ? ટૂંકી રાતમાં ઝાઝા વેશ ભજવવાના હોવાથી ઘડિયાં લગન લેવાઈ ગયાં. આ લગ્ન બદલ જોવા મળતાં કૃત્રિમ આનંદ ઉપર લગ્ન બાદ તરત જ સાચો શોક છવાઈ ગયો. મેઘજીના અકાળ-મૃત્યુની જાહેરાત થતાં જ અંતિમ સંસ્કાર માટેની તૈયારીઓ થવા માંડી. એટલામાં જ રવજીનો કબજો લેવા ખડા થઈ ગયેલા સરકારી માણસો મીંઢળ-બંધા રવજીને જોતાં જ એકદમ ભોંઠા પડી ગયા. એમને વીલે મોઢે પારોઠનાં પગલાં ભરવાં પડ્યાં.

થોડા દિવસો બાદ આ ભેદ ખુલ્લો પડતાં સૂબો મનોમન જેઠીબાઈ પર સમસમી ઉઠ્યો. પણ કાયદાથી પ્રેરિત બનીને એના માણસો જેમ રવજીનો કબજો લેવા ધસી આવ્યા હતા, એમ કાયદાની લપડાક પડતાં

જ એ માણસોને પાછા ફરવું પડ્યું હતું. એથી સૂબો બીજું તો શું બોલી શકે ?

આ પછીના સમયગાળામાં જેઠીબાઇ દ્વારા અપનાવાયેલો આ વ્યૂહ ઘણા ઘણા માટે માર્ગદર્શક બની રહ્યો. જે પરિવારમાં આવી કટોકટી સરજાવાની શક્યતા જણાતી, ત્યાં પાણી પહેલાં જ પાળ બાંધવાની અદાથી બાળલગ્નનો આશ્રય લેવાવા માંડ્યો. એ અવસરે સૌની નજર સમક્ષ રવજીના ઘડિયાં લગ્ન લેવરાવનાર જેઠીબાઇની સ્મૃતિ સજીવન બની ઉઠ્યા ન રહેતી. પરંતુ જેઠીબાઇને તો આટલેથી જ સંતોષ ન હતો. એમને એવો પાકો વિશ્વાસ હતો કે, દમનના દોરની આ બધી વાતો જો રાજારાણી સમક્ષ અરજીરૂપે લખીને પણ પહોંચતી કરવામાં આવે, તો જરૂર સારું પરિણામ આવે. પણ સણસણતો સવાલ એક જ હતો કે, આવી અરજી ગોવાના ગવર્નર સમક્ષ કોણ રજૂ કરે અને ગોવાના ગવર્નર સમક્ષ રજૂ થયેલી અરજી રાજારાણી સમક્ષ પહોંચતી થાય, એવો સફળ વ્યૂહ કયો ?

જેઠીબાઈમાં જવાંમર્દી હતી, એમ બુદ્ધિમત્તાય હતી. એમણે મનોમન એક વ્યૂહ વિચારી લઇને પછી પોર્ટુગીઝ ભાષાના જાણકાર એક વકીલનો સંપર્ક સાધ્યો. ગવર્નર દ્વારા પ્રજા ઉપર ગુજારાતાં દમનના દોરની વિગતો જણાવીને એમણે વકીલને કહ્યું કે, આ મુદ્દાઓ આવરી લઇને તમારે પોર્ટુગીઝ ભાષામાં એક એવી અસરકારક અરજી લખવાની છે કે, જે વાંચીને રાજા-રાણીનાં દયાળુદિલ હચમચી ઉઠે. આ પ્રસ્તાવ વકીલે સ્વીકારી લીધો. આ રીતની અરજી લખાઇ જાય, એટલા માત્રથી કાર્ય પતી જતું નહતું. પણ આ અરજી ગવર્નર દ્વારા જ લિસ્બનમાં રહેતા રાજા-રાણી સમક્ષ પહોંચતી કરવાની હતી. પોતાની વિરુદ્ધ લખાયેલી અરજીને ગવર્નર લિસ્બન પહોંચાડે, એ તો શક્ય જ નહતું.

ઘણી ઘણી વિચારણાને અંતે જેઠીબાઇને આ સમસ્યાનો ઉકેલ પણ જડી આવ્યો. પોતાને ઓઢણીની કળાનો જે કસબ સિદ્ધ હતો. એના

માધ્યમે જ આ અરજી પહોંચાડવાનો વ્યૂહ એમણે અપનાવ્યો. એક સુંદર-કીમતી ઓઢણી તૈયાર કરાવીને જેઠીબાઈએ એ ઓઢણી પર પોર્ટુગીઝ-ભાષામાં લખાયેલી અરજી અક્ષરાંકિત કરાવી દીધી. આ પછી ઓઢણીની આજુબાજુ પારદર્શી કપડું વીંટાળી દઈને એવી રીતે ટકાઉ ટાંકા લેવરાવ્યા કે, બહારથી ઓઢણીની ભાત બરાબર દેખાય, પણ એની અંદર લખાયેલી અરજીનો એકાદ અક્ષર પણ વાંચી ન શકાય.

આ રીતે બરાબર પૂર્વ તૈયારી કરી લઈને પછી જેઠીબાઈ ગોવા પહોંચી ગયાં. હવે ગવર્નર સમક્ષ તેઓ એ રીતે પહોંચવા માંગતાં હતાં કે, સૌ એમને આશ્ચર્યચકિત આંખે જોતા જ રહે અને ખુદ ગવર્નર પણ જેઠીબાઈને મુલાકાત આપવાપૂર્વક શાંતિથી એમની વાતો સાંભળે ! ઓઢણીમાં અરજી અંકિત કરવાનો વ્યૂહ ઘડી કાઢનારાં જેઠીબાઈ માટે તો આ રીતે ગવર્નર સમક્ષ પહોંચવા માટેની વ્યૂહ-રચના કરવી ક્યાંથી કઠિન હોય ?

❖

દીવ શહેરની જનતા માટે જેઠીબાઈ ઓઢણીના કારખાનાના કારણે જ પ્રખ્યાત ન હતાં, પણ વધુ તો જવાંમર્દી અને બુદ્ધિમત્તાના કારણે જ વધુ વિખ્યાત હતાં. જ્યારે ગોવામાં તેઓ એ કારણે જ પ્રખ્યાત હતા કે, એમના કારખાનામાં તૈયાર થતી ઓઢણીઓની વિદેશમાં પણ ઠીકઠીક માંગ રહ્યા કરતી હતી. આવું કારખાનું ધરાવતાં જેઠીબાઈને ગોવામાં આવેલાં જાણીને લોકો એમને જોવા માટે ટોળે વળવા માંડ્યાં. એમનું વ્યક્તિત્વ, એમની બોલચાલ, એમનો ચહેરો : આ બધાથી પ્રભાવિત ગોવાની પ્રજાને એ વાતની જ્યારે જાણકારી મળી કે, દીવમાં ફિરંગી સૂબા દ્વારા દમનનો જે દોર ચાલી રહ્યો છે, એની વિરુદ્ધમાં અવાજ ઉઠાવવા, જ જેઠીબાઈએ દીવથી છેક ગોવા સુધી આવવાની અને ગવર્નર સમક્ષ ગર્જના કરવાની હિંમત કરી છે, ત્યારે સૌ એમની જવાંમર્દીનો જયજયકાર કરી રહ્યા અને ગવર્નર સમક્ષ હાજર થવા માટે જ્યારે

કારખાનાથી તેઓ રવાના થયાં, ત્યારની એમની અનોખી-અદા જોવા માટે તો મોટું ટોળું એકઠું થઈ ગયું.

એ ટોળાંની આગેવાની લેનાર જેઠીબાઈના માથે એક સગડી સળગી રહી હતી, તો હાથે મશાલ જલી રહી હતી. સૌના મનમાં સવાલ હતો કે, અરજી રજૂ કરવા જવા માટેની આ કેવી વિચિત્ર અદા ને વિલક્ષણતા ! ટોળું જેમ જેમ આગળ વધતું ગયું, એમ એમ આ ભીડમાં ભરતી આવતી ગઈ. ગવર્નરના કાર્યાલય સુધી જેઠીબાઈ પહોંચે, એ પૂર્વે તો ગવર્નર પાસે આ બધા સમાચાર પહોંચી જતાં તેઓ પણ આશ્ચર્યકારી આંખે જેઠીબાઈની પ્રતીક્ષા કરવા માંડ્યા. કાર્યાલયમાંથી બારી વાટે એમની નજર બહાર ગઈ, તો જેઠીબાઈની વિચિત્ર અદા અને એમની પાછળ જંગી ભીડ જોઈને તેઓ દિંગ રહી ગયા. પોતાની પાસે આ રીતે અરજી કરવા આવવાની કોઈ હિંમત કરે અને એ વ્યક્તિ વળી પાછી નારી હોય, એ એમને અશક્ય ને અસંભવિત જેવું જ જણાતું હતું. એથી જેઠીબાઈ જ્યારે પોતાની સમક્ષ ખડા થઈ ગયા, ત્યારે એમના તરફથી પહેલો જ પ્રશ્ન થયો : માથે સગડી શા માટે ? અને હાથે ધોળે દહાડે જલતી મશાલ મા માટે ?

"ફિરંગી ફરમાનોની ફજેતીભરી ફલશ્રુતિ દર્શાવવા જ ! મને લાગ્યું કે મારી અરજી જેવી સચોટ અસર નહિ નિપજાવી શકે, એવી સચોટ અસર આ સળગતી સગડી અને જલતી મશાલ જ પેદા કરી શકશે."

આટલો જવાબ વાળ્યા બાદ જેઠીબાઈએ મૌનનો આશ્રય લીધો, ત્યારે ગવર્નરે વિગતવાર જાણવાની જિજ્ઞાસા દર્શાવતા ફિરંગી શાસન દ્વારા પ્રજા પર દમનનો જે દોર ચલાવાઈ રહ્યો હતો, એને દિલને અપીલ કરી જાય, એ રીતે જેઠીબાઈએ વિગતવાર વર્ણવીને ઉપસંહારરૂપે એટલું જ કહ્યું કે, ગવર્નર સાહેબ ! દીવમાં ફિરંગી સત્તાનો સૂર્ય ઝગમગતો હોવા છતાં પ્રજા સો મણ તેલે અંધારું જેવી સ્થિતિ અનુભવે છે અને

મશાલની પ્રતીક્ષા કરી રહી છે. માત-પિતા-વિહોણાં બાળકોનો કબજો લઈ લઈને સરકાર એમને પાદરીઓને સુપરત કરે છે, એને વટલાવવા દ્વારા નવી પેઢીને ખ્રિસ્તી બનાવાઈ રહી છે, આના કારણે પ્રજાના દિલ-દિમાગ જે અંતસ્તાપ અનુભવી રહ્યા છે, એ અંતસ્તાપને સળગતી આ સગડી વાચા આપે છે.

કકળતી આંતરડીપૂર્વક દદળતા દિલે જેઠીબાઈ દ્વારા જે કંઈ કહેવાયું, એ સાંભળી લઈને ગવર્નરે માત્ર એટલો જ જવાબ વાળ્યો કે, આ બધા મુદ્દાઓ પર ઘટતી તપાસ કર્યા બાદ યોગ્ય પગલાં લેવામાં આવશે. ટાઢાબોળ પાણી જેવો આ જાતનો જવાબ અપેક્ષિત ન હતો. પણ આ શબ્દો કાને પડતા જ જેઠીબાઈએ જવાંમર્દીપૂર્વક કહ્યું કે, અંધારે અથડાતી-કુટાતી દીવની જનતાને મશાલની પ્રતીક્ષા છે અને અન્યાયી કાયદા-કાનૂનના કારણે અનુભવાતો સગડી જેવો અંતસ્તાપ શમાવવા દીવની જનતા ન્યાયી-શાસનનો અમૃતાભિષેક ઝંખી રહી છે. માટે આ અંગે આપ જરૂર ત્વરિત પગલાં લેશો, એવો અમને સૌને વિશ્વાસ છે. ગવર્નર તરીકે આપને મારી બીજી પણ એક વિનંતિ છે : મહારાણીને ભેટણાં તરીકે પાઠવવા હું આ એક ઓઢણી લઈને આવી છું અને આપને સુપરત કરી રહી છું. કૃપા કરીને આ ભેટણું વહેલી તકે મહારાણીને પહોંચાડવા વિનંતિ.

જેઠીબાઈનું ભેટણું હાથમાં લઈને ગવર્નરે જવાબ વાળ્યો કે, મારા કાળજાની કોરની જેમ જાળવીને આ ભેટણું વહેલી તકે લિસ્બન પહોંચાડી દઈશ. આ વિષયમાં તમે નચિંત અને નિશ્ચિંત બની જશો.

આટલો જવાબ મળતાં જ જેઠીબાઈના આનંદનો પાર ન રહ્યો. કારણ કે એમના દિલમાં શ્રદ્ધા-વિશ્વાસ-આશાનો એવો દીવડો જલી રહ્યો હતો કે, દયાળુ રાણી સાહેબાનું દિલ મારી અરજી વાંચીને પીગળી ઉઠ્યા વિના નહિ જ રહે અને એની ફલશ્રુતિ રૂપે અન્યાયી ફિરંગી-ફરમાનોના ફુગ્ગાને ફૂટી જ જવું પડશે. આ જાતના અડોલ-અટલ

વિશ્વાસ સાથે જેઠીબાઇ દીવ તરફ પાછાં ફર્યાં. અરજીનું પ્રતિનિધિત્વ અદા કરતી એમની ઓઢણી ભેટણાં-રૂપે રાજા-રાણીના હાથમાં સમર્પિત થઇ. ઓઢણીના પોત ઉપરાંત ભાત જોઇને રાણીસાહેબા તો ખુશ ખુશ બની ગયાં. પણ જ્યાં એમની નજર ઓઢણીમાં અક્ષરાંકિત બનેલી અરજી પર ગઇ, ત્યાં જ તેઓ સ્તબ્ધ બની ગયાં. ગવર્નર દ્વારા ચલાવાતા દમનના દોરની વિગતો વાંચીને એમની આંખ લાલઘૂમ બની ઉઠી. વિના વિલંબે એ અરજીની વાતો અમલી બને, એ માટે દીવના સૂબા પર અન્યાયી-કાયદા રદ કરવાનો હુકમ છૂટ્યો અને આવી બાબતો અંગે ગોવાના ગવર્નર પાસે ખુલાસો માંગવામાં આવ્યો.

ઓઢણીમાં અક્ષરાંકિત અરજીને આવી સફળતા મળવા બદલ દીવ ઉપરાંત દમણ અને ગોવામાં પણ હર્ષ છવાઇ ગયો. જેઠીબાઇને મળેલી ધારણાતીત સફળતાની વાતો ફેલાતાં જ એમનાં માનપાન અને સ્થાનમાન વધી ગયાં, આટલું જ નહિ, હિંમતભેર આવી અરજી કરનારી એક નારી તરફ રાજા-રાણી ઓવારી ઉઠ્યાં. લિસ્બનથી થયેલ હુકમ અનુસાર આવી બહાદુર-નારીને દીવ ખાતે ૨૧ તોપોની સલામી આપવામાં આવી. તદુપરાંત જેઠીબાઇના ઘર આગળના રોડને 'જેઠીબાઇ રોડ' આવું નામ આપવામાં આવ્યું. દર રવિવારે એમના ઘર આગળ બેન્ડની સલામી આપવાનો હુકમ થયો તથા ૧૯૩૮માં દીવની સીટી બસસેવાને 'જેઠીબાઇ ટ્રાન્સપોર્ટ' આ નામ આપવામાં આવ્યું. જેઠીબાઇના કારખાના આગળથી પસાર થતા સરકારી-અમલદારોને માથેથી હેટ ઉતારીને પછી જ આગળ વધવાનો હુકમ પણ અમલી બનાવાયો.

આ બધી કાર્યવાહી રાજારાણીએ લિસ્બનથી પોતાના અગત્યના સંદેશા સાથે માર્શલ કામોનને દીવમાં પાઠવીને પાર પાડી. ઇતિહાસની નોંધ મુજબ પોર્ટુગલના પાટનગર લિસ્બન શહેરના રાષ્ટ્રીય-મ્યુઝિયમમાં આજેય એ ઓઢણી અને એ લખાણ વાંચવા મળે છે કે- 'યાન દ. જેઠી' અર્થાત્ જેઠીબાઇની ઓઢણી સાંભળવા મુજબ દીવની સીટી બસ સેવા

આજેય 'જેઠીબાઈ ટ્રાન્સપોર્ટ' તરીકે ઓળખાય છે. ૧૯૬૦માં પોર્ટુગીઝોને ઉચાળા ભરવાનો વારો આવ્યો અને કહેવાતી આઝાદી મળતા 'દીવ-દમણ ને ગોવા, ફિરંગી બેઠા રોવા' આવી કહેવત પ્રચલિત બની. આજેય આ પ્રદેશ ગુજરાત ને મહારાષ્ટ્રમાં આવેલો હોવા છતાં 'કેન્દ્રશાસિત' તરીકેનો અલગ દરજ્જો ભોગવે છે.

આજે ધર્મ અને કર્મના ક્ષેત્રે ઘણી ઘણી બાબતો અંગે બગાવતનું બ્યૂગલ ફૂંકવું જરૂરી હોવા છતાં-સત્તા આગળ શાણપણ શા કામનું ? આભ ફાટ્યું હોય ત્યાં થીગડું દેવાથી શું ? લોકની આગળ એકનું શું ચાલે ? આ જાતની કહેવતોનો આશ્રય લઈને કાયરતાનો કોથળો ઓઢીને કુંભકર્ણની જેમ સોડ તાણવાની વાતોનાં વડાં જ તળનારા અને વધારનારાઓએ જેઠીબાઈના આ પ્રસંગમાંથી જ જ્વલંત જવાંમર્દી, તેજીલો તરવરાટ અને જેની ખરી કિંમત છે, એવી હિંમત : આ બધાનો બોધપાઠ લેવા જેવો નથી શું ?




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

सूरिण दुरीकय कुग्गठाणं
नमो नमो सूर समप्पठाणं ।
सद्दसणाणं समायराणं
अखंड छत्तीस गुणायराणं ॥

કુગ્રહોને દૂર કરનારા, સૂર્યસમાન પ્રભાવ ધરનારા સમ્યગ્દર્શન તથા સમ્યગ્ આચારથી યુક્ત અને અખંડ છત્રીસ ગુણોના ખાણભૂત આચાર્ય ભગવંતોને વારંવાર નમસ્કાર થાઓ.



કમળ જેવા નિર્લેપ

પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન સુરત